
gujaratvandan.com



મનોજની સલાહ: કલાકારની ફી અંગે જાહેરમાં ફરિયાદ ટાળો સ્ટાર સાથે સીધી વાત કરો

પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 4 ઓગસ્ટ 2024

અષાઢ વદ અમાસ, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 15 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**સુવિચાર**

સાચી જગ્યાએ કરેલું કર્મ માણસનું વર્તમાન અને ભવિષ્ય બંને સુધારે છે..!!!


## ન્યૂઝ બ્રિફ

### અગ્નિવીરોને ITBPમાં પણ મળશે અનામતનો લાભ



નિવૃત્ત અગ્નિવીરોના ભવિષ્ય માટે કેન્દ્ર સરકારે એક પછી એક જાહેરાતો કરવાની શરૂઆત કરી દીધી છે. હવે આઈટીબીપીમાં ભરતી દરમિયાન નિવૃત્ત અગ્નિવીરોને છૂટ અપાશે. આ એલાન આજે ગૃહ મંત્રાલય તરફથી કરવામાં આવ્યું હતું. અગાઉ ગૃહ મંત્રાલયે જાણકારી આપી હતી કે પૂર્વ અગ્નિવીરોને BSF, CISF, CRPF, SSB અને RPF ની નોકરીમાં 10 ટકા અનામત આપવામાં આવશે. સાથે જ તેમની વયજૂથમાં પણ છૂટ અપાશે. ગૃહ મંત્રાલયના એક ટ્વિટમાં ITBP ના ડીજી રાહુલ રસગોત્રાએ કહ્યું કે ભૂતપૂર્વ અગ્નિવીરોને ITBP માં ભરતી કરવાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે.

### સગીરે કાર સ્ટંટ કરતાં મહિલાનું મોત, એક અન્યની હાલત નાજુક



ઉત્તર પ્રદેશના કાનપુરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં સગીર છોકરો કાર ચલાવતી વખતે સ્ટંટ કરતો હતો. આ દરમિયાન કાર કાબૂ બહાર ગઈ હતી અને સ્કૂટર પર સવાર એક મહિલા અને તેની 12 વર્ષની પુત્રીને ટક્કર મારી હતી. આ ઘટનામાં મહિલાનું મોત થયું છે. દીકરીની હાલત નાજુક છે. આ ઘટનાનો એક ભયાનક વીડિયો સામે આવ્યો છે. કારમાં બે છોકરાઓ અને બે છોકરીઓ હતા, જે તમામ સગીર હોવાનું કહેવાય છે.

### 300 લોકોના મોત બાદ વાયનાડને મળશે ગ્રીન પ્રોટેક્શન...



વાયનાડમાં ભૂસ્ખલનને કારણે તબાહી સર્જાઈ છે, અત્યાર સુધીમાં 300થી વધુ લોકોના મોત થયા છે અને 100થી વધુ લોકો ગુમ છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રીએ હવે પશ્ચિમ ઘાટને ઈકોલોજિકલ રીતે સેન્સિટિવ એરિયા (ESA) તરીકે જાહેર કરવા માટે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડ્યું છે, જેમાં વાયનાડના ગામોનો પણ સમાવેશ થાય છે.વાયનાડમાં ભૂસ્ખલનથી 300 થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ઘણા લોકો હજુ પણ લાપતા છે, આ દુર્ઘટના પછી સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કે જે ઈકોલોજિકલ સેન્સિટિવ એરિયા (ESA) તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




### ઓલિમ્પિક્સમાં મનુ ભાકર-સરબજોત સિંહના કોચને ડિમોલિશનની નોટિસ મળી



■ મંત્રાલયની પેટાકંપનીએ અન્ય રહેવાસીઓને પણ આપી છે નોટિસ

ગુજરાત | વંદન

ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર અને સરબજોત સિંહના કોચ સમરેશ જંગ શુક્રવારે પેરિસ ઓલિમ્પિકમાંથી પરત ફર્યા ત્યારે તેમને તેમનું ઘર તોડી પાડવાની નોટિસ મળી હતી. ઓલિમ્પિયન અને અર્જુન એવોર્ડ વિજેતા જંગનું ઘર સિવિલ લાઈન્સ વિસ્તારના ખૈબર પાસ વિસ્તારમાં છે. તેને વિસ્તારના અન્ય રહેવાસીઓ સાથે નોટિસ મળી છે. હાઉસિંગ મંત્રાલયની પેટાકંપની લેન્ડ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ (LNDO) એ રહેવાસીઓને નોટિસ જારી કરી છે,

જેમાં જણાવ્યું છે કે જે વિસ્તાર અને જમીન પર આ વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે તે સંરક્ષણ મંત્રાલયની માલિકીની છે.એલડીએનઓએ કહ્યું છે કે ખૈબર પાસ વિસ્તારમાં બાંધવામાં આવેલા મકાનો અને અન્ય બાંધકામો ગેરકાયદેસર રીતે બનાવવામાં આવ્યા છે. મીડિયા સાથે વાત કરતા સમરેશ જંગે કહ્યું, 'આ તેમની યોજનામાં છે અને મને તેની જાણ પણ નથી. તેઓએ સમગ્ર વસાહતને ગેરકાયદેસર જાહેર કરી છે.

**નવી વ્યૂહ રચના: ઈડીના દરોડાની વાત અડધી રાત્રે ટ્વીટ કરીને સરકારને ઉજાગરા કરાવ્યાં... કોંગ્રેસ કોઇ જબ્બર પીઆર એજન્સીની સેવા લઇ રહી છે**

# રાહુલે "પેપર"લીક કર્યુ કે પાણી પહેલા પાળ બાંધી?

■ શું રાહુલના રાજકીય પ્રહારરૂપી ચક્રવ્યૂહમાં સરકાર અને ભાજપ ફસાઈ રહી છે?

ગુજરાત | વંદન

કોઈ ગમે તે કહે પણ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા(એલઓપી) બનતા એક રીતે સરકારનો એક ભાગ બની જતાં તેમનામાં કોઈ જબરજસ્ત રાજકીય પરિપક્વતા આવી છે કે પછી કોઈ પીઆર એજન્સીની સલાહ પ્રમાણે ચાલી રહ્યાં હોય તેમ તેમણે ટેકાવાળી એનડીએ સરકારને ઉજાગરા કરાવવાનું શરૂ કર્યું છે.

1 ઓગસ્ટની રાત્રિએ 1. 52 મિનિટે તેમણે ટ્વીટ કરીને ચક્વયૂહનો પાસો ફેંક્યો કે લોકસભામાં તેમણે સરકાર અને ભાજપની સામે આપેલા ચક્રવ્યૂહવાળા ભાષણના પગલે સરકારમાં નંબર 1 અને 2માંથી કોઈને તે ગમ્યુ નથી અને તેને ઈડીની અંદરથી માહિતી મળી છે કે તેમના પર ઈડીના દરોડા પાડવાનું ચાલી રહ્યું છે. પણ તેઓ ડરતા નથી અને ઈડીના અદિકારીઓનું ખુલ્લાહાથે સ્વાગત કરવા અને તેમને ચા બિસ્કુટ ખવડાવવા તૈયાર છે...! અડધી રાત્રે રાહુલના આ ટ્વીટથી દેખીતી રીતે જ સમગ્ર આઈબી તંત્ર અને સરકારને રાતોરાત તેનો જવાબ કઈ રીતે આપવો તેની રણનીતિ ઘડવાની ફરજ પડી હતી. જો કે રાહુલને આપેલા જવાબમાં સરકારે કે ભાજપે એમ કહ્યું નથી કે દરોડા પડવાની વાત ખોટી છે અને કોઈ દરોડા પડવાના નથી..એમ કહ્યું નથી પણ રાહુલને ઉંઘ આવતી નથી તેથી અડધી રાત્રે અફવાઓ ફેલાવે છે...એવો વલથો જવાબ આપ્યો છે. જો કે રાહુલના ટીવીટના પગલે ઈન્ડિયા ગઠબંધનના સાથીઓએ સરકાર અને ભાજપ પર પ્રહારો કરીને રાહુલ પર કંઈપણ થઈ શકે છે એમ કહીને રાહુલને કાંઇ થયું તો તેના માટે સરકાર જવાબદાર ગણાશે એવો સંદેશો પણ બીટવીન ધ લાઈનમાં આપી દીધો છે.

દીલ્હીના રાજકારણમાં હલચલ એ છે કે સરકારે રાહુલને હવે ગંભીરતાથી લેવો પડી રહ્યો છે. સંસદમાં કે સંસદની બહાર તેમના દરેક નિવેદન પર સરકાર અને ભાજપની નજર હોવાનું મનાય છે. પણ ચર્ચા એ પણ છે કે રાહુલે આવી ટ્વીટ કેમ કરી અને તે પણ અડધી રાત્રે...?

રાજકીય નિરિક્ષકો આ અંગે વાતને સમજાવતા કહે છે કે એક તો રાહુલ એનડીએ સરકારને શાંતિથી રાજ કરવા દેવા માંગતા નથી. તેથી લડાયક મિજાજમાં પ્રહારો કરી રહ્યાં છે.

### કાયદો કાયદાનું કામ કરશેઃ સરકાર




સરકારે આ અંગે એવો વળતો પ્રહાર કર્યો છે કે કાયદો કાયદાનું કામ કરશે. ગાંધી પરિવાર કે કોઈ પણ દોષિત હશે તો તેમના પર ઈડીકે કોઈ પણ તપાસ એજન્સી યોગ્ય કાર્યવાહી કરી શકે છે, આ અગાઉ ઈડીએ ગાંધી પરિવારના સદસ્યોને પૂછપરછ માટે બોલાવાયા છે અને કેસમાં જરૂર પડે તો ફરીથી કોઈને પણ બોલાવી શકે છે રાહુલ અડધી રાત્રે અફવાઓ ફેલાવે છે જે તેમની હતાશા ,નિરાશા જણાવે છે .

### જ્યારે રાહુલની થઈ 55 કલાક પૂછપરછ



જૂન ૨૦૨૨માં આ અગાઉ નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગાંધી પરિવારના સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને નોટિસ મોકલી હતી . તે સમયે રાહુલને 2 જૂને જ્યારે સોનિયાને 8 જૂને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા .રાહુલના દવા પ્રમાણે ઈડીએ ૫૫ કલાક સુધી તેમની પૂછપરછ કરી હતી જ્યારે સોનિયાની ૩-૪ કલાક પૂછપરછ થઈ હતી . આ કેસ ભાજપના પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ દ્વારા કરવામાં આવ્યો છે.

### એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના 2022 સુધીની કામગીરી..

માર્ચ 2023માં નાણા મંત્રાલયે લોકસભામાં જણાવ્યું હતું કે 2004થી 2014 સુધીમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે 112 સ્થળો પર દરોડા પાડ્યા હતા અને 5,346 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. તે જ સમયે, 2014 થી 2022 સુધીની મોદી સરકારના 8 વર્ષ દરમિયાન, એજન્સીએ 3,010 દરોડા પાડ્યા હતા. આ દરોડામાં લગભગ 1 લાખ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી. છેલ્લા 8 વર્ષમાં રાજકીય લોકો વિરુદ્ધ EDના કેસમાં ચાર ગણો વધારો થયો છે. ED 2014 થી 2022 વચ્ચે 121 મોટા રાજકારણીઓ સાથે સંબંધિત કેસની તપાસ કરી રહી છે. જેમાંથી 115 નેતાઓ વિરોધ પક્ષના છે. તે જ સમયે, 2004 થી 2014 સુધીના 10 વર્ષમાં EDએ 26 નેતાઓની તપાસ કરી હતી. જેમાંથી 14 નેતાઓ વિરોધ પક્ષના હતા.

### પ્રિયંકા ગાંધીનું નામ પણ સામેલ



ડિસે. 2023માં EDએ હરિયાણાના ફરીદાબાદમાં જમીન ખરીદવા સંબંધિત મામલામાં ચાર્જશીટમાં પ્રિયંકા ગાંધીનું નામ સામેલ કર્યું છે. ચાર્જશીટમાં તેમના પતિ રોબર્ટ વાડ્રાના નામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે ચાર્જશીટમાં પ્રિયંકાનું નામ અને રોબર્ટ વાડ્રાના નામનો આરોપી તરીકે સમાવેશ કરવામાં આવ્યો નથી. 'પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ' (PMLA) સંબંધિત કેસની ચાર્જશીટમાં કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે

## USના ઇતિહાસમાં રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે પ્રથમ અશ્વેત મહિલા કમલા હેરિસ..

■ અમેરિકામાં 5 નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાશે

ગુજરાત | વંદન




ભારતીય મૂળના કમલા હેરિસ અમેરિકાની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ સામે ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર હશે. ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવા માટે ચાલી રહેલી ચૂંટણીમાં તેમણે જીત માટે જરૂરી ડેલિગેટ્સની સંખ્યાનું સમર્થન મેળવ્યું છે.

ડેમોક્રેટિક નેશનલ કમિટીના અધ્યક્ષ જેમી હેરિસને શુક્રવારે કહ્યું કે કમલાને 4 હજાર પ્રતિનિધિઓમાંથી બહુમતી મત મળ્યા છે. 1 ઓગસ્ટથી મતદાન શરૂ થયું છે અને 6 ઓગસ્ટ સુધી ચાલશે. ત્યાર બાદ જ તેમની જીતની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

જેના પરથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે કમલા રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ સામે ચૂંટણી લડશે. રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડનારી તે અમેરિકાની પ્રથમ અશ્વેત મહિલા અને દક્ષિણ એશિયાની મહિલા હશે.

ચૂંટણીમાં બહુમતી મત મેળવ્યા બાદ કમલાએ કહ્યું કે હું સન્માનની લાગણી અનુભવી રહી છું. હું આવતા અઠવાડિયે સત્તાવાર રીતે નોમિનેશન સ્વીકારીશ.રાષ્ટ્રપતિ પદ માટે કમલાની ઉમેદવારીની સત્તાવાર જાહેરાત બાદ તેઓ નવેસરથી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. અમેરિકામાં 5 નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. આવતા વર્ષે જાન્યુઆરીમાં પરિણામ જાહેર થશે.

## રાકેશ શર્મા બાદ હવે શુભાંશુ શુકલા જશે અંતરીક્ષમાં : ઈસરો

■ સ્પેસ સ્ટેશન માટે મુખ્ય અંતરીક્ષયાત્રી તરીકે પસંદગી

ગુજરાત | વંદન



ભારત-યુએસ સ્પેસ મિશન માટે ભારતે તેના મુખ્ય અવકાશયાત્રીની પસંદગી કરી છે. ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા આ મિશનના મુખ્ય અવકાશયાત્રી હશે. ઈસરોએ કહ્યું કે કેપ્ટન પ્રશાંત નાયરની પણ આ મિશન માટે પસંદગી કરવામાં આવી છે. તે બેકઅપ તરીકે તેનો ભાગ બનશે.નોંધનીય છે કે આ અગાઉ રાકેશ શર્માને ભારત તરફથી અંતરીક્ષમાં જવાની તક મળી હતી અને તેમનું નામ ભારતના પ્રથમ અંતરીક્ષ યાત્રી તરીકે જોડાયેલું છે.

શુભાંશુ ક્યારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) જશે તેની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. જો કે આ મહિનાના પહેલા અઠવાડિયાથી બંનેની ટ્રેનિંગ શરૂ થશે.

ISROએ જણાવ્યું હતું કે હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર (HSFC) એ ISS પર તેના આગામી Axiom-4 મિશન માટે યુએસ સ્થિત Axiom Space સાથે સ્પેસ ફ્લાઈટ એગ્રીમેન્ટ (SFA)માં પ્રવેશ કર્યો છે.ઈસરોએ કહ્યું, '4 ગગનયાત્રીમાંથી નેશનલ મિશન એસાઈનમેન્ટ બોર્ડે શુભાંશુ અને પ્રશાંતની પસંદગી કરી છે.

## હિમાચલમાં ભીષણ પૂરમાં વહી ગયેલા 36 લોકોનો કોઈ પત્તો નથી

ગુજરાત | વંદન

બુધવારે મધ્યરાત્રિએ વાદળ ફાટવાને કારણે રામપુર બુશાહરના સમેજ ખાડમાં આવેલા ભીષણ પૂરમાં વહી ગયેલા 36 લોકોનો પત્તો બીજા દિવસે પણ મળી શક્યો નથી. શુક્રવારે સવારે 5 વાગ્યાથી સ્થાનિક પ્રશાસન, NDRF, SDRF, પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ, હોમગાર્ડ, ITBP, BIALના ભારતીય સૈન્યના જવાનો વરસાદમાં પણ કોતરની આસપાસ અને કાટમાળમાં ગુમ થયેલા લોકોની શોધખોળ કરતા રહ્યા, પરંતુ સાંજ સુધી કોઈ સફળતા મળી નથી. સાથે જ ગુમ થયેલા લોકોના પરિવારજનો અને સગાસંબંધીઓ પણ તેમના પ્રિયજનોની શોધખોળ કરતા હતા.

## લખનઉમાં મહિલાની છેડતીના મામલે પોલીસ સ્ટેશનનો આખો સ્ટાફ સસ્પેન્ડ

■ ડીસીપી, એડીસીપી, એસીપીની બદલીઓ કરાઇ

ગુજરાત | વંદન



ઉત્તર પ્રદેશના પાટનગર લખનઉના ગોમતીનગરમાં બાઈક પર જતી એક મહિલા પર વરસાદી પાણી છાંટી તેની છેડતી કરનારા એક ટોળાં સામે કોઈ પગલાં નહીં ભરવા બદલ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોલીસ અધિકારીઓ સામે ગુસ્સે ભરાયા હતા. તેમણે આ ઘટનામાં ડીસીપી, એડીસીપી, એસીપીની ટ્રાન્સફર કરી દીધી હતી અને આખી પોલીસ ચોકીના સ્ટાફને સસ્પેન્ડ કરી દીધો હતો.

લખનઉના ગોમતીનગર વિસ્તારમાં ભારે વરસાદના કારણે પાણી ભરાઈ ગયા હતા, જેના પગલે રસ્તા પર કેટલાક યુવાનોનું ટોળું રસ્તા પરથી પસાર થતા વાહનો પર પાણી ઉડાડતું હતું. યુવાનોના આ ટોળાએ રસ્તા પરથી પસાર થતી એક બાઈકમાં પાછળ બેઠેલી મહિલા પર પાણી ઉછાળ્યું હતું. એટલું જ નહીં તેમણે મહિલાને બાઈક પરથી નીચે પાડી દીધી હતી અને તેની છેડતી કરી હતી.આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જો કે, આ ઘટના પછી ગોમતીનગર પોલીસ સ્ટેશને યુવાનો વિરુદ્ધ હળવી કલમો સાથે એફઆઈઆર નોંધી હતી.

## આ વખતે અમે સમગ્ર ઈઝરાયલમાં તબાહી મચાવીશું : ઈરાનની ધમકી

■ આ વખતે હુમલો મોટો અને ખતરનાક હશે

ગુજરાત | વંદન

તેહરાનમાં હમાસના વડા ઈસ્માઈલ હાનિયાના મૃત્યુથી ઈરાન આઘાતમાં છે. હુમલા બાદ ઈરાન સતત ચેતવણીઓ આપી રહ્યું છે. એક મીડિયા સંસ્થાએ પોતાના લેખમાં કહ્યું છે કે આ વખતે ઈઝરાયેલના આંતરિક વિસ્તારોને નિશાન બનાવવામાં આવશે. લેખમાં કહેવામાં આવ્યું છે કે અગાઉના હુમલાની જેમ આ વખતે ટાર્ગેટ મોટો હશે અને તેલ અવીવ અને હૈફા જેવા શહેરોને નિશાન બનાવવામાં આવશે.સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેની દ્વારા સંચાલિત અખબાર કાયહાનમાંના લેખમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે છેલ્લી વખતના ઓપરેશન ઈરાને માત્ર કેટલાક લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા, ત્યારે આગામી ઓપરેશનમાં ઈઝરાયેલના આંતરિક ભાગો જેવા કે તેલ અવીવ અને હાઈફા, વ્યૂહાત્મક કેન્દ્રો અને હત્યાઓને નિશાન બનાવવામાં આવશે. હાનિયા સામેલ ઈઝરાયલી અધિકારીઓના ઘરોને નિશાન બનાવશે. લેખમાં કહેવામાં આવ્યું છે કે આ વખતે હુમલો મોટો અને ખતરનાક હશે, જેને રોકવો પણ મુશ્કેલ હશે. ઈઝરાયેલની સુરક્ષા માટે અમેરિકા યુદ્ધજહાજ અને ફાઈટર એરક્રાફ્ટ તૈનાત કરાશે.

## કાશ્મીરમાં હવે આસામ રાઈફલ્સની 2 બટાલિયન તૈનાત કરાશે

■ આતંકવાદી ઘટનાઓ વધતાં કેન્દ્રનો મોટો નિર્ણય

ગુજરાત | વંદન

તાજેતરમાં, સુરક્ષા ગ્રીડને મજબૂત કરવા માટે જમ્મુ ક્ષેત્રમાં 3000 વધારાના આર્મી જવાનો અને 2000 BSF જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે લગભગ 40-50 પ્રશિક્ષિત પાકિસ્તાની આતંકવાદીઓ ડોડા, રાજૌરી, પૂંચ, ઉધમપુર અને અન્ય સ્થળોના ઉપરના વિસ્તારોમાં છુપાયેલા છે.જમ્મુ ક્ષેત્રમાં આતંકવાદી હુમલાઓમાં સતત વધારો વચ્ચે, કેન્દ્રએ સુરક્ષા ગ્રીડને મજબૂત કરવા માટે આસામ રાઈફલ્સની 2 બટાલિયનને જમ્મુ ક્ષેત્રમાં સ્થાનાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. મણિપુરથી આસામ રાઈફલ્સની 2 બટાલિયનને જમ્મુ ક્ષેત્રમાં તબદીલ કરવામાં આવશે. તાજેતરમાં, સુરક્ષા ગ્રીડને મજબૂત કરવા માટે જમ્મુ ક્ષેત્રમાં 3000 વધારાના આર્મી જવાનો અને 2000 BSF જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે લગભગ 40-50 પ્રશિક્ષિત પાકિસ્તાની આતંકવાદીઓ ડોડા, રાજૌરી, પૂંચ, ઉધમપુર અને અન્ય સ્થળોના ઉપરના વિસ્તારોમાં છુપાયેલા છે. તેથી જમ્મુ ક્ષેત્રમાં મોટી આતંકવાદ વિરોધી કામગીરીના ભાગરૂપે વધારાના સૈનિકો તૈનાત કરવામાં આવી રહ્યા છે.

## આતંકીઓની ઘૂસણખોરી રોકવામાં નિષ્ફળ જતાં BSFના બે મોટા અધિકારીઓને દૂર કરાયા






■ ટૂંકમાં અધિકારીઓની નિમણૂક કરાશે

ગુજરાત | વંદન

ગૃહ મંત્રાલયે BSFના મહાનિર્દેશક નીતિન અગ્રવાલ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે અને તેમને પદ પરથી હટાવી દીધા છે. BSFના વિશેષ ડીજી વાય.બી.ખુરાનિયાને પણ હટાવીને ઓડિશા કેડરમાં પાછા મોકલી દેવાયા છે. જ્યારે નીતિન અગ્રવાલને તેમના વતન કેડર કેરળ પરત મોકલી દેવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયે આ પગલાને પ્રીમેચ્યોર રિપાટ્રિએશન ગણાવ્યું હતું.

એવું માનવામાં આવે છે કે છેલ્લા એક વર્ષથી જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની સતત ઘૂસણખોરી ડીજી બીએસએફ અને સ્પેશિયલ ડીજી બીએસએફને હટાવવાનું મુખ્ય કારણ હોઈ શકે છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ઘૂસણખોરીને લઈને ભારત સરકારની આ સૌથી મોટી વહીવટી કાર્યવાહી છે, જેના લીધે સૌથી વરિષ્ઠ અધિકારીઓને દોષિત મનાયા છે. આ સિવાય પંજાબ સેક્ટરમાંથી સતત આતંકવાદી ઘૂસણખોરીને અસરકારક રીતે નિયંત્રિત કરવામાં અસમર્થતાને પણ આ કાર્યવાહીનું મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. છેલ્લા ઘણા વર્ષોમાં આ પ્રથમ વખત છે કે બે સૌથી વરિષ્ઠ અધિકારીઓ, જેઓ કોઈપણ અર્ધલશ્કરી દળોનું નેતૃત્વ કરી રહ્યા હતા.

## બાળકોને બગાડવા બદલ ટેક કંપની જવાબદાર રહેશે: અમેરિકા

■ કંપનીઓને આદેશ-એવાં ફીચર આપો જેથી બાળકોને લત ના લાગે

ગુજરાત | વંદન



અમેરિકામાં ઑનલાઈન કન્ટેન્ટથી બાળકોને થનારા નુકસાન માટે હવે ટેક કંપનીઓ જવાબદાર રહેશે. અમેરિકાની સેનેટમાં "કિડ્સ ઑનલાઈન સેફ્ટી એક્ટ'નું બિલ ભારે બહુમતથી પાસ કરાયું છે. બિલનો ઉદેજેમાં મારામારી અને હિંસા, આત્મહત્યાને પ્રોત્સાહન આપવું, આરોગ્ય માટે નુકસાનકારક, ખાન-પાન, શોષણ, નશીલા પદાર્થ, તમાકુ અથવા દારૂ જેવા ગેરકાયદે ઉત્પાદની જાહેરાત પર સખત વલણ દાખવવામાં આવશે. આવું કરવા માટે, સોશિયલ મીડિયા પ્લેટફૉર્મે કિશોરોને તેમની ગોપનીય માહિતીની સુરક્ષા કરવા અને વ્યક્તિગત અલ્ગોરિધમ રેકમેન્ડેશનથી બહાર નીકળવાનો વિકલ્પ આપવો પડશે. તેમને અન્ય વપરાશકર્તાને બાળકો સાથે સંવાદ કોઈ પણ પ્રકારના સંવાદ કરતાં રોકવા પડશે. આ સિવાય ઑટોપ્લે જેવી સુવિધાને સીમિત કરવી પડશે,ઉદેશ્ય બાળકોને ઑનલાઈન કન્ટેન્ટનાં જોખમોથી બચાવવાનું છે. આ બિલને લઈને રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે આજે આપણાં બાળકો ઑનલાઈન અરાજકતામાં ઘેરાયેલાં છે અને તેમને રોકવા માટે હાલના કાયદા પર્યાપ્ત નથી.હકીકતમાં ઘણા સમયથી મોટી સંખ્યામાં વાલીઓ આ રીતના કડક કાયદાની માગ કરી રહ્યા હતા. તેમાં પણ ખાસ કરીને જેમનાં બાળકોએ ઑનલાઈન બુલિંગના શિકાર પછી આત્મહત્યા કરી લીધી હતી અથવા ઑનલાઈન સામગ્રીથી નુકસાન પહોંચ્યું છે. કનેક્ટિકટથી ડેમોક્રેટિક પાર્ટીના સેનેટર રિચાર્ડ બ્લૂમેંથલે કહ્યું કે આ કાયદો બાળકો, કિશોરો અને વાલીઓને પોતાના ઑનલાઈન જીવન પર નિયંત્રણ પરત લેવા માટે મદદ પૂરી પાડશે.

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગાંધીનગરના સંત સરોવરમાં 50.62 મીટર સુધી પાણી આવ્યું

**■ આગામી સમયમાં ઉપરવાસમાં ભારે વરસાદ થાય તો જ સરોવર ભરાશે**

ગુજરાત | વંદન

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે સાબરમતી નદીમાં નવા નીર આવ્યા છે. જેને પરિણામે લાકરોડાનો વીયર ઓવરફ્લો થયો છે. તેની સાથે સાથે સંત સરોવરમાં પણ નવા નીર આવતા સંત સરોવર ડેડ લેવલ સુધી એટલે કે 50.62 મીટર સુધી ભરાયો છે. જોકે ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું નથી. જોકે સંત સરોવરનું તળિયું જ ઢંકાયું હોવાથી આગામી સમયમાં ઉપરવાસમાં ભારે વરસાદ થાય તો જ સંત સરોવર ભરાઈ શકે.

ચોમાસામાં વરસાદી પાણી સાબરમતી નદીમાં વહી જતું રોકવા માટે રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા માણસા તાલુકાના લાકરોડા ગામ ખાતે સાબરમતી નદીમાં વિયર બનાવવામાં આવ્યો છે. તેજ રીતે ગાંધીનગરના સરિતા ઉદ્યાનની પાછળ સાબરમતી નદીમાં સંત સરોવર વીયર બનાવવામાં આવ્યો છે. જોકે લાકરોડાનો વીયર દરવાજા વિનાનો હોવાથી અમુક લેવલ પછી પાણી ઓવરફ્લો થતું હોય છે. પરંતુ સંત સવારો સરોવર દરવાજા વાળો બનાવ્યો હોવાથી અમુક લેવલ પછી દરવાજા ખોલીને પાણી છોડવામાં આવે છે જોકે સિંચાઈ વિભાગ દ્વારા સાદરા ખાતે બનનાર બ્રિજમાં પણ વિયરની સિસ્ટમ ગોઠવાય તેવું સ્ટ્રક્ચર બનાવવામાં આવનાર છે. આથી ચોમાસામાં વરસાદી પાણી સાબરમતીમાં સંગ્રહ થવાથી તેની સીધી અસર નદીની આસપાસના ગામોના ભૂગર્ભજળ ઊંચા આવવા આવશે. જોકે ગત વર્ષે ચોમાસામાં પણ ઉપરવાસમાં ભારે વરસાદ થતાં સાબરમતી નદીમાં નવા નીર આવતા 11મી જુલાઈના રોજ સવારે 8:00 કલાકે સંત સરોવરમાં પાણીની આવક થઈ હતી.



જોકે પાણીની આવક સારી રહેતા માત્ર 9 કલાકમાં જ સંત સરોવર ભરાઈ જતા સાંજે પાંચ કલાકે સંત સરોવરનો ઓવરફ્લો 55.50 મીટર પાણીનું લેવલ પહોંચતા બે દરવાજા ખોલવાની ફરજ પડી હતી. જ્યારે ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે પણ ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સાબરમતી નદીમાં નવા નીર આવ્યા છે જેને પરિણામે લાકરોડા વિયર ઓવરફ્લો થતા જ સંત સરોવરમાં પાણીની આવક થવા પામી છે. જોકે ગત વર્ષની સરખામણીએ 20 દિવસ મોડું પાણી સરોવરમાં આવ્યું છે. પરંતુ સંત સરોવરનું તળિયું જ ઢંકાય એટલે કે ડેડ લેવલ 50.62 મીટર સુધી જ પાણી આવ્યું છે. સંત સરોવર વીયરમાં ડેડ લેવલ પછી દરવાજા શરૂ થાય છે. જોકે લાકરોડા વિયરમાંથી પ્રતિ કલાક 1500 ક્યુસેક પાણીની આવક ચાલુ હોવાથી સંત સરોવરમાં પાણીનું લેવલ વધવાની આશા રહેલી છે. જોકે લાકરોડા વિયર ગઈકાલ સાંજે જ ઓવરફ્લો થઈ ગયો હતો.

ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે વરસાદ ઓછો હોય તેમ અડધું ચોમાસુ પૂર્ણ થવા છતાં હજુ સુધી ગાંધીનગરમાં જ સાતેક ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ઉપરવાસમાં પણ વરસાદ ઓછો પડી રહ્યો હોવાથી તેની અસર સાબરમતીમાં નવા પાણીની આવક ઉપર પડી છે. જ્યારે ગત વર્ષે જુલાઈ માસમાં જ વરસાદ 16 ઈંચ જેટલો ખાબક્યો હતો. ઉપરાંત ઉપરવાસમાં પણ વરસાદ સારો થવાથી સાબરમતી નદી બે કાંઠે વહેતી જોવા મળતી હતી. ઉપરાંત સંત સરોવરમાં પણ પાણીની આવક ચાલુ રહેતા દરવાજા ખોલવાની ફરજ પડી હતી.

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે લાકરોડા હજુ પાણીની આવક ચાલુ રહેવા પામી છે. જેને પરિણામે પ્રતિ કલાક 1500 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેની સામે 1500 ક્યુસેક પાણીની આવક જાવક સાબરમતી નદીમાં ચાલુ છે. લાકરોડા ડેમમાં હાલમાં લાઈવ સ્ટોક 1872 એમસીએમ છે. જ્યારે ડેડ સ્ટોક 9700 એમસીએમ છે. આથી લાકરોડા ડેમમાં સ્ટોરેજ 1 1572 એમસીએમ એટલે મિલીનિયન ક્યુબિક મીટર જેટલો પાણીનો સંગ્રહ હાલમાં જોવા મળી રહ્યો છે.

# 'નકલી'ને રોકવા ખાનગી દવાખાના, હોસ્પિટલોનું રજીસ્ટ્રેશન ફરજિયાત

**■ જિલ્લામાંથી અત્યાર સુધી 19 ખાનગી ક્લિનિક અને હોસ્પિટલોના દ્વારા અરજી કરાઈ**

ગુજરાત | વંદન



જિલ્લામાં અંદાજે 1200 જેટલા ખાનગી ક્લિનિક અને હોસ્પિટલોનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવાનું કેન્દ્ર સરકારે નિયમ બનાવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં તેની અમલવારી કરવામાં આવી છે. જેને પરિણામે જિલ્લા તંત્ર દ્વારા કમિટી રચીને ખાનગી ક્લિનિક અને હોસ્પિટલોનું રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદો બનાવવામાં આવ્યો છે. જેમાં ખાનગી ક્લિનિક કે હોસ્પિટલનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. જેમાં એક બેડ પણ હોય તો પણ તે તેવી હોસ્પિટલનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવાનું હોય છે. જોકે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટરની અમલવારી રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં કરવામાં આવી છે. જેના ભાગરૂપે જિલ્લા કલેકટર દ્વારા ખાસ કમિટી બનાવીને જિલ્લામાં આવેલી અંદાજે 1200 જેટલા ખાનગી ક્લિનિક અને ખાનગી હોસ્પિટલોનું રજીસ્ટ્રેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેના માટે બનાવવામાં આવેલી કમીટીમાં જિલ્લા અધ્યક્ષ તરીકે કલેક્ટર બાદ સીડીએમઓ, સીડીએચઓ, સિવિલ હોસ્પિટલના અધિક્ષક સહિતનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જોકે ખાનગી હોસ્પિટલોનું રજીસ્ટ્રેશન કરવા માટે બીયુ પરમિશન લિફ્ટ લાઈસન્સ, ફાયર એનઓસી, જીપીસીબી દ્વારા આપવામાં આવેલું બાયોમેડિકલ વેસ્ટ સર્ટિફિકેટ, એટોમી એનર્જી રેગ્યુલેશન બોર્ડ દ્વારા રેડિયોલોજીનું પ્રમાણપત્ર, ડ્રગ અને કોસ્મેટિક કાયદા મુજબ સર્ટી મેળવેલું હોવું જોઈએ સહિતના નિયમો કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવ્યા છે. આ તમામ નિયમોનું પાલન કરવામાં આવતું હોય તેવા ખાનગી ક્લિનિક અને હોસ્પિટલનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે. ખાનગી હોસ્પિટલના અને ક્લિનિકના રજીસ્ટ્રેશન માટે પ્રથમ તબક્કામાં પ્રોવિઝનલ રજીસ્ટ્રેશન કરાશે. ત્યારબાદ કમિટી દ્વારા તપાસ કરીને કાયમી રજીસ્ટ્રેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જોકે ખાનગી ક્લિનિક અને હોસ્પિટલના તબીબોને તેમજ સંચાલકોને ફરજિયાત રજિસ્ટ્રેશન અંગેની જાણકારી મળી રહે તે માટે બીજી ઓગસ્ટના રોજ બેઠક કરીને જાણકારી આપવામાં આવશે.

ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા અંતર્ગત ખાનગી ક્લિનિક અને હોસ્પિટલના ફરજિયાત રજીસ્ટ્રેશનના નિયમની અમલવારી શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લામાંથી અત્યાર સુધી 19 ખાનગી ક્લિનિક અને હોસ્પિટલોના સંચાલકો દ્વારા રજીસ્ટ્રેશન માટે અરજી કરવામાં આવી છે. જોકે આ અરજીના આધારે નિયત કરેલા નિયમોની તપાસ કર્યા બાદ પ્રોવિઝનલ રજીસ્ટ્રેશનની મંજૂરી અપાશે. ત્યારબાદ કમિટી દ્વારા સ્થળ તપાસ કરીને કાયમી રજીસ્ટ્રેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

# ગુડા દ્વારા પ્રતિક્ષા યાદીમાં રહેલા લાભાર્થીઓને સરકારી આવાસ ફાળવાશે

**■ લાભાર્થીએ આવાસની નિયત રકમ 6.05 લાખ 11 માસ દરમિયાન ભરવાની રહેશે**

ગુજરાત | વંદન




ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા લાગું કરવામાં આવેલ 2663 આવાસ યોજના પૈકી ટીપી 9 એફપી 149 પર બનાવાતી 624 આવાસ યોજનામાં અંદાજીત 100થી વધારે આવાસોનું વેઈટીંગ લાગું કરવાની શક્યતાં જોવાં મળી રહી છે. 1 ઓગસ્ટથી લાભાર્થીઓને આવાસની નિયત કરેલ 6.05લાખ રકમ ભરવા માટેનું પેમેન્ટ શિડ્યુલ પણ કરી દેવામાં આવેલ છે. 100 થી વધારે લાભાર્થીઓના દસ્તાવેજ ખામીયુક્ત હોવાને કારણે હાલ તે સંબધે નિર્ણય બાકી રાખીને અન્ય 500 જેટલાં લાભાર્થીઓ પાસેથી પેમેન્ટ સ્વિકારવાની શરૂઆત કરાશે. 2663 આવાસ યોજના લાગું કરી તે પહેલાં જ બોર્ડ બેઠકમાં નક્કી કર્યાં અનુસાર ગુડા વિસ્તાર સિવાયના લાભાર્થીઓને યોજનાનો લાભ મળવાપાત્ર રહેતો નથી.

કેટલાંક કિસ્સામાં ગુડા વિસ્તાર સિવાયના અરજદારો દ્વારા પણ અરજી કરવામાં આવેલ હોવાથી તેમની ફાળવણી રદ્દ કરવાની જોગવાઈ હોવાથી આગામી દિવસોમાં તેની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરાશે.લાભાર્થીએ આવાસની નિયત રકમ 6.05 લાખ આગામી 11 માસ સુધી તંત્ર દ્વારા નિયત કરેલ હપ્તા મુજબ ભરવાની રહેશે. સરગાસણ ખાતે 624 આવાસોના નિર્માણની કામગીરી પ્રગતિ હેઠળ છે. 624 આવાસોનું પઝેશન આગામી વર્ષ મે 2025 સુધીમાં ફાળવી દેવાનું તંત્ર દ્વારા આયોજન છે. આ ઉપરાંત 100થી વધારે લાભાર્થીઓની ફાઈલો ફરીથી ચકાસણી કરીને પેમેન્ટ શિડ્યુલ લાગું કરાશે.

# પાટનગર ગાંધીનગરમાં 1905 લોકો ટેસથી કરે છે મદિરાપાન..!


**છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં 841 લોકોએ દારૂ પીવાનો પરવાનો મેળવ્યો**

ગુજરાત | વંદન

ગાંધીના ગુજરાતમાં દારૂ ઉપર પ્રતિબંધ વચ્ચે છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં 841 વ્યક્તિઓએ દારૂ પીવાની પરમિટ મેળવી છે. જ્યારે 1064 વ્યક્તિઓએ દારૂ પીવાની પરમિટને રીન્યુ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરાવી છે. આથી જિલ્લામાં દારૂ પીવાની પરમીટવાળા 1905 લોકો થયા છે.

રાજ્યમાં દારૂબંધીને પગલે પોલીસ દ્વારા દારૂની હેરાફેરી કરનારા શખ્સોની પકડીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. જ્યારે બીજી તરફ આરોગ્યનું કારણ દર્શાવીને દારૂ પીવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અરજીઓ કરવામાં આવી રહી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં દારૂ પીવાની મંજૂરી 841 લોકોએ મેળવી છે.

જોકે દારૂ પીવાની મંજૂરી મેળવનાર લોકોએ આરોગ્યના કારણ દર્શાવીને મેળવી હોવાથી સિવિલ હોસ્પિટલના ડોક્ટરોના પણ હાથ બંધાઈ જતા હોય છે. કેમ કે દારૂ પીવો આરોગ્ય માટે નુકસાન કરતા હોવાનું મેડિકલ સાયન્સમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાથી દારૂ સહિત કોઈપણ માદક પદાર્થોનું વ્યસન નહીં કરવાની ડોક્ટરો દ્વારા જણાવવામાં આવે છે. જોકે રાજ્યના પાટનગર ગાંધીનગર જિલ્લામાં જ દારૂની મંજૂરી લેનાર વ્યક્તિઓમાં વધારો થઈ રહ્યો છે. જેને પરિણામે છેલ્લા પાંચ વર્ષમાં 841 વ્યક્તિઓએ દારૂ પીવાની મંજૂરી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી મેળવી લીધી છે.



જોકે ચાલુ વર્ષે જૂન માસ સુધીમાં 64 લોકોએ દારૂ પીવાની મંજૂરી મેળવી છે. જ્યારે હજુ બાકી છ માસ બાકી હોવાથી ચાલુ વર્ષે આ આંકડો વધવાની શક્યતા રહેલી છે. ત્યારે દારૂની પીવાની મંજૂરીના મામલે કડક નિયંત્રણો મૂકવામાં આવે તો દર વર્ષે દારૂ પીવાની મંજૂરીમાં વધારાને રોકી શકાય તેઓ સૂર ડોક્ટરોમાં જોવા મળી રહ્યો છે. જોકે જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં 1064 લોકોએ દારૂ પીવાની પરમિટને રીન્યુ કરાવી છે. આથી જિલ્લામાં દારૂ પીવાની પરમીટ લેનાર લોકોની સંખ્યા 1905એ પહોંચી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દારૂ પીવાની પરમિટ માટે લોકો દ્વારા અલગ અલગ પ્રકારના કારણો દર્શાવવામાં આવી રહ્યા છે. જેમાં તણાવ, મૂંઝવણ, ઊંઘ નહીં આવવી તેમજ અન્ય રાજ્યોમાંથી આવેલા લોકોને દારૂ પીવાની લત હોવાથી સહિતના કારણો દર્શાવવામાં આવે છે. જેમાંથી સૌથી વધારે ઊંઘ નથી આવતી, તણાવ, મૂંઝવણ કારણ હોવાનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબોએ નામ નહીં લખવાની શરતે જણાવ્યું છે.જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં 1064 લોકોએ દારૂ પીવાની પરમિટને રીન્યુ કરાવી છે. જિલ્લામાં દારૂ પીવાની પરમીટ લેનાર લોકોની સંખ્યા 1905એ પહોંચી છે. આ વર્ષે સંખ્યામાં વધારો થવાની શક્યતા રહેલી છે.છેલ્લા પાંચ વર્ષમાં પરમિટ લેનારની સંખ્યા જોઈએતો વર્ષ 2020માં કુલ-507માથી 273 નવી પરમિટ અને 274 રિન્યુ પરમિટ, 2021માં કુલ 385માંથી 182 નવી પરમિટ અને 203 રિન્યુ પરમિટ, 2022માં કુલ 411માંથી 197 નવી પરમિટ અને 214 રિન્યુ પરમિટ, 2023માં કુલ 394માંથી 125 નવી પરમિટ અને 269 રિન્યુ પરમિટ અને 2024 જુન માસ સુધીમાં કુલ 208માંથી 64 નવી પરમિટ અને 144 જૂની પરમિટ આપવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લામાં હાથ ધરાઈ નારી વંદન ઉત્સવ સપ્તાહની ઉજવણી






**■ વિવિધ થીમ પર મહિલા સશક્તિકરણના કાર્યક્રમોનું આયોજન**

ગુજરાત | વંદન

દેશ અને રાજ્યની સાથે સાથે ઉત્તમ અને શિક્ષિત સમાજના નિર્માણમાં મહિલાઓનું યોગદાન મહત્વનું છે. જેથી મહિલાઓના સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.1 થી 8 ઓગષ્ટ દરમ્યાન "નારી વંદન ઉત્સવ" સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત વિવિધ થીમ ઉપર કાર્યક્રમો યોજાશે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.1 થી 8ઓગષ્ટ દરમ્યાન "નારી વંદન ઉત્સવ" સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી અંતર્ગત વિવિધ વિભાગો જેવાકે પોલીસ વિભાગ,શિક્ષણ વિભાગ,શ્રમ અને રોજગાર વિભાગ,ICDS વિભાગ આરોગ્ય વિભાગ પોસ્ટ વિભાગ, બેંક, રમતગમત વિભાગ, ખેતીવાડી વિભાગ,મહિલા અને બાળ અધિકારીની કચેરીના સહયોગથી કાર્યક્રમની ઉજવણી કરવામાં આવશે.

નારી વંદન સપ્તાહ ઉજવણીમાં પહેલી ઓગષ્ટ મહિલા સુરક્ષા દિવસ, બીજી ઓગષ્ટ બેટી બચાવો બેટી પઢાવો દીવસ, ત્રીજી ઓગષ્ટ મહિલા સ્વાવલંબન દીવસ, પાંચમી ઓગષ્ટ મહિલા નેતૃત્વ દિવસ, છઠ્ઠી ઓગષ્ટ મહિલા કર્મયોગી દિવસ, સાતમી ઓગષ્ટ મહિલા કલ્યાણ દિવસ અને આઠમી ઓગષ્ટ મહિલા બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

# 7 મેગા સોલાર પાવરમાંથી 5માં હજુ સુધી ઉત્પાદન શૂન્ય

**■ ધોલેરામાં 1 હજાર મે.વો.ની ક્ષમતા સામે 300 મે.વો.નું જ ઉત્પાદન**

ગુજરાત | વંદન



રાજ્યમાં રીન્યુએબલ એનર્જી થકી મોટાપાયે સોલાર ઉત્પાદન કરવાના પ્રોજેક્ટ ચાલી રહ્યા છે અને ગુજરાત દેશભરમાં તેમાં મોખરે પણ છે તેમ છતાં કેન્દ્ર સરકારની અલ્ટ્રા મેગા સોલાર પાવર પ્રોજેક્ટ સ્કીમના 5 પ્રોજેક્ટમાં શૂન્ય કે ક્ષમતા કરતા ઓછુ ઉત્પાદન છે. તેના કારણે આ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે કે કેમ તે શંકા ઉભી થવા પામી છે. પાંચ સોલાર પાર્ક એવા છે જેમાં ક્ષમતા સામે હજુ એક મેગાવોટનું ઉત્પાદન પણ થવા પામ્યું નથી. તો અન્ય એકમાં ઓછુ ઉત્પાદન થઈ રહ્યું છે.

ગુજરાત સહિત દેશભરના સોલાર પાર્ક વિશે લોકસભામાં પૂછાયેલા સવાલના જવાબમાં કેન્દ્ર સરકારના ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી મંત્રાલય દ્વારા 31 જુલાઈએ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગુજરાતમાં કેન્દ્ર સરકારની મેગા સોલાર પાવર પ્રોજેક્ટ સ્કીમ હેઠળ સાત પ્રોજેક્ટ છે. જેમાંથી રાધનેસડા સોલાર પાર્કમાં 700 મેગાવોટની ક્ષમતા સામે તેટલું જ પૂર્ણ ઉત્પાદન છે. તો રાજ્ય સરકાર ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવવા વર્ષોથી જાહેરાત કરે છે તેમાં 1 હજાર મેગાવોટની ક્ષમતા સામે 300 મેગાવોટનું જ ઉત્પાદન દર્શાવાયું છે. તે ઉપરાંત એનટીપીસી રીન્યુએબલ એનર્જી પાર્કની ક્ષમતા 4750 મેગાવોટ સામે શૂન્ય, જીએસઈસીએલ રીન્યુએબલ એનર્જી પાર્કની ક્ષમતા 3325 મેગાવોટ સામે શૂન્ય, જીઆઈપીસીએલના રીન્યુએબલ એનર્જી પાર્કના ફેઝ વનની 600 મેગાવોટની ક્ષમતા સામે શૂન્ય, ફેઝ ટુના 1200 મેગાવોટની ક્ષમતા સામે શૂન્ય અને ફેઝ 3માં 575 મેગાવોટની ક્ષમતા સામે પણ શૂન્ય ઉત્પાદન દર્શાવાયું છે.

ગુજરાત દેશભરનું રીન્યુએબલ એનર્જી ઉત્પાદનનું હબ બનશે તેવા દાવા થઈ રહ્યા છે પરંતુ આંકડા અલગ ચિત્ર દર્શાવી રહ્યા છે.

# ગાંધીનગર મનપા દ્વારા ખાણીપીણી બજાર સામે કાર્યવાહી



**■ સે-11માં 35 જેટલા દબાણો દૂર કરાયા**

ગુજરાત | વંદન

શહેરના વાણિજ્ય વિસ્તાર એવા સેક્ટર-11માં ખાણીપીણીના લારી- ગલ્લા દ્વારા ઉભા કરી દેવાયેલા બજાર સામે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી. આ સાથે સેક્ટર-21માંથી પણ દબાણો સામે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ બંને સ્થળોએથી 35 જેટલા દબાણો હટાવી દેવામાં આવ્યા હતા.

સેક્ટર-11માં કોમર્શિયલ કોમ્પ્લેક્સ આવેલા હોવાથી અહીં ખાણીપીણીની લારીઓ અને ગલ્લાના દબાણો વ્યાપક બન્યા છે. અગાઉ પણ વારંવાર દબાણ હટાવવા છતાં ફરીવાર દબાણો ઉભા થઈ જાય છે. આ અગાઉ સર્વિસ રોડ પરથી દબાણો દૂર કરવામાં આવ્યા બાદ લારી- ગલ્લા પાછળની તરફ મેદાન બાજુ ઉભા રહેવાનું શરૂ કર્યું હતું.

પરંતુ અહીં પણ મોટા પ્રમાણમાં લારી- ગલ્લા હોવાથી અને ત્યાં આવતા ગ્રાહકોના વાહનો આડેધડ પાર્ક થતા હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. આ બાબતની ફરિયાદો ઉઠતા મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા દબાણ હટાવ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી.

આ સ્થળેથી લારી- ગલ્લા ઉઠાવી જપ્ત કરી લેવામાં આવ્યા હતા. જેની સામે વેપારીઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જોકે, હજુ પણ કેટલાક લારી ગલ્લાના દબાણો યથાવત રહ્યા હતા. બીજીતરફ સેક્ટર-21માં પણ દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી.

# અનેક રાજકીય કાવાદાવા જોનાર ગાંધીનગરને 60 વર્ષ થયા...

**■ ગુજરાતનું એક માત્ર હરિયાળું અને આયોજનબદ્ધ રીતે બનેલું શહેર છે**

ગુજરાત | વંદન

જે શહેરની રચના પંજાબની રાજધાની ચંદીગઢની ડિઝાઈન પ્રમાણે થયું છે તે ગુજરાતનું પાટનગર ગાંધીનગર 60 વર્ષનું થયું છે 2 ઓગષ્ટ એટલે ગાંધીનગરનો સ્થાપના દિન ગાંધીનગરનો 60મો સ્થાપના દિન બીજી ઓગસ્ટે ઉજવવામાં આવ્યું હતો.ગાંધીનગર એ રાજ્યનું પહેલું એવું શહેર છે, જેની રચનાનું આયોજન પહેલાં નકશા પર થયું હતું અને તેના આધારે હરિયાળા નગરનું નિર્માણ થયું હતું.ગાંધીનગરે અત્યાર સુધી અનેક પક્ષોની સરકારો જોઈ છે,સરકાર રચવા માટેના અનેક રાજકીય કાવાદાવા પણ જોયા છે. શકરસિંહ વાઘેલાનો રાજકીય બળવો જોયો છે તો છેલ્લા ત્રીસ વર્ષ એક જ પક્ષની સરકાર પણ જોઈ છે. જીઈબી ખાતે 1970માં પાટનગરના પાયાની પહેલી ઈંટ મૂકાઈ હતી. આ વિશેષ દિવસે જીઈબી ખાતે પરંપરાગત આયોજન હેઠળ પ્રબુદ્ધ નાગરિકો અને નગરવાસીઓ કેક કાપીને પાટનગરનો જન્મદિવસ મનાવ્યો હતો. આ સાથે ગાંધીનગર મ્યુનિ. દ્વારા દરેક વોર્ડમાં સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. સવારે 10:30 કલાકે સૌપ્રથમ વૃંદાવન ગૌ ધામ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. (અનુસંધાન પેજ નં. 6 પર)

# દહેગામમાં વધારાના કર બોજ માટે સમિતિની રચના કરાઈ

**■ ચીફ ઓફિસર વિરુદ્ધ નિંદા પ્રસ્તાવના પગલે હોબાળો મચ્યો**

ગુજરાત | વંદન

દહેગામ નગરપાલિકાએ વેરા વધારા માટે એક કમિટીની રચના કરી છે આ કમિટી નગરજનો પર ક્વતલ વેરા બોજ લાદવો તેની ચર્ચા કરીને નગરપાલિકાને અહેવાલ આપશે દરમિયાન ચાલુ અઠવાડિયામાં નગરપાલિકાની સામાન્ય સભા સવારે કચેરીના સભાખંડમાં મળી હતી જે સભામાં વેરા વધારા,વિકાસના કામોની ગ્રાન્ટ અંગેની ચર્ચા તેમજ શહેરના વર્ષો જૂના બિન નડતરરૂપ દબાણોના ભાડા વસૂલવા અંગે કમિટીની રચના કરાઈ હતી સભાની શરૂઆતમાં જ વિપક્ષ કોંગ્રેસના સદસ્ય માર્ગેશ સક્સેનાએ પાલિકા દ્વારા ધાર્મિક સ્થળોના ટ્રસ્ટીઓને નોટિસો અપાઈ હોવાથી કલેકટર અને ચીફ ઓફિસર વિરુદ્ધ નિંદા પ્રસ્તાવ રજુ કરવાની દરખાસ્ત મુકતા હોબાળો પણ થયો હતો.

દહેગામ નગરપાલિકાની સામાન્ય સભા પ્રમુખ વૈશાલીબેન સોલંકીના પ્રમુખ સ્થાને કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. સભાની શરૂઆતમાં વિપક્ષના સદસ્ય માર્ગેશ સકસેનાએ દહેગામમાં આવેલ 15 ધાર્મિક સ્થળોના દબાણ અંગે જે નોટિસ આપી છે તેનો વિરોધ કર્યો હતો અને નોટિસ આપનાર જવાબદાર વ્યક્તિઓ જિલ્લાના પ્રથમ સરકારી નોકર મેહુલ દવે અને ચીફ ઓફિસર ઉમાબેન રામીણાંની કામગીરી અંગે નિંદા પ્રસ્તાવ રજૂ કર્યો હતો.




ઉપરાંત આ સભામાં વિપક્ષના સદસ્ય દ્વારા વેરા વધારા અંગેનો ઠરાવ કરવામાં આવ્યો હતો તેનો પણ વિરોધ કર્યો હતો સભામાં તેમણે જણાવ્યું હતું કે નવા વેરા વધારવાથી 820 રૂપિયાનો વધારો થશે જે ખૂબ જ વધુ છે શાસક પક્ષ પ્રતિ મિલકત વધુમાં વધુ 500 રૂપિયાનો વધારો કરી શકી હોત જેથી આ વેરા અને પણ ઘટાડવા અંગેની માંગ કરી હતી. ઓડા ગાર્ડન માં વધતી સ્યુસાઈડની ઘટના અટકાવવા માટે તળાવની ફરતે જાળી નાખવાનું કામની રજૂઆત કરી હતી જે ગ્રાન્ટની ઉપલબ્ધતા એ મંજૂર કરવામાં આવ્યું હતું.

સામાન્ય સફાઈ વેરો જે રૂપિયા 50 હતો તે વધારીને રહેણાંક માટે 90અને બિન રહેણાંક માટે 100 કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખાસ સફાઈવેરો જે 120 રૂપિયા હતો, તે રહેણાંક માટે વધારીને 180અને બિનરહેણાંક માટે જે 150 રૂપિયા હતો, તે વધારીને 220 કરવામાં આવ્યો છે.

# કલોલથી પલસાણા તરફ જતો રસ્તો બિસમાર હાલતમાં

**■ રોડ પર પડેલા આશરે 8 થી 10 ઈંચ ઉંડા ખાડા અકસ્માત નોતરી શકે**

ગુજરાત | વંદન



કલોલ થી પલસાણા તરફ જતા રસ્તા પર ઠેર ઠેર મોટા ખાડાઓ પડેલ છે. જેના પગલે અકસ્માતની શક્યતા વધી રહી છે. તેવામાં ચોમાસામાં જો રોડ બનાવવાનું શક્ય ન હોય તો આ ખાડાનું રીપેરીંગ કામ કરવામાં આવે તેવી લોકમાગણી ઉઠવા પામી છે.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કલોલ સઈજ ગુરુકૂળ કટ પાસેથી પલસાણા તેમજ જાસપુર થઈ ઉમિયા ધામ તેમજ વૈષ્ણવ દેવી સર્કલ તરફ જવાય છે. હાઈવે પરના ટ્રાફિક ને લીધે કલોલ સહિત આસપાસના મોટાભાગના લોકો આ રસ્તાનો ઉપયોગ કરતા હોય છે. ત્યારે આ રોડ પર પડેલા આશરે 8 થી 10 ઈંચ ઉંડા ખાડા અકસ્માત નોતરી શકે છે.તેવામાં ચોમાસામાં વરસાદી પાણી ભરાય ત્યારે ખાડા કઈ જગ્યાએ છે સમજવુ મુશ્કેલ બની રહ્યું છે. કાર પણ આવા ખાડામાં પડે તો વ્યાપક નુકશાન થઈ શકે છે. તેવામાં જો કોઈ ટુ વ્હીલર ચાલક તેમાં પડે તો મોટો અકસ્માત સર્જાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. જો ચોમાસા દરમિયાન રોડ નવો બનાવવા ની કામગીરી ન કરી શકાય તેમ હોય તો આ ખાડામાં પુરાણ કરવામાં આવે જેથી કોઈનો લાડકવાયો અકસ્માત નો ભોગ ન બને તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

# વડોદરા-હાલોલ હાઇવે પર 5 વાહન વચ્ચે અકસ્માત, દંપતીએ દમ તોડ્યો

## 3ને ઈજા, 4 કિમી સુધીનો ટ્રાફિકજામ

ગુજરાત | વંદન

વડોદરા-હાલોલ રોડ પર જરોદ ગામ પાસે પાંચ વાહન વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં બે વ્યક્તિનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતા. મૃતક બંને દંપતી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ત્રણ વ્યક્તિને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના કારણે રોડ પર 3થી 4 કિમીનો લાંબો ટ્રાફિકજામ થઈ ગયો હતો. આથી હાલોલ-વડોદરા ટોલ માર્ગ બંધ કરી દેવામાં આવ્યો હતો. 2 વ્યક્તિ ફસાઈ હોવાની માહિતી વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી વિભાગને કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, વડોદરા-હાલોલ રોડ પર જરોદ ત્રણ રસ્તા પાસે વિચિત્ર અકસ્માતમાં વાહનો એકબીજા પાછળ અથડાયા હતા. એકસાથે પાંચ વાહનો ટકરાતા વચ્ચે રહેલી ઈક્કો કારનો ભૂક્કો બોલી ગયો હતો. ઈકો કાર વાહનો વચ્ચે ચગદાઈ જવાથી અંદર સવાર જરોદ ગામના રહેવાસી નરેશભાઈ ભીમજીભાઈ ડોડિયા (ઉં.વ.35) અને તેની પત્ની ધર્મિષ્ઠાબેનનું મોત થયું હતું. ઈકો કાર સાથે નરેશભાઈ રોડ ક્રોસ કરતા હતા તે વખતે અકસ્માત નડ્યો હતો. હેવી લોડર ટ્રક, પાણીનુ ટેન્કર, ઈકો કાર, રિક્ષા અને કિયા કાર આમ પાંચ વચ્ચે અકસ્માત થયો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા. તેમજ જરોદ પોલીસ, ફાયર બ્રિગેડ સહિતે બચાવ કામગીરી હાથ ધરી છે. અકસ્માત થતા વાહનોની લાંબી કતારો લાગી છે. અકસ્માતમાં અન્ય ત્રણ વાહનચાલકોને નાની-મોટી ઈજા પહોંચી હતી.

## છેલ્લાં 2 વર્ષમાં સમગ્ર ગુજરાતમાંથી 4.03 લાખ કોલ પૈકી 71,593 કોલ અમદાવાદમાંથી મળ્યા

# અભયમ હેલ્પ લાઈન દરરોજ 500થી વધારે મહિલાઓને મદદ કરે છે....

ગુજરાત | વંદન

રાજ્યમાં મહિલાઓ સુરક્ષિત હોવાની વાતો કરવામાં આવે છે પરંતુ મહિલાઓની મદદ માટે કાર્યરત અભયમ હેલ્પ લાઈન પર દરરોજ 500થી વધારે મહિલાઓ મદદ કરે છે. છેલ્લાં 2 વર્ષમાં ગુજરાતમાંથી 4.03 લાખ કોલ પૈકી 71,593 કોલ અમદાવાદમાંથી મળ્યા હતા.

2022માં 1.85 લાખ કોલની સામે 2023માં 2.18 લાખ કોલ મળતા 17 ટકાનો વધારો થયો છે, જ્યારે આ જ સમયગાળામાં અમદાવાદમાં 2022માં 31,578 ની સામે 2023માં 40,015 એટલે કે 27 ટકા કોલની સંખ્યા વધી છે.

મહિલા હેલ્પ લાઈન પર દરરોજ સૌથી વધારે કોલ ઘરેલું હિંસાની ફરિયાદ મળી રહી છે. છેલ્લા બે વર્ષમાં 1.86 કોલ લેખે દરરોજ 255થી વધુ મહિલાઓ ઘરેલું હિંસાથી પીડિત હોવાનું સામે આવ્યું છે.

આ ઉપરાંત બે વર્ષ દરમિયાન પ્રેમીથી થતી હેરાનગતિના રાજ્યમાંથી 51,001 કોલ (દિવસના એવરેજ 70 કોલ), તેમજ લગ્નેત્તર સંબંધને લગતા કેસમાં 17 ટકાનો વધારો થયો છે. 2022માં 9382 મહિલાઓ સામે 2023માં 10373 મહિલાઓ લગ્નેત્તર સંબંધ અંગે અભયમની મદદ માગી હતી.

રાજ્યમાં 5390 મહિલાઓની ફોન પર જ્યારે 4071 મહિલાઓની જાહેરમાં છેડતીની ફરિયાદ કરી છે. મહિલા હેલ્પલાઈન પર 2022માં 2632 અને 2023માં 2758 જ્યારે અમદાવાદમાં 2022માં 633 અને 2023માં 704 છેડતી સામે મહિલાએ મદદ માગી હતી. છેલ્લા બે વર્ષમાં 9518 મહિલાએ બાળકોની કસ્ટડી માટે મહિલા હેલ્પલાઈનની મદદ માગી હતી.

### પ્રેમીથી થતી હેરાનગતિના 51 હજારથી વધુ, લગ્નેતર સંબંધના 19 હજાર કોલ

| કોલ | ગુજરાત | અમદાવાદ |
|---|---|---|
| ઘરેલુ હિંસા | 1.86 લાખ | 31986 |
| સામાન્ય માહિતી | 54143 | 10024 |
| પ્રેમીથી થતી હેરાનગતિ | 51001 | 7887 |
| અન્ય | 28090 | 5784 |
| લગ્નેતર સંબંધો | 19755 | 3998 |
| કાયદાકીય સમસ્યા | 14320 | 2854 |
| બાળકની કસ્ટડી માટે | 9518 | 1469 |
| માનસિક બીમારી | 6680 | 960 |
| તરછોડાયેલા | 6448 | 1033 |
| અન્ય સંબંધિત સમસ્યા | 5591 | 1216 |
| ફોન દ્વારા હેરાનગતિ | 5390 | 1337 |
| નાણાકીય-નોકરી પર હેરાનગતિ | 4433 | 1275 |
| છેડતી | 4071 | 745 |

# મેલેરિયાને ડામવા કોર્પોરેશનની ઝુંબેશ : 21 સાઈટ સીલ કરાઈ

## તાવનાં કેસોમાં ઉછાળો આવ્યો

ગુજરાત | વંદન



શહેરમાં ચોમાસાની મોસમ અને સતત વરસાદી તેમજ વાદળછાયા વાતાવરણને પગલે મચ્છરની ઉત્પત્તિમાં વધારો થતાં તાવનાં કેસોમાં ઉછાળો આવ્યો છે, જેને ગંભીરતાથી લઈ મચ્છરનાં બ્રીડિંગ શોધો ઝુંબેશ દરમિયાન મ્યુનિ.મેલેરિયા ખાતાએ સાત ઝોનમાં ૨૧ સાઈટને સીલ મારી દેવાની સાથે ૧૪૩ એકમને નોટિસ ફટકારી દીધી છે.

મ્યુનિ. હેલ્થ ખાતાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાય દિવસથી શહેરનાં વિવિધ વિસ્તારોમાં તાવનાં દર્દીઓમાં વધારો નોંધાયો છે. મ્યુનિ. અર્બન હેલ્થ સેન્ટરો તેમજ ખાનગી દવાખાનાઓમાં મોટાભાગનાં દર્દી તાવનાં જ આવી રહ્યાં છે. મચ્છરજન્ય મેલેરિયા કરતાં ડેન્ગ્યુનાં દર્દી વધારે જણાઈ રહ્યાં છે.

મ્યુનિ.મેલેરિયા ખાતાનો હવાલો સંભાળતાં હેલ્થ ઓફિસર ડો.ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, શહેરમાં છેલ્લા કેટલાય દિવસથી વરસાદી માહોલ જળવાયો છે, જેનાથી મચ્છરની ઉત્પત્તિમાં વધારો થાય નહિ અને તાવનાં રોગચાળામાં ઉછાળો આવે નહિ તે માટે મ્યુનિ. કમિશનરની સૂચના મુજબ સાત ઝોનમાં કન્સ્ટ્રકશન સાઈટ ખાતે ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

## માછીમારોને દરિયો નહીં ખેડવા માટે તંત્ર દ્વારા સૂચના અપાઈ

# સીઝનનો અત્યાર સુધી 57.05 ટકા વરસાદ

ગુજરાત | વંદન

રાજ્યમાં 34 તાલુકામાં 1000 મીમીથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે 43 તાલુકામાં 500થી 1000 એમએમ, 93 તાલુકામાં 250થી 500 એમએમ, 76 તાલુકામાં 100થી 126 mm, 7 તાલુકામાં 51થી 125 એમએમ વરસાદ પડ્યો છે.પ્રાંતિજમાં 8થી 10માં 5 ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. છેલ્લા 24 કલાકમાં ખેડાના નડિયાદ તાલુકામાં 4 ઈંચ, વસો, દાહોદ, સંતરામપુર તાલુકામાં 3-3 ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યનો ચાલુ મોસમમાં કુલ સરેરાશ વરસાદ 55 ટકાથી વધુ નોંધાયો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં 75 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં 4 ઇંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન ખેડા જિલ્લાના નડીયાદ તાલુકામાં 4 ઈંચ, વસો તાલુકામાં 3 ઈંચ, દાહોદ તાલુકામાં 3 ઈંચ, જ્યારે મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં ૩ ઈંચ વરસ્યો છે.

ગાંધીનગરના રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર અહેવાલ મુજબ મહુધા, ઝાલોદ, મોરવા-હડફ, લુણાવાડા, સિંગવડ, ફતેહપુરા અને કડાણા મળીને કુલ 7 તાલુકાઓમાં 2-2 ઈંચ વરસાદ પડ્યો છે. પેટલાદ, આણંદ, સોજીત્રા, મહેમદાવાદ, ખેડા, લીમખેડા, વીરપુર, દેવગઢ બારિયા, કપડવંજ અને માતર મળીને કુલ 10 તાલુકાઓમાં 1-1 ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના 25 તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. તલોદ, હિંમતનગર, મેઘરજ તાલુકામાં 3-3 ઈંચ વરસાદ



નોંધાયો છે. આ ઉપરાંત માણસા, મહેસાણા, ખાનપુર, જોટાણા મળીને કુલ 4 તાલુકામાં 2-2 ઈંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૫ ટકાથી વધુ નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૭૫ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર ઝોનમાં કુલ ૭૩ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૬૭ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૩૭ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૩૦ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ હાલ 53.37 ટકા જેટલો ભરાયો છે. રાજ્યમાં 206 જળાશયોમાં કુલ 47.19% પાણી ભરાઈ ગયું છે. 45 ડેમ 100% ભરાઈ ગયા છે. જ્યારે 30 ડેમ 70% થી વધુ, 28 ડેમ 50% થી વધુ, 36 ડેમ 25% થી વધુ અને 67 ડેમ 25% થી ઓછા ભરાયા છે.

વરસાદને કારણે રાજ્યમાં આ સીઝનમાં 16,028 લોકોને સ્થળાંતરિત કરાયા છે. સુરત જિલ્લામાંથી 3707, નવસારીમાં 4,083, વડોદરામાં 2241, પોરબંદરમાં 1567, જુનાગઢમાં 1364, ભરૂચમાં 1017, તાપીમાં 918, આણંદમાં 604, દેવભૂમિ દ્વારકામાં 304, વલસાડમાં 150, પંચમહાલમાં 56 અને નર્મદામાં 17 લોકોનું સ્થળાંતર થયું છે. રાજ્યમાં ચોમાસા દરમિયાન કુલ 1639 લોકોનું રેસ્ક્યુ કરાયું છે. ભરૂચમાં 11, પોરબંદરમાં 121, દેવભૂમિ દ્વારકામાં 59, કચ્છમાં સાત, જામનગરમાં 151, આણંદમાં 540, વડોદરામાં 262, સુરતમાં 353, નવસારીમાં 29, તાપીમાં 106 લોકોનું રેસ્ક્યુ કરાયું છે.

# સરકારની વહાલી દીકરી યોજના હેઠળ રૂ. 1 લાખ સુધીનો લાભ મળશે

## લાભાર્થી દીકરીઓ ધોરણ 1 માં પ્રવેશ લીધા પછી જ લાભની શરૂઆત

ગુજરાત | વંદન

ગુજરાતમાં વર્ષ 2019માં 'વહાલી દીકરી યોજના'નો અમલ શરુ કરાયો હતો. જેના દ્વારા ગરીબ વ્યક્તિને તેની દીકરીના ભણતરથી લઈને લગ્ન સુધીના પ્રસંગોના ખર્ચને પહોંચી વળવા માટે સરકારની મદદ કરે છે. છેલ્લા 5 વર્ષોમાં આ યોજના હેઠળ 2.37 લાખથી વધુ દીકરીઓની નોંધણી કરવામાં આવી છે. આ યોજનાનો લાભ હવે, 2025-26 થી મળવા લાગશે, કારણ કે યોજનાની જોગવાઈઓ એવી છે કે, લાભાર્થી દીકરીઓ ધોરણ 1 માં પ્રવેશ લીધા પછી જ લાભ મેળવવા પાત્ર બને છે. આ યોજનાની લાભાર્થી દીકરીઓને 18 વર્ષની ઉંમર સુધી 4 હજારથી લઈને 1 લાખ રૂપિયા




સુધીની સહાય મળશે.

આ યોજના હેઠળ રાજ્ય સરકાર ગરીબ દીકરીઓને ધોરણ 1માં પ્રવેશ સમયે 4,000, ધોરણ 9માં પ્રવેશ સમયે 6,000 અને 18 વર્ષની વયે પહોંચતી વખતે 1 લાખની સહાય આપશે. આ સમયગાળા દરમિયાન, જો ઘરમાં કમાનાર વડીલનું મૃત્યુ થાય, તો રાજ્ય સરકાર તેની પુત્રીને 10,000ની વધારાની વીમા રકમ પ્રદાન કરશે પરંતુ આ યોજનાનો લાભ એવા દંપતીઓ જ મેળવી શકે છે કે જેમને વધુમાં વધુ 3 બાળકો હોય. દંપતીના 3 બાળકોમાં એક, બે અથવા ત્રણેય પુત્રીઓ હોય તો પણ આ યોજનાનો લાભ મેળવી શકાશે.

રાજ્ય સરકારે વર્ષ 2019માં 'વહાલી દીકરી યોજના' શરૂ કરી ત્યારે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) ને ફંડ મેનેજમેન્ટ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. રાજ્ય સરકારે યોજનાના અમલીકરણ અને લાભાર્થીઓને સહાયની રકમના વિતરણ માટે એલઆઈસી સાથે એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં LICને અંદાજિત 544.09 કરોડ ચૂકવ્યા છે.

## ખેડામાં મંદિર બનાવવા માટે ખોટા MoU કરાયા

# અમદાવાદ શહેરના વેપારી સાથે રૂપિયા 2.63 કરોડની થઈ ઠગાઈ

ગુજરાત | વંદન

સ્વામીનારાયણ મંદિર બનાવવાના નામે ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના સાવલી ખાતે 600 વીઘા જમીનના ખોટા MoU કરી અમદાવાદના વેપારી સાથે 3.75 કરોડની ઠગાઈ કરવામાં આવી હતી. જેમાં જે. પી. સ્વામી નામના એક સાધુ સહિત નવ ઈસમોની સંડોવણી સામે આવી છે. હાલ સાત આરોપીઓ વિરુદ્ધ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રહેતા ભૂપેન્દ્ર પટેલ વેપાર તેમજ જમીન લે વેચનો ધંધો કરે છે. તેમને ત્રણેક વર્ષ અગાઉ જમીન લે વેચના દલાલ મહેન્દ્ર ઝંખવાડીયા મળ્યા હતા. જેમણે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, કઠલાલ તાલુકાના લસુન્દ્રા, વિશ્વનાથપુરા




સાવલી ખાતે 600 વીઘા જમીન સ્વામીનારાયણ મંદિર બનાવવા માટે જોઈએ છે. બાદમાં દલાલે ફરિયાદીનો જે. પી. સ્વામી સહિત આઠ લોકોનો સંપર્ક કરાવી વિશ્વાસમાં લઈ જમીનના ખોટા MoU કર્યા હતા.

"અમદાવાદના ફરિયાદી ભૂપેન્દ્ર પટેલે છેતરપિંડી અને વિશ્વાસઘાત બાબતમાં ફરિયાદ કરી છે. નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં આશરે નવ લોકો સામેલ છે. નવે નવમાંથી તમામનો રોલ શું છે એ અંગે વિગતવાર તપાસ કરાશે." -- રાજેશ ગઢીયા SP.ખેડા

MoU પેટે રૂ. 3.75 કરોડ લીધા હતા. બાદમાં તેમનો સંપર્ક કરતા કોઈ હકારાત્મક જવાબ આપ્યો નહોતો. બાદમાં ત્રણ ઈસમોએ રૂ. 1.12 કરોડ પરત આપ્યા હતા. જ્યારે બાકી પડતા રૂ. 2.63 કરોડ નહી મળતા તેમજ તે બાબતે કોઈ જવાબ નહીં આપતા છેતરપિંડી થઈ હોવાનું જણાતા નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ સમગ્ર મામલામાં ભૂપેન્દ્ર પટેલની ફરિયાદને આધારે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સાત ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં સુરતના લાલજી ઢોલા, નીતિન ઈટાલીયા અને સુરેશ ગોરી તથા ધોળકાના મનસુરખાન પઠાણ તથા અમદાવાદના મહેન્દ્ર ઝંખવાડીયા, સુરેશ ભરવાડ અને મફાભાઈ ભરવાડનો સમાવેશ થાય છે.

# 10,000 ખાનગી ટ્યુબવેલ રિચાર્જ થતાં વરસાદી પાણીનો સંગ્રહ થશે


### ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે, ખેડૂતોની આવક વધશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં 'ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં અને ખેતરનું પાણી ખેતરમાં'જ રહે તે માટે ખેત તલાવડી, બોરી બંધ અને ચેક ડેમ દ્વારા વિશેષ 'જળ સંચય અભિયાન' હાથ ધરાયું હતું. પરિણામ સ્વરુપ, સરકારના દાવા મુજબ ગુજરાતમાં ભૂગર્ભ જળની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. રાજ્યભરમાં દર વર્ષે 'સુજલામ-સુફલામ જળ' અભિયાન થકી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય થઈ રહ્યું છે. આ મિશનને વધુ વેગ આપવા અને ભૂગર્ભ જળ વધુ ઊંચા લાવવાના હેતુથી રાજ્યમાં બંધ પડેલા કે બિન ઉપયોગી અંદાજે 10,000 ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રિચાર્જ કરવા રૂ. 150 કરોડની 'ભૂગર્ભ જળ રિચાર્જ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે. ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી વીજ વપરાશ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં વધારો થશે.

જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ભૂગર્ભ જળના ઊંડા તળને વરસાદના પાણીથી ઊંચા લાવવા બંધ પડેલા બોરને રિચાર્જ કરવાનો ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ યોજના મુજબ રાજ્ય સરકાર આશરે 10,000 બંધ ખાનગી ટ્યુબવેલ-બોર રિચાર્જ કરવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે. આ બંધ ટ્યુબવેલ-બોર રિચાર્જ માટે 90:10ના ધોરણે એટલે કે 90 ટકા ફાળો-ખર્ચ રાજ્ય સરકાર આપશે. જ્યારે બાકીનો 10 ટકા ફાળો લોક ભાગીદારીથી ઉઘરાવાશે. રાજ્યમાં આવેલી કુલ 185 નદી પૈકી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવેલી નદીઓ મોટાભાગે ચોમાસા દરમિયાન જ વહેતી હોવાથી આ વિસ્તારોમાં ભૂગર્ભ જળ પર આધારિત સિંચાઇ થાય છે. રાજ્યમાં ઉપલબ્ધ કુલ જળ પૈકી આશરે 39 ટકા ભૂગર્ભ જળ છે. જેનાથી 57 ટકા જેટલા વિસ્તારમાં સિચાઈ થાય છે. કુલ ભૂગર્ભ જળ પૈકી 80 ટકા ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે છે.

સિંચાઈ સહિત વિવિધ ઉપયોગ માટે ભૂગર્ભ જળનું ખેંચાણ રિચાર્જ કરતા વધુ હોવાને કારણે ભૂગર્ભ જળના સ્તર-લેવલ



નીચા જઈ રહ્યા છે. આ ઉપરાંત ભૂગર્ભ જળનો આવરો પણ ઘટી રહ્યો છે. આ કારણે ટ્યુબવેલની ક્ષમતા ઘટી છે અને ટ્યુબવેલમાંથી પાણી ખેંચવા માટે વીજ વપરાશ-ખેડૂતોનો નાણાકીય ખર્ચ પણ વધી ગયું છે. જો આ જલભરમાં વરસાદી પાણી, ભૂતળ જળને ઉતારવું હોય કે તેનો સંગ્રહ કરવો હોય તો ઠેર ઠેર રિચાર્જ ટ્યુબવેલ બનાવવા પડે એમ છે પરંતુ હાલમાં નવા ટ્યુબવેલ બનાવવા ખૂબ જ ખર્ચાળ છે. જેના બદલે સિંચાઇના હેતુ માટે ખેડૂતો મારફતે બનાવવામાં આવેલા બોર, સમય જતા પાણી સૂકાઈ જવાના કારણે આવા બોર બંધ પડ્યાં છે અને બીન ઉપયોગી થઈ ગયા છે. હવે, સરકારે આવા બંધ પડેલા અને હાલના તબક્કે બિનઉપયોગી થઈ ગયેલા બોરને વરસાદના પાણીથી રિચાર્જ કરવાનું નક્કી કરતાં તે સૂકાયેલા ભૂગર્ભ જળના તળ પુનઃજીવિત થઈ શકશે અને સતત ઉંડા જતા ભૂજળમાં સુધારો કરીને વીજ વપરાશમાં ઘટાડો કરી શકાશે.

## 1500 માંથી લગભગ 60 ટકા વિદ્યાર્થીઓનું કુલ મળીને 156 કિ.ગ્રા. વજન ઘટ્યું

# અમે કરી બતાવ્યું : વિદ્યાર્થીઓનું નવતર પરાક્રમ : 8 કિ.ગ્રા. સુધી વજન ઘટાડ્યું..!!

ગુજરાત | વંદન

ઉદગમ ગ્રૂપની ચાર સ્કૂલોમાં અભ્યાસ કરતા દોઢ હજાર વિદ્યાર્થીઓ વજન ઘટાડવા માટેની સ્પર્ધામાં ભાગ લઈ 200 ગ્રામથી લઈને 8.25 કિ.ગ્રા. સુધી વજન ઘટાડ્યું છે. કોવિડ પછી વિદ્યાર્થીઓના વજનમાં નોંધપાત્ર વધારો જોવા મળતા સ્કૂલ દ્વારા બિગેસ્ટ લુઝર વિલ વિન કોન્ટેસ્ટનું આયોજન કર્યું હતું. જેમાં ઉનાળા વેકેશનના 45 દિવસ દરમિયાન વિદ્યાર્થીઓએ વજન ઉતારવા પર ભાર મૂક્યો હતો. જેમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ પૈકી 60 ટકા વિદ્યાર્થીઓનું મળી કુલ 156 કિ.ગ્રા. વજન ઘટ્યું હતું. અભ્યાસનું ખૂબ જ વધુ ભારણ વેઠતા ધોરણ-10 અને 12ના વિદ્યાર્થીઓ ફિટનેસ પર ધ્યાન આપી શકતા નથી.

જેથી ઉદગમ ગ્રૂપ ઓફ સ્કૂલ્સે વિદ્યાર્થીઓમાં ફિટનેસને પ્રોત્સાહન




આપવા પહેલ આદરી હતી. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન અને ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન ખાતે ધોરણ-6થી લઈને ધોરણ-12 સુધીના વિદ્યાર્થીઓ વચ્ચે તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેમાં કોવિડ પછી વિદ્યાર્થીઓ વધુ વજન ધરાવતા હોવાનું જણાયું હતું. જેથી આના ઉપાય માટે, સ્કૂલે 'બિગેસ્ટ લુઝર વિલ વિન કોન્ટેસ્ટ 2.0' નામની સ્પર્ધા શરૂ કરી હતી.

આ સ્પર્ધા ઉનાળાના વેકેશનના 45 દિવસ સુધી ચાલી હતી, જેમાં ઉદગમ ગ્રૂપની ચાર સ્કૂલોના 1,500થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનારા વિદ્યાર્થીઓ પૈકી લગભગ 60 ટકા વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કુલ 156 કિલો વજન ઘટાડ્યું, હતું. જેમાં વ્યક્તિગત સ્તરે તેમણે 200 ગ્રામથી લઈને 8.25 કિગ્રા વજન ઘટાડ્યું હતું. દરેક સ્કૂલમાંથી ટોચના ત્રણ વિજેતાઓને તેમની સિદ્ધિના પ્રતિક તરીકે સ્માર્ટ વોચીસ ભેટ કરવામાં આવી હતી.

ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રનની બપોરની શિફ્ટના ધોરણ 12ના વિદ્યાર્થી હેત ઠક્કરે 8.25 કિગ્રા વજન ઘટાડીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન સવારની શિફ્ટની ધોરણ 12ની વિદ્યાર્થીની નવ્યા શર્મા 5.75 કિગ્રા વજન ઘટાડીને બીજા સ્થાને રહી હતી. ઉદગમ સ્કૂલ ફોર ચિલ્ડ્રન સવારની શિફ્ટના ધોરણ 10ના વિદ્યાર્થી આદિત્ય રંજને 5.45 કિગ્રા વજન ઘટાડીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

# શિક્ષણ સહાયકની ભરતી માટે નવા નિયમો જાહેર

ગુજરાત | વંદન

ગુજરાતની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકની ભરતી માટેના નવા નિયમો સાથેનું નોટિફિકેશન શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયું છે. જે મુજબ હવે ટાટ(ટીચર્સ એપ્ટિટ્યુડ ટેસ્ટ )ના જ માર્કસના આધારે સંપૂર્ણ ભરતી થશે. ટાટ પરીક્ષામાં જે ઉમેદવારોને 60 ટકા માર્કસ હશે. તે માધ્યમિકમાં શિક્ષણ સહાયક માટે લાયક ગણાશે.

સીલેક્શન કમિટી દ્વારા કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા થશે. આ કમિટમાં ચેરમેન કમિશનર ઓફ સ્કૂલ રહેશે અને અન્ય ચાર મેમ્બરો તેમજ એક મેમ્બર સેક્રેટરી સહિત 6 સભ્યો રહેશે. કમિટી દ્વારા લાયક ઉમેદવારોની અરજીના આધારે ત્રણ લિસ્ટ બનાવાશે. જેમાં એક લાયક ઉમેદવારોનું લિસ્ટ, એક વેઈટિંગ લિસ્ટ અને એક ગેરલાયક ઉમેદવારોનું લિસ્ટ તૈયાર કરીને રિઝલ્ટ સાથે વેબસાઈટ પર જાહેર કરાશે. 20 ટકા ઉમેદવારોનું લિસ્ટ વેઈટિંગ લિસ્ટ રહેશે. અગાઉ વર્ષ 2017માં પ્રાયમરીમાં વિદ્યાસહાયક માટેની ભરતીના નિયમો જાહેર કર્યા હતા.

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત મંગાવવામા આવી છે. અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા તમામ ગ્રાન્ટેડ સ્કૂલોને પરિપત્ર કરીને ચાલુ શૈક્ષણિક વર્ષમાં સરકારના ઠરાવ મુજબ જો વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તો વર્ગ ઘટાડાની દરખાસ્ત કરવા આદેશ કરાયો છે. સ્કૂલોએ આધાર પુરાવા સાથે પાંચ દિવસમાં આ દરખાસ્ત કરવાની રહેશે.

## ઝડપી ન્યાયની વચ્ચે 2024 સુધી 500થી વધુ જજની જગ્યા ખાલી

# વિવિધ ગુનાઓનું પ્રમાણ વધતાં નીચલી અદાલતોમાં 15 લાખથી વધુ કેસ પડતર

ગુજરાત | વંદન

ગુજરાતની નીચલી અદાલતોમાં વર્ષ 2023ના અંતે 15 લાખથી વધુ કેસ પડતર હતા. બીજી તરફ રાજ્યની જિલ્લા સહિતની નીચલી અદાલતોમાં ફેબ્રુઆરી-2024 સુધી 500થી વધુ જજની જગ્યા ખાલી હતી. નવાઈની વાત એ છે કે, જિલ્લા અને સબ ઓર્ડિનેટ કોર્ટમાં જજની ખાલી સંખ્યામાં ગુજરાત દેશમાં બીજા નંબરે હતું. આ સંજોગોમાં અરજદારને ઝડપી ન્યાય ક્યાંથી મળે તે સવાલ ઉભો થયો છે. તે ઉપરાંત હાઈકોર્ટમાં જુલાઇ-2024ની સ્થિતિએ 23 જેટલી ન્યાયાધીશની જગ્યા ખાલી છે.

ગુજરાતમાં 2022માં નીચલી અદાલતોમાં કુલ 16.93 લાખ કેસ પડતર હતા. તેમાં આંશિક ઘટાડો



થઈ 2023માં 15.67 લાખ જેટલા કેસ પેન્ડિંગ રહ્યા હતા. તેમાંથી અનેક કેસ વર્ષો જૂના છે. તેની સામે રાજ્યમાં નીચલી અદાલતોમાં મોટી સંખ્યામાં જજની સંખ્યા ખાલી છે. તેના કારણે એકતરફ કેસોનો ભરાવો થતો જાય છે અને નિકાલ થાય તેવી માળખાગત વ્યવસ્થા સમાંતર ગોઠવાઈ રહી નથી. ફેબ્રુઆરી-2024ની સત્તાવાર માહિતી મુજબ, દેશના વિવિધ રાજ્યમાં ગુજરાત ટોચના ત્રણ રાજ્યમાં છે.

જેમાં જજની સંખ્યા મોટી સંખ્યામાં ખાલી રહી હતી. ઉત્તરપ્રદેશ સૌથી વધુ 1250 ખાલી જગ્યા સાથે પ્રથમ નંબરે તે પછી ગુજરાત અને 467 ખાલી જગ્યા સાથે બિહાર ત્રીજા નંબરે છે. ગુજરાત કોર્ટના બિલ્ડિંગથી લઈ અન્ય સુવિધામાં મોખરે છે ત્યારે જજની ખાલી જગ્યાના કારણે કેસોનો ભરાવો લાંબા સમય સુધી રહે છે. તાજેતરમાં રાજ્યસભામાં અપાયેલા આંકડા મુજબ, ગુજરાત હાઈકોર્ટમાં કુલ 52 ન્યાયાધીશની જગ્યા છે તેમાંથી 29 જગ્યા ભરેલી છે. તેની સામે 23 જગ્યા ખાલી છે. જે લગભગ 45 ટકા જેટલી થવા જાય છે.

વિવિધ અદાલતમાં જજની ખાલી જગ્યાના કારણે કેસોના નિકાલની પ્રક્રિયામાં વિલંબ થાય છે. તે સાથે જજ ઉપર કામનું બમણું ભારણ રહેતું હોય છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

# દિકરી મનુ ભાકરનું સન્માન પણ વર્લ્ડકપ વિજેતાઓની જેમ જ શાનદાર રીતે થશે ને..?!






જ્યાં વિશ્વના શ્રેષ્ઠ રમતવીરો એકત્ર થઈને પોતાની રમતનું કૌશલ્ય બતાવી મેડલો જીતીને નીતનવા વિશ્વ વિક્રમો નોંધાવે એવા ઓલિમ્પિક રમતોત્સવ પેરિસમાં યોજાઈ રહ્યું છે. આ મેળાવડો જુના વિશ્વ વિક્રમો તોડવા માટે અને નવા નવા વિશ્વ વિક્રમો બનવા માટે હોય છે. ભારતના 117 રમતવીરો તેમાં ભાગ લેવા ગયા અને દેશ માટે મેડલ જીતવાની શરૂઆત હરિયાણાની 22 વર્ષિય મનુ ભાકર નામની એક દિકરીએ કરી.

10 મીટર પિસ્ટલ શૂટીંગમાં મનુએ કાંસ્ય ચંદ્રક-બ્રોન્ઝ મેડલ- જીતીને શાનદાર શરૂઆત કરી અને તરતને તરત ભારતના જ એક બીજા શૂટર સરબજોતની સાથે બીજો બ્રોન્ઝ મેડલ જીતીને ભારતના ઓલિમ્પિકનાા ઈતિહાસમાં પોતાનું નામ બબ્બેવાર નોંધાવીને જે માન સન્માન મેળવ્યું છે તેનું મૂલ્ય અમૂલ્ય છે...

તેને પોતાના જીતેલા બે મેડલોનું મહત્વ ત્યારે સમજાશે કે જ્યારે તેનું સ્વાગત ક્રિકેટમાં વર્લ્ડ કપ જીતનાર ટીમરોહિતનું જે રીતે મુંબઈમાં શાનદાર-જાનદાર અને દુનિયા દેખતી રહ ગઈ... ની સ્ટાઈલથી સ્વાગત થયું અને લોકોમાં જે ઉત્સાહ જોવા મળ્યો એવો લોકઉત્સવ મનુના ભારત આગમન વખતે થશે...? ઓલિમ્પિક વિજેતાા મનુને ખાસ બસની છત પર (ટીમ ઈન્ડિયાની જેમ) બેસાડીને રંગેચંગે સ્વાગત થશે...?

ઓલિમ્પિકમાં ભારતના ખેલાડીઓમાં કેમ જોમ અને જુસ્સો હોતો નથી તેનું એક મુખ્ય કારણ કે ભારતમાં લોકો ક્રિકેટના દિવાના છે. ગલીમાં ક્રિકેટ રમાતી હશે તો પણ તેને જોવા માટે કોઈને કોઈ ઉભો રહેશે અને ટાબરિયો ફટકો મારે ત્યારે એમ અનુભવે કે તેણે ફટકો માર્યો છે......! ક્રિકેટની લાઈવ મેચ જોવા માટે લોકો ઉજાગરા કરે પણ ફ્રાન્સની રાજધાની પેરિસમાં ચાલી રહેલી ઓલિમ્પિક-2024માં ભારતના ખેલાડીઓની રમતો જોવા માટે કોણે ઉજાગરા કર્યા હશે...?

ઓલિમ્પિકમાં ચીન, અમેરિકા, કોરિયા, જાપાન વગેરેના રમતવીરો કેમ સૌથી વધારે મેડલો અને તેમાં પણ ગોલ્ડ મેડલો જીતે છે તેના કારણો તપાસવા માટે ભારત સરકારે એક ટીમની રચના કરવી જોઈએ. કોઈ મહાનગરપાલિકાની ટીમ વિદેશમાં જઈને ત્યાંની ગટર વ્યવસ્થા, રોડ-રસ્તા વગેરે.ના અભ્યાસ માટે વિદેશનો પ્રવાસ ખેડતા હોય છે અને ત્યાંથી જોઈને શીખીને આવ્યાં બાદ એ મહાનગરપાલિકામાં તેનો કેટલો અમલ થાય છે તે કહેવુ પડે તેમ નથી.

જો રોડ-રસ્તા ગટરોના અભ્યાસ માટે ટીમ મોકલવામાં આવતી હોય તો ઓલિમ્પિકમાં વર્ષોથી જે દેશના રમતવીરો સૌથી વધારે મેડલો જીતે છે તેમનો અભ્યાસ કરવો જોઈએ. તેમને અપાતી તાલીમ, કઈ રીતે થાય છે તેમની પસદગી આ તમામ બાબતોનો અભ્યાસ કરીને જો ભારતમાં તેનો અમલ અત્યારથી કરવામાં આવે તો 2036માં અમદાવાદમાં યોજાનાર ઓલિમ્પિકમાં ભારતના રમતવીરો ચીન-જાપાન, કોરિયા કરતાં વધારે ચંદ્રકો જીતી શકે એવી ક્ષમતા કેળવી ચૂક્યા હશે....! અને હાં, 2036ના ઓલિમ્પિક માટે જેટલો ખર્ચ થવાનો છે તેના 10 ટકા પણ જો ભારતમાં રમતવીરોને તૈયાર કરવા માટે ફાળવાય તો જ ગોલ્ડ મેડલો જીતનારા શ્રેષ્ઠ રમતવીરો ભારતની ધરતી પર પાકશે....

જે મુખ્ય વાત છે તે એ છે કે મનુ ભાકર અને અન્ય મેડલ વિજેતાઓને દિલ્હીમાં વડાપ્રધાનને મળવા માટે લઈ જતાં પહેલાં દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે તેમનું ક્રિકેટની ટીમઈન્ડિયા જેવુ ભવ્ય અને દિવ્ય, જોરદાર સ્વાગત થશે ને....? ખરેખર ને..?!!!

## આ દેખે જરા કિસ મેં કિતના હૈ દમ.....કોણ કોના ચક્રવ્યૂહમાં ફસાશે..બસ 100 દિવસની છે વાર....!!

# મરાઠા કિંગ 83 વર્ષની વયે ફરી રણમેદાને..!

## પોતાની સામે થયેલા કાવતરાં- આરોપો-આક્ષેપો-અપમાનનો ગણી ગણીને બદલો લેશે કે પછી...?!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

3 વર્ષ પહેલાં જ્યારે 80 વર્ષિય મરાઠા કિંગ શરદ પવારે એમ વિચાર્યું કે હવે સક્રિય રાજકારણમાંથી સહેજ નિવૃતિ લઈને સહ્યાદરીના રળિયામણાં વિસ્તારમાં ટહેલશું અને બધુ સમુસુતરૂ પાર પડ્યા કરશે...પરંતુ ઘર કા ભેદી લંકા ઢાયે...કહેવતની જેમ તેમના સગા ભત્રીજા અજીત પવારે એક નહીં પણ બે વાર પક્ષપલટો કે બગાવત કરી તે પછી પણ રાજકારણના આ અઠંગ ખેલાડીએ ખાસ કંઈ પગલા ન લીધા.

પણ અજીતે શિંદે સરકારમાં બેસીને તેમના હાથમાંથી તેમની જ પાર્ટી અને ચૂંટણી પ્રતિક ઘડિયાળ લઈ લીધી તે પછી કિંગને થયું કે આ તો ન ચાલે... કુછ કરના પડેગા અને તેને મરાઠીમાં કહીએ તો- કાહી કરાલા લાગેલ...અને ફરીથી હુંકાર ભરી ત્યાં ગૃહમંત્રી અમિત શાહે તેમને ભ્રષ્ટાચારીઓ કા સરગના અને તંત્રમાં ભ્રષ્ટાચારને શિષ્ટાચારમાં ફેરવનાર બીજા કોઈ નહીં પણ શરદ પવાર જ છે અને એ અંગે તેમના મનમાં કોઈ મૂંઝવણ નથી.....એમ કહેતા જ આતા માઝી સટકલી...કહીને ઘાટ ઘાટ કા પીને વાલા આ રાજકારણીએ 83 વર્ષે ફરીથી રાજકારણમાં સક્રિય થઈને પોતાને ભ્રષ્ટાચારીઓ કા સરગના કહેનારને જાહેર મંચ પરથી કહી દીધુ કે ગુજરાતમાંથી કેમ તડીપાર થવુ પડ્યું હતું....તેની સાથે તેમને એમ પણ કહ્યું કે, ભાઈ, તમે હજુ રાજકારણાં પા પા પગલી ભરતા હતા ત્યારે તો હું 3 વખત મુખ્યમંત્રી બની ચૂક્યો હતો....આવી જાવ મેદાનમાં....

ભાજપ-અમિત શાહ અને નરેન્દ્ર મોદીની સહેજ પણ શરમ રાખ્યા વગર શરદે પોતાના ગઢ મહારાષ્ટ્રમાં ભાજપને હરાવવા જે તૈયારી કરી છે તેનાથી તેની પાર્ટીના ધારાસભ્યો અને કાર્યકરોમાં અબ જાન મેં જાન આઈ....જેવી લાગણી સાથે શરદ પવાર 3-4 મહિના પછી યોજાનાર મહારાષ્ટ્રની ચૂંટણીમાં કરો યા મરો...ના નવા જોમ અને જુસ્સા સાથે ઉતર્યા છે ત્યારે હવે શું થશે.....એમ વિચારનારાઓ પરિણામ અંગે વિચારી જ રહ્યાં હશે....


બીજી તરફ માત્ર ત્રણ મહિનામાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી માટે રાજ્યમાં તમામ પક્ષોના નેતાઓએ અત્યારથી જ એક થવાનું શરૂ કરી દીધું છે. ગત ચૂંટણીની સરખામણી કરીએ તો આ વર્ષે રાજ્યના રાજકીય સમીકરણ બદલાયા છે. શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેની પાર્ટીનું વિભાજન થયું છે. રાજ્યમાં ભાજપ અને મહાવિકાસ અઘાડી વચ્ચે સમાન મેચ દેખીતી રીતે જોવા મળી રહી છે. તેવી જ રીતે મહાવિકાસ અઘાડીના વરિષ્ઠ નેતા શરદ પવારે પોતે વિધાનસભા માટે મેદાનમાં ઉતરવાની તૈયારી કરી લીધી છે. શરદ પવાર ઓગસ્ટથી રાજ્યની મુલાકાતે પ્રચાર પ્રસાર મેટ કમર કસીને નિકળવાની જાહેરાત ણ કરી દીધી છે,.બહુમતિ મળશે તો કાંઈ શરદ પવાર ફરીથી સીએમ નહીં બને પણ ટાઈગર અભી જિંદા હૈ....નો સંદેશો આપવા માંગતા હશે....

શરદ પવાર વિધાનસભા માટે પાર્ટીની તાકાત માટે રાજ્યનો પ્રવાસ કરશે. શરૂઆતમાં, શરદ પવાર ગત વિધાનસભામાં NCP દ્વારા લડવામાં આવેલ મત વિસ્તારની મુલાકાત લેશે. શરદ પવાર આ પ્રવાસની શરૂઆત છત્રપતિ શિવાજી મહારાજના જન્મસ્થળ શિવનેરી કિલ્લાથી તૂતૂભેરી કરશે. શરદ પવાર 6 અથવા 9 તારીખથી તેમનો પ્રવાસ શરૂ કરી શકે છે. જેમાં મુખ્યત્વે તેઓ રાજ્યના મુખ્ય જિલ્લાઓ અને શહેરોમાં સભાઓ કરશે.

રાજકીય સમીકરણો બદલાયા.....

તેમના ભત્રીજા અજિત પવારે પાર્ટીમાં બળવો કર્યા પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદ પવાર જૂથમાં શરદ પવાર એકમાત્ર ચહેરો બાકી છે. NCPના તમામ મોટા નેતાઓ અજિત પવાર જૂથ સાથે ગયા છે. તેથી શરદ પવાર શૂન્યમાંથી સર્જન ફરી પાર્ટીને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છે. શરદ પવાર વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યભરનો પ્રવાસ કરીને રાજ્યમાં રાજકીય સમીકરણનો બારિકાઈથી અંદાજ લગાવે તેવી શક્યતા છે. અજિત પવાર અને શરદ પવાર એટલે કે ચાચા-ભતીચા વચ્ચે વિધાનસભામાં પણ પવાર પરિવારમાં જ સીધો મુકાબલો થવાની સંભાવના છે.







શરદ પવારની નજર અજિત પવાર જૂથના મતવિસ્તાર પર છે.

મૂળ NCPના ઘણા ધારાસભ્યો અજિત પવાર સાથે ગયા છે. આમાંથી કેટલીક બેઠકો એનસીપીના ગઢ તરીકે ઓળખાતી હતી પરંતુ હવે અજિત પવારના બળવા પછી શરદ પવારે ફરીથી આ મતવિસ્તાર કબજે કરવાની વ્યૂહ રચના તૈયાર કરી છે. તેમજ અમુક મતક્ષેત્રમાં કેટલાક ઉમેદવારો અજીત પવારથી નારાજ હોવાની રાજકીય વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. તો શું પવાર ફરી પ્રવાસ કરીને રોટલી ફેરવશે? સવાલ રોમાંચકારી છે તો જવાબ પણ રસપ્રદ હશે....

શરદ પવાર જુના કોંગ્રેસી છે અને કોંગ્રેસમાં એક સમયે વડાપ્રધાનપદના દાવેદાર હતા. જો કે ગાંધી પરિવારે મચક ન આપતાં સોનિયા ગાંધી વિદેશી છે કહીને તેઓ અને પીએ સંગમાએ કોંગ્રેસને રામરામ કરીને એનસીપી નામની નવી પાર્ટીની રચના કરી હતી. સંગ્મા હયાત નથી પણ તેમના પુત્રે પાર્ટીને ટકાવી રાખી છે અને ચૂંટણીઓ લડે છે.

એમ કહેવાય છે કે મહારાષ્ટ્રમાં સુગરલોબી શરદના ઈશારે કામ કરતી હતી. ગુજરાતના રાજકારણમાં એક સમયે જેમ તેલિયારાજાઓનું વર્ચસ્વ હતું તેમ મહારાષ્ટ્રના રાજકારણમાં સુગર મિલના આગેવાનો કે જે સુગરલોબી તરીકે પંકાયેલા હતા તેમનુ વર્ચસ્વ રહેતુ હતુ. રાજકિય પક્ષોને આર્થિક ફંડફાળો તેમના તરફથી મળતો હોવાનું કહેવાતું હતું. સુગરલોબીના એ માંધાતા નેતા શરદ પવારે પોતાની રાજકીય કલાબાજીથી ભાજપને સબક શિખવશે કે કેમ તે અંગે ઉદ્ધવ ઠાકરે કહે છે કે માત્ર પવારજી નહીં પરંતુ અમારી પાર્ટી પણ તેમની સાથે રહીને ભાજપને મતદારો સમક્ષ ખુલ્લા પાડીશું કે કઈ રીતે ભાજપે સત્તા માટે શિવસેના અને એનસીપીને તોડવાનું કામ કર્યું છે.


ગુજરાતના પડોશી રાજ્યની ચૂંટણીઓ લોકસભા જેટલી જ મજેદાર રસદાર અને અસરદાર જોવા મળશે. કેમ કે 3 વર્ષમાં મહારાષ્ટ્રના રાજકારણમાં ઘણ બધુ ઉથલપાથલ-છિન્નભિન્ન અને કોઈ યહાં તો કોઈ વહા અને કોઈ ન જાને કહા...જેવુ થયું છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને ધારી બેઠકો મળી શકી નથી. બહુમતિ માટે 272 બેઠકોમાં જે બેઠકોની તૂટ પડી કે ઓછી મળી તે રાજ્યોમાં યુપી અને મહારાષ્ટ્ર છે. રાજકીય રીતે જોઈએ તો મહારાષ્ટ્ર અને તેની સાથે યોજાનાર હરિયાણાની ચૂંટણીઓ ભાજપ માટે લિટમસ ટેસ્ટ સમાન હશે.

83 વર્ષે ચૂંટણી જંગના મેદાનમાં શરદ પવારની એન્ટ્રી જ દેશ રાજકારણ માટે એક રસપ્રદ પ્રકરણ સમાન છે.તેમને નજીકથી ઓળખનારા કહે છે કે શરદ પવાર એક વાર નક્કી કરે પછી તેમને હિમાલય પણ નડતો નથી. કોઈએ સૂતેલા વાઘને છંછેડ્યો છે અને પરિણામ પછી કોનું છેલ્લુ અટ્ટહાસ્ટ હશે એ તો ઈવીએમબાબા જ કહેશે પણ અત્યારે તો મહારાષ્ટ્રમાં તમામ રાજકારણીઓની નજર શરદ પવાર પર છે.....મહારાષ્ટ્રની એક સમયની યુધ્ધભૂમિ આજના સમયમાં એક 83 વર્ષિય રાજકીય યોધ્ધાની રણનીતિને નિહાળવા તૈયાર છે....આ દેખે જરા કિસ મેં કિતના હૈ દમ.....કોણ કોના ચક્રવ્યૂહમાં ફસાશે.....બસ 100 દિવસની છે વાર....!!

ધર્મ

# 4થીએ ઉજવાશે હરિયાળી અમાવસ્યા, જાણો તારીખ, સમય અને શું છે ધાર્મિક મહત્ત્વ ?

હિન્દુ ધર્મમાં અન્ય અમાવસ્યાઓની જેમ હરિયાળી અમાવસ્યાનું ખૂબ મહત્વ છે. હરિયાળી અમાવસ્યા સાવન મહિનાની અંધારી બાજુએ આવે છે. સાવન હોવાને કારણે આજુબાજુનું વાતાવરણ હરિયાળું લાગે છે. હરિયાળી અમાવસ્યા ખાસ કરીને નવગ્રહની શાંતિ માટે પણ જાણીતી છે. આ વર્ષે હરિયાળી અમાવસ્યા 4 ઓગસ્ટ, રવિવારના રોજ છે. જાણીએ હરિયાળી અમાવસ્યાનું શું છે મહત્વ.....હિંદુ કેલેન્ડર મુજબ ઉત્તર ભારતમાં આ વર્ષે સાવન મહિનાના કૃષ્ણ પક્ષમાં અ ગુજરાત સહિતના પ્રદેશોમાં અષાઢ માસની અમાવસ્યાના દિવસે તિથિ 3 ઓગસ્ટ શનિવારના રોજ બપોરે 3.50 વાગ્યાથી શરૂ થશે. આ તારીખ 4 ઓગસ્ટ, રવિવારના રોજ સાંજે 4:42 કલાકે સમાપ્ત થશે. જો ઉદયતિથિના આધારે જોવામાં આવે તો આ વખતે હરિયાળી અમાવસ્યા 4 ઓગસ્ટ, રવિવારના રોજ હશે.સાવનની અમાવસ્યાને હરિયાળી અમાવસ્યા કહેવામાં આવે છે કારણ કે આ સમય વૃક્ષો વાવવા માટે ખૂબ જ સારો માનવામાં આવે છે. વરસાદને કારણે ચારેબાજુ હરિયાળી છે અને પ્રકૃતિ સુંદર લાગે છે. આ સમયે વરસાદને કારણે ધરતી પર ચારે બાજુ હરિયાળી છવાઈ ગઈ છે અને પ્રકૃતિનું સૌંદર્ય જોવા જેવું છે. હરિયાળી અમાવસ્યા નવગ્રહ અને પિતૃઓની શાંતિ માટે પણ ખૂબ જ શુભ માનવામાં આવે છે કારણ કે હરિયાળી અમાવસ્યા પર વિશેષ પૂજા અને દાન કરવાથી નવગ્રહની નકારાત્મક અસરો શાંત થાય છે.આ વખતે હરિયાળી અમાવસ્યા 4નો શુભ સંયોગ બની રહ્યો છે. હરિયાળી અમાવસ્યાના દિવસે સિદ્ધિ યોગ, રવિ પુષ્ય યોગ, સર્વાર્થ સિદ્ધિ યોગ અને પુષ્ય નક્ષત્રના શુભ સંયોગને કારણે હરિયાળી અમાવસ્યાનું મહત્વ વધુ વધી ગયું છે.હરિયાળી અમાવસ્યા પર ચાર શુભ સંયોગો બની રહ્યા છે, તેથી દિવસભર દાન માટે શુભ સમય રહેશે જ્યારે બ્રહ્મ મુહૂર્ત



સવારે 04:20 થી 05:02 સુધીનો છે, આ સમયે સ્નાન કરો અને વિશેષ પૂજા કરો. હરિયાળી અમાવસ્યા પર અનાજ, વસ્ત્ર, ફળ વગેરેનું દાન કરવું શુભ માનવામાં આવે છે. મંદિરમાં અથવા જરૂરિયાતમંદ અને ગરીબોને દાન કરી શકો છો, તે પણ શુભ માનવામાં આવે છે.હરિયાળી અમાવસ્યા પર શું દાન કરવું જોઈએ......આ મહિનો દેવોના દેવ મહાદેવને પ્રિય છે . આવી સ્થિતિમાં ચોખા, સફેદ વસ્ત્ર, સફેદ ફૂલ, ખાંડ અને નારિયેળ વગેરેનું દાન કરો. તેનાથી વ્યક્તિને ભગવાન શિવની કૃપા પ્રાપ્ત થશે.તમે હરિયાળી અમાવસ્યા પર દૂધનું દાન કરી શકો છો. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર દૂધનું દાન કરવાથી જીવનમાં શુભફળ આવે છે. કારણ કે મહાદેવને દૂધનો અભિષેક કરવામાં આવે છે. સનાતન ધર્મમાં અમાવસ્યાના દિવસે કાળા તલનું દાન કરવું શુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે કાળા તલનું દાન કરવાથી વ્યક્તિને ઘણા ફાયદા થાય છે અને કુંડળીમાંથી ખરાબ ગ્રહોની અસર દૂર થઈ જાય છે.પિતૃઓની કૃપા મેળવવા માટે અમાવસ્યા તિથિને શુભ માનવામાં આવે છે. આ દિવસે અન્ન, પૈસા અને વસ્ત્રોનું દાન કરો.જો તમે જીવનમાં સાદે સતીની સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો તમે હરિયાળી અમાવસ્યા પર છત્રી, ચામડાના ચંપલ અને ચપ્પલ, આખા અડદ અને વાસણોનું દાન કરી શકો છો. તેનાથી આર્થિક મુશ્કેલીઓ દૂર થાય છે અને ઘરમાં ખુશીઓ આવે છે.

લઘુવાર્તા

# ખુલાસો : અચાનક મારી નજર એક પાના પર પ્રગટ થયેલ જીવનસાથીની કૉલમ ઉપર પડી....

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

અરે! સંજય, ઊભો થઈને જરા જો તો કોણ બારણું ખખડાવી રહ્યું છે". પલંગમાં અમસ્તા જ આંખો મીંચીને ભવિષ્યનાં સ્વપ્નો જોતાં સંજયે સુજાતાને આશ્લેષમાં લેતાં 'વહાલી, આટલી સવારે બીજું તો કોણ હોઈ શકે? કાં તો દૂધવાળો હશે અથવા છાપાંવાળો! તું આવી ખોટી ચિંતા કર્યા વિના નિરાંતે સૂતી રહે શનિવાર કંઈ રોજેરોજ નસીબમાં નથી આવતો બરાબર સાત દિવસની તપસ્યા બાદ આવે છે, સમજી?"

સંજયનું આ વાક્ય પૂરું ન થયું ત્યાં તો ભીંતે ઝૂલતી ઘડિયાળમાં ટકોરા પડવા શરૂ થયા.


સંજયની બાહોમાં પડી પડી .. એક બે એમ દસના ટકોરાને ગણતી સુજાતાએ સંજયને પાછો હલબલાવ્યો.

"અરે! ઊઠ, આમ એદીની જેમ ક્યાં સુધી પડયો રહીશ? ઊઠીએ છીએ ઊઠીએ છીએ! એમ કરતાં દસ વગાડી દીધા." આમ વહાલથી સંજયને મનાવતી સુજાતાએ સંજયનો હાથ ઝાલીને પલંગમાંથી ઊભો કરી તેને દરવાજો ખોલવા મોકલ્યો.

દરવાજો ખોલતાં પહેલાં સંજયે એક વાર અરીસામાં જોયું. ખમીસનાં બેચાર ખુલ્લાં બટન બંધ કર્યાં. લુંગીને જરા ક્સકસાવીને બાંધી અને પછી દરવાજો હળવેકથી ખોલ્યો. ઉંબરાની બહાર જઈને સંજયે જમણી તેમ જ ડાબી તરફ એક નજર ફેરવી જોઈ. પરસાળમાં કોઈને ન જોતાં તેણે વિચાર્યુ કે કાં તો સુજાતાને કોઈ દરવાજો ખખડાવી રહ્યું છે એવો ભ્રમ થયો હશે અથવા કોઈ દરવાજો ખખડાવી રહ્યું છે એવું સ્વપ્ન આવ્યું હશે.

ઊંઘ બગાડવા બદલ સુજાતા ઉપર સહેજ અણગમો બતાવતાં એ પાછો બારણું બંધ કરવા જતો હતો ત્યાં તેની નજર દરવાજાના આંકડામાં ભેરવેલા પરબીડિયા ઉપર પડી. પરબીડિયું જાણે સંજયની મજાક કરતું હોઠોમાં મલકી રહ્યું હતું.

પરબીડિયાને હાથમાં લઈને આમતેમ ફેરવીને જોતાં સંજયને



માન્યામાં નહોતું આવતું. એણે પોતાની આંખો ચોળીને ખાતરી કરી લીધી કે પોતે હજુ ઊંઘમાં તો નથી ને!

હજી ગઈ કાલે જ સવારે અમે શતાબ્દી એક્સપ્રેસમાં મુંબઈથી અમદાવાદ પાછા ફર્યાં. બા આ વખત દર વખત કરતાં વધારે ખુશખુશાલ હતાં. એમની ઘણાં વર્ષોની તમન્ના ગયા અઠવાડિયે પૂર્ણ થઈ હતી. પોતાના એકના એક સાત ખોટના દીકરાનાં લગ્ન થયાં હતાં. દીકરાની વહુ લગ્ન પછી પહેલી વાર દીકરા સાથે મુંબઈથી અમદાવાદ જતી હોવાથી બા છેક મુંબઈ સેન્ટ્રલ સુધી વળાવવા આવ્યાં હતાં.

સંજયે અનુમાન કર્યું કે અમને વળાવી ઘરે પાછાં ફરતાં ઘરને સાવ અડવું જોઈને બાનો જીવ કદાચ મૂંઝાતો હશે .. મૂંઝવણમાં ને મૂંઝવણમાં બાએ અમને આ પત્ર લખી નાખ્યો હશે, પણ પત્ર અમદાવાદમાં ફક્ત બાર કલાક જેવા ટૂંકા ગાળામાં મને મળી જાય એટલું ભારતનું ટપાલખાતું પ્રગતિશીલ નથી થયું. હા બનવાજોગ છે કે આ પત્ર જૂનો હોઈ શકે. આપણા ટપાલખાતાની ગેરવ્યવસ્થાને લીધે પત્ર સમયસર નહીં મળી શક્યો હોય, ખેર! ટપાલી પત્ર નાખી જ ગયો છે તો પછી ખોલીને વાંચવામાં મારું શું જાય છે? ક્યાં બીજા કોઈનો પત્ર છે. આખરે છે તો મારી માનો જ ને! આમ ખોટા સાચા તુક્કા કરતાં સંજયે પરબીડિયું ખોલ્યું..

ચિ. સંજય,તેમ જ મારી દીકરીતુલ્ય સુજાતા,

દીકરા સંજય, અમદાવાદ પહોંચી તું દરવાજો ઉઘાડીશ ત્યાં ઉંબરામાં આળોટતો મારો પત્ર જોઈને તને અચૂક નવાઈ લાગશે. અરે! શું

(અનુસંધાન પેજ-6 ઉપર)

બજેટોનોમિક્સ

## અનુરાગે રાહુલની જાતિ પૂછીને વિપક્ષને સામે ચાલીને મુદ્દો આપ્યો...?

# યે ઈશ્ક નહીં આસાન...આગ કા દરિયા હૈ ઔર તૈર કે જાના હૈ.....!

## એ ત્રણ રાજ્યોના પરિણામો બાદ નવી દિલ્હીના રાજકારણમાં શરૂ થશે હલચલ...ધમાધમ...ઝમાઝમ...!!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

બિચ્ચારો અનુરાગ ઠાકૂર. 10 વર્ષ સત્તામાં રહ્યો, પણ ત્રીજીવારની સરકારમાં સ્થાન ન મળતા કદાજ અકળાયા હશે કે ખબર નહીં શું થયું હશે કે તેમણે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ઠપકાર્યા કે જેમને પોતાની જાતિની ખબર નથી એ જાતિ જનગણનાની માંગણી કરે છે.....

હોબાળો તો મચવાનો જ હતો અને મચ્યો..પણ એ વખતે સદનમાં હાજર રાહુલે કહ્યું કે ભલે મારૂ અપમાન થયું પણ તેઓ જાતિ જનગણનાની માંગણી કરશે જ અને તેમની સરકાર આવ્યાં બાદ આ જ સદનમાં જાતિ જનગણનાનો કાયદો પસાર કરશે...રાહુલની પાછળ પાછળ સપાના નેતા અખિલેશે પણ ઠાકૂરને લઈ નાંખ્યો કે તમે કોઈની જાતિ કઈ રીતે પૂછી શકો....

તો વાત જાતિ જનગણનાની છે અને અને વસ્તી ગણતરીની વાત કરીએ તો 2020માં નવી વસ્તી ગણતરી થવાની હતી પણ કોરોનાને કારણે થઈ શકી નહીં હવે કોરોના નથી ત્યારે વસ્તી ગણતરી તો થવી જોઈએ પણ 4 વર્ષ થાયં હજુ ભારતની વસ્તી માટે નેતાઓ દ્વારા 140 કરોડનો આંકડો ઉપયોગમાં લેવાય છે. તેમાંથી 80 કરોડને સરકાર ખવડાવે છે અને તેમાંથી 25 કરોડને સરકારે ગરીબીમાંથી બહાર લાવવાનું કામ કર્યું છે.

નવી વસ્તી ગણતરી થાય તો ચોક્કસ આંકડો ખબર પડે કે કોની કેટલી વસ્તી છે. અને તેના આધારે સરકારી યોજનાઓ બનાવવામાં આવે. પણ એક વાત તો નક્કી થઈ જ ગઈ કે વસ્તીમાં ભારતે ચીનને પાછળ રાખ્યું છે. આમ તો વ્યાપારમાં ચીન ભારત તો શું અમેરિકા કરતાં પણ આગળ છે.

સંસદમાં ચાલી રહેલાં બજેટસત્રને રોજેરોજ પ્રસિધ્ધિ મળી રહી છે અને જોનારાઓ એમ કહે છે હવે લાગે છે કે સંસદ ચાલે છે....કેમ કે રાહુલ અને અખિલેશ, મહુવા મોઈત્રા, સુપ્રિયા શૂલે, એમ એક પછી એક મંત્રીઓને નિશાન બનાવીને ઘેરવાનો પ્રયાસ કરે છે. મંત્રીઓને હવે લેશન કરીને લાવવુ પડે તેવુ એક ચિત્ર વિપક્ષે બનાવ્યું છે.

બજેટ સત્રમાં હલવા સેરેમનીનો પણ ઉલ્લેખ થયો. બજેટ તૈયાર કરનાર અધિકારીઓને નાણામંત્રી હલવો ખવડાવીને તેમને ત્યારબાદ એક જગ્યાએ અલગ કરી દેવામાં આવે છે. એ અધિકારીઓને તેમના પરિવારની સાથે અમુક દિવસો સુધી વાત કરવા દેવામાં આવતી તી અને બજેટ સદનમાં રજૂ થાય ત્યારે એ અધિકારીઓ બહાર આવે છે. એ પ્રક્રિયાને હલવા સેરેમની કહેવાય છે. રાહુલે એમ કહ્યું કે બજેટ તૈયાર કરનારા અધિકારીઓમાં એસટી-એસસી કે ઓબીસી વર્ગનો



કોઈ અધ્કારીનો સમાવેશ કરાયો નહોતો અને ઉચ્ચ વર્ગના બે-ચાર અધિકારીઓએ નાણાંની ફાળવણી કરી નાંખી...તેઓ હલવો ખાઈ ગયા અને ગરીબોના ભાગે બજેટમાં કાંઈ આવ્યું નથી....અલબત રાહુલની આ વાત સાંભળીને નાણામંત્રી નિર્મલાએ હસવાનું છુપાવવા ચહેરા પર બે હાથ મૂક્યા એ તસ્વીર વાઈરલ થઈ. તેમને એવુ થયું હશે કે રાહુલમાં વહીવટીતંત્રનો અભાવ છે કેમ કે બજેટ તૈયાર કરવામાં આજદિન સુધી એવુ જોવામાં આવ્યું નથી કે એ અધિકારી કઈ જાતિનો છે અને એસટી-એસસી-ઓબીસીનો એક હોવો જોઈએ એવો કોઈ નિયમ નથી. પણ રાહુલ કોંગ્રેસની પારંપારિક વોટબેંક એસસી-એસટી-ઓબીસીને ફરીથી કોંગ્રેસ તરફ લાવવાના પ્રયાસરૂપે હસવુ આવે એવી વાત રજૂ કરી.

રાહુલને એક ફાયદો એ છે કે તેઓ વિપક્ષના નેતા બનતા હવે સરકારી ખર્ચે ગાડી-બંગલો, નોકર-ચાકર, ઓફિસ વગેરેની સુવિધાની સાથે લોકસભામાં તેઓ બોલવા માટે ઉભા થાય ત્યારે તેમને પ્રાયોરીટી મળે. તેમની વાત સાંભળવી પડે અને તેનો ભરપૂર લાભ તેઓ લઈને સરકારને ઘેરી રહ્યાં છે.

ટેકાવાળી એનડીએ સરકારને પણ એક ઘાયલ પ્રેમીની જેમ ધીમે ધીમે સમજાઈ રહ્યું છે કે... યે ઈશ્ક નહીં આસાન...આગ કા એક દરિયા હૈ ઔર તૈર કે જાના હૈ.....! ક્યાં સુધી આગના દરિયામાં તરીને સામે પાર નિકળશે તે એના બે રિમોટ નક્કી કરશે..! એક રિમોટ બિહારમાં નીતિશકુમાર પાસે અને એક આંધ્રમાં નાયડૂગરૂ પાસે છે.....3 રાજ્યોની ચૂંટણીના પરિણામ સુધી તો વાંધો નહીં આવે. મહારાષ્ટ્ર-હરિયાણા સહિતના એ ત્રણ રાજ્યોના પરિણામો બાદ નવી દિલ્હીમાં રાજકારણમાં શરૂ થશે હલચલ...ધમાધમ...ઝમાઝમ...!! સરકાર રહેશે કે ટકશે....? બસ 3 રાજ્યોની ચૂંટણીઓ જાહેર એટલી વાર....!!

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# સાઈબર ગઠિયાઓ બેફામ: 3 જણાં સાથે ઠગાઈ કરી સાત લાખ પડાવ્યાં

## સસ્તા લેપટોપની લાલચ-શેરમાં રોકાણ-સીમકાર્ડ બંધ થઈ જશે..ની રીત અજમાવી

ગુજરાત | વંદન


શહેરમાં ઓનલાઈન ઠગાઈની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે શહેરમાં એક કોલેજીયન યુવક, સિનિયર એક્ઝિક્યુટિવ યુવતી અને વૃદ્ધા આવા સાયબર ક્રાઈમનો ભોગ બન્યા છે અને કુલ મળીને અંદાજે 7 લાખની ઠગાઈ કરી છે. પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

ઘાટલોડિયા પોલીસ લાઈનમાં રહેતો તરંગ રણછોડભાઈ માલકિયા સુરેન્દ્રનગરની કોલેજમાં અભ્યાસ કરે છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક લેપટોપ અને મોબાઈલ ફોનની જાહેરાત જોઈ હતી. તેમાં લેપટોપ કે જેની કિંમત 45 હજાર હતી પરંતુ તે 9 હજારમાં આપવાની જાહેરાત હતી. બે આઈફોનની કિંમત 1.48 લાખ થાય પરંતુ તે ડિસ્કાઉન્ટમાં 37890માં આપવાની વાત કરી હતી. તેને પગલે લાલચમાં આવી ગયેલા તરંગે આ વસ્તુઓ ખરીદવા માટે ગઠિયાએ આપેલા એકાઉન્ટમાં ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. તરંગે ટુકડે ટુકડે 1.81 લાખ ટ્રાન્સફર કર્યા હતા પરંતુ ગઠિયાએ લેપટોપ કે મોબાઈલ મોકલ્યા નહોતા. તેને પગલે તરંગે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફરિયાદ કરી ઘાટલોડિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જ્યારે વસ્ત્રાપુરમાં રહેતી રાહી યાદવ ખાનગી કંપનીમાં સિનિયર એક્ઝિક્ટિવ તરીકે કામ કરે છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક લિંકમાં શેરબજારમાં રોકાણ કરી લાખો રૂપિયાનો નફો કમાવો તેવી જાહેરાત જોઈ હતી. તેણે રસ દાખવતાં રાહીને એક વોટ્સએપ ગ્રૂપમાં એડ કરવામાં આવી હતી. તેમાં તેને જુદા જુદા શેરમાં રોકાણ કરવાનું કહીને 3 લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. તેણે રૂપિયા વિડ્રો કરવાનું પૂછતાં એડાવાન્સ પેટે વધારે રૂપિયા ભરવાનું કહેવાયું હતું. જોકે ત્યાં સુધી રાહીએ 3.88 લાખ જમા કરાવી દીધા હતા. આખરે પોતે છેતરાઈ રહી હોવાનો અહેસાસ થતાં તેણે સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કરી વસ્ત્રાપુર પોલીસમાં ફરિયાદ કરી છે. બીજી તરફ, નારણપુરા આભૂષણ રેસિડેન્સીમાં રહેતા બિંદુબેન ત્રિવેદી (71)ના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો કે તમારૂ બીએસએનએલનું સીમ જૂનું થયું છે માટે 24 કલાકમાં બંધ થઈ જશે

# શહેરના 40 તળાવની સફાઈનું કામ "નજીકના"ઈજારદારોને મળ્યું

## બે વર્ષના બદલે હાલ પાંચ મહિના સુધી જ કામ સોંપાયું

ગુજરાત | વંદન



શહેરનાં દક્ષિણ, પૂર્વ, ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ ઝોનનાં ૪૦ તળાવની સફાઈ માટે બે વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્તમાં સુધારો કરતાં શાસક ભાજપે પાંચ મહિના માટે જ કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય કર્યો હતો.

મ્યુનિ.હેલ્થ કમિટી ચેરમેન જશુભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, ઉત્તર પશ્ચિમ ઝોનનાં ૧૧, દક્ષિણ પશ્ચિમ ઝોનનાં ૧૦, પૂર્વ ઝોનનાં નવ અને દક્ષિણ ઝોનનાં ૧૦ તળાવમાંથી કચરો સાફ કરવા માટે બે વર્ષ માટે કોન્ટ્રાક્ટ આપવાનાં ટેન્ડર મેલેરિયા ખાતા દ્વારા રજૂ કરાયા હતા. જોકે, પાર્ટી મોવડીમંડળની સૂચના પ્રમાણે બે વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાને બદલે હાલ પાંચ મહિના સુધી જ કામ સોંપવા અને પછી નવેસરથી ટેન્ડર બહાર પાડવાનો નિર્ણય કમિટીમાં લેવાયો હતો.મ્યુનિ. સૂત્રોનાં જણાવ્યા અનુસાર, તળાવો સાફ કરવાનાં કોન્ટ્રાક્ટ છેલ્લા કેટલાક વર્ષોથી ચોક્કસ એજન્સીઓને જ મળી રહ્યો છે

# બચતમંડળીના નામે 8.81 કરોડની ઠગાઈ કરનારાના જામીન રદ કરાયા

## જામીન મળેતો પુરાવા સાથે ચેડાં કરે તેવી શક્યતા: કોર્ટ

ગુજરાત | વંદન

જમાલપુર વિસ્તારમાં બચતમંડળી શરૂ કર્યા બાદ 8.81 કરોડની ઠગાઈ કરવાના કેસમાં બે આરોપીઓના જામીન સેશન્સ કોર્ટ ફગાવી દીધા છે. આ સાથે જ કોર્ટે નોંધ્યું હતું કે, આરોપીઓ સામે તપાસ જારી છે, ગંભીર પ્રકારનો ગુનો છે, મોટા વર્ગ સાથે ઠગાઈ આચરવામાં આવી છે ત્યારે આવા આરોપીને જામીન પર મુક્ત કરી શકાય નહીં.

જમાલપુરમાં બચતમંડળીના ઓથા હેઠળ સંખ્યાબંધ લોકો સાથે 8.81 કરોડની ઠગાઈ કરવાના કેસમાં પોલીસે બાજીદખાન મુસાખાન પઠાણ અને અકબરખાન મુસાખાન પઠાણની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યા છે. જ્યાંથી બન્ને સગા ભાઈઓએ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે, ખોટી રીતે ફરિયાદ નોંધવામાં આવી છે, અમે ઠગાઈ કરી નથી, કાયમી રહેઠાણ ધરાવીએ છીએ તેથી નાસી કે ભાગી જઈએ તેમ નથી, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છીએ તેથી જામીન મુક્ત કરવા જોઈએ.

જો કે, અરજીનો વિરોધ કરતા મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે એવી દલીલ કરી હતી કે, આરોપીઓએ ફરિયાદી અને તેમના સગાના 7.80 કરોડ અને આ સિવાય 11 સભ્યોના 1.73 કરોડ રૂપિયા બચત મંડળીના નામે લઈ લીધા બાદ ઠગાઈ આચરી છે, તપાસ દરમિયાન એવી વિગત ખુલી છે કે, 320 સભ્યોની આખીય મંડળી છે તેની વિગતો મેળવવામાં આવી રહી છે. તેથી ઠગાઈનો આંક વધે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે. આરોપીઓ વગદાર છે અને આ મામલે હજુ તપાસ જારી છે ત્યારે આરોપીઓને જામીન આપવામાં આવે તો પુરાવા સાથે ચેડાં કરે અથવા સાક્ષી ફોડે તેવી શક્યતા છે ત્યારે આરોપીઓને જામીન પર મુક્ત ન કરવા જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે બન્ને આરોપીઓના જામીન ફગાવી દીધા છે.

# સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
કેટલીક નવી પ્રવૃત્તિઓ આ સપ્તાહે શરૂ થશે, પરિવારના સભ્યોનો સહયોગ પણ તમને કેટલાક ખાસ નિર્ણય લેવામાં મદદ કરી શકે છે. કેટલાક પ્રશંસનીય કાર્ય માટે યુવાનોને વિશેષ સન્માન પણ મળશે. આ લોકો ભવિષ્ય વિશે સજાગ રહેશે.

**વૃષભ** (બ.વ.ઉ)
કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિમાં તમારે તમારું મન સ્થિર રાખવાનો પ્રયાસ કરવો પડશે. બિનજરૂરી ખર્ચાઓ બંધ કરો. ભાઈઓ સાથે સારા સંબંધો જાળવી રાખો. તમારા બાળકની કેટલીક પ્રવૃત્તિને કારણે તમે તણાવ અનુભવી શકો છો. વેપારમાં રોકાણ કરવા માટે સારો સમય છે.

**મિથુન** (ક.છ.ઘ)
આનંદથી ભરપૂર આ અઠવાડિયું રહેશે. સ્વજનોના આગમનને કારણે ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. ઘરની જાળવણી અથવા સુધારણા સંબંધિત કાર્યોમાં સમય પસાર થશે. કોઈને ઉધાર આપેલા પૈસા પાછા મળી શકે છે, જેનાથી રાહત મળશે.

**કર્ક** (ડ.હ)
બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખો અને ભીડવાળી જગ્યાએ જવાનું ટાળો. બાળકોને તેમની સમસ્યાઓ હલ કરવામાં મદદ કરો, તેનાથી તેમનો આત્મવિશ્વાસ વધશે. પરંતુ અંગત કામમાં તમારી વ્યસ્તતાને કારણે અડચણો આવશે. તમારા વ્યવસાયની કામગીરીને વધુ સારી બનાવો.

**સિંહ** (મ.ટ)
વ્યવસ્થિત અઠવાડિયું રહેશે. તમે જે કામ કરવા માટે મન લગાવશો તે પૂર્ણ કર્યા પછી જ તમને શાંતિ થશે. તમે ઉર્જાવાન અનુભવ કરશો અને તમારો સમય તમારા પરિવારના સભ્યોની જરૂરિયાતો પૂરી કરવામાં ખર્ચ થશે. અંગત સંપર્કો દ્વારા કોઈ હેતુ ઉકેલાશે.

**કન્યા** (પ.ઠ.ણ)
બીજાની અંગત બાબતોમાં દખલ ન કરો. તમે કોઈ ષડયંત્રનો શિકાર બની શકો છો. તમારા કામમાં કેટલીક અડચણો અને સમસ્યાઓ આવશે, પરંતુ તમે સમયસર તેનો ઉકેલ મેળવી શકશો.પારિવારિક વ્યાપાર સંબંધિત કામ સફળ થશે. અંગત લોકો સાથે મુલાકાત ફાયદાકારક સાબિત થશે.

**તુલા** (ર.ત)
અંગત અને પારિવારિક કાર્યો વચ્ચે સુમેળ બનાવવામાં સમય પસાર થશે અને તમને યોગ્ય પરિણામ પણ મળશે. કેટલાક પ્રભાવશાળી લોકોને મળવાની તક મળશે. તમારા વ્યક્તિત્વને સુધારવા માટે તમને નવી માહિતી મળશે. કેટલીક સમસ્યાઓ આવશે.

**વૃશ્ચિક** (ન.ય)
કૌટુંબિક અને અંગત નિર્ણયો જાતે જ લો. અન્યોની દખલગીરીને કારણે તમારા ઘરની વ્યવસ્થાઓમાં થોડો તણાવ આવી શકે છે. બિનજરૂરી વધતા ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર છે, આવકની સ્થિતિ સામાન્ય રહેશે. તમારા વ્યવસાયના સ્થળે તમામ નિર્ણયો જાતે જ લો.

**ધન** (ભ.ધ.ફ)
કેટલીક સિદ્ધિઓ સામે આવશે. પરિવારના સભ્યો સાથે વ્યવસ્થાને લઈને થોડી ચર્ચા પણ થશે. આ સમયે, તમારી કાર્ય ક્ષમતા પર સંપૂર્ણ વિશ્વાસ સાથે તમારી યોજનાઓને કાર્યમાં મૂકો, સફળતા નિશ્ચિત છે. કોઈ જુના ઓર્ડર અથવા કોઈ પક્ષને લઈને સમસ્યા હોઈ શકે છે.

**મકર** (ખ.જ)
પરિવારના કોઈ સભ્યના અંગત જીવનમાં ચાલી રહેલી મુશ્કેલીઓને કારણે તમે પરેશાન રહેશો. આ સમયે ટ્રાફિક સંબંધિત કોઈપણ પ્રકારના કામને મુલતવી રાખો. કારણ કે સમય વેડફવા સિવાય બીજું કશું પ્રાપ્ત થશે નહીં. કાર્યસ્થળ પર કોઈપણ પેપર વર્ક અથવા ઓર્ડર પૂર્ણ થશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
કોઈ નજીકના સંબંધી સાથે ગેરસમજને કારણે મતભેદ થઈ શકે છે. તમારા વ્યવસાયના વિકાસમાં મદદરૂપ સાબિત થશે. સરકારી કર્મચારીઓએ સાર્વજનિક સ્થળોએ કોઈપણ પ્રકારની વાદ-વિવાદમાં ન પડવું જોઈએ, નહીં તો તેઓ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. પરિવારના સભ્યો સાથે મનોરંજનમાં સમય જશે.

**મીન** (દ.ચ.ઝ)
સંતાન સંબંધિત કોઈપણ કામ પૂરા થયા પછી તમને રાહત મળશે. નજીકના સંબંધીઓ સાથે કેટલીક વિશેષ યોજનાઓ પર ચર્ચા થશે. નાણાકીય સમસ્યાઓ પણ દૂર થશે. ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રે પણ થોડો સમય પસાર થશે. આળસને કારણે કામ સ્થગિત કરવું યોગ્ય નથી. બાળકોના મિત્રો અને તેમની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવી ખૂબ જ જરૂરી છે. તમને પ્રભાવશાળી વ્યાપારી લોકોની કંપની મળશ.

## 60 ફૂટ ઊંચું હશે, 200 કારીગરો દ્વારા 1.5 વર્ષમાં પૂર્ણ થશે

# સાણંદમાં સિંહ આકારનું અને શિખર વિનાનું દુર્ગા માતાનું મંદિર આકાર લેશે

ગુજરાત | વંદન



સાણંદ તાલુકામાં નળ સરોવર પાસે આવેલા વણાલિયા ગામમાં પ્રથમ દુર્ગા મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, આ મંદિરમાં 51 શક્તિપીઠના દર્શનનો લાભ લઈ શકશે. મંદિરની વિશેષતાઓએ છે, મંદિરનું મુખ્ય ભાગ શિખરની જગ્યાએ સિંહ આકારનું હશે. આ મંદિરનું હાઈટ 60 ફૂટની હશે. આ મંદિરના નિર્માણ કાર્ય 1.5 વર્ષના ટૂંકા ગાળા પૂર્ણ કરવામાં આવશે. આ મંદિરને તૈયાર કરવા માટે 150 ઘન ફૂટ પથ્થરો મંગાવામાં આવ્યા છે.

મંદિર તૈયાર કરનાર ડો.હેનીબેન (ગુરુમાતા)ના જણાવ્યા અનુસાર કોઈ પણ ભક્તને શક્તિપીઠના દર્શન કરવા માટે વિવિધ સ્થળે પ્રવાસ કરવો પડે છે, તેથી જ આ મંદિરનું નિર્માણ કરાયું છે. સાથે જ 51 શક્તિપીઠની જ્યોત પ્રાણ-પ્રતિષ્ઠા સમયે લાવવામાં આવશે. મંદિર 15 વીઘાના વિસ્તારમાં તૈયાર કરવાનો મુખ્ય હેતુ એક જ છે, લોકો એક સાથે એક જગ્યાએ 51 શક્તિપીઠના દર્શનનો લાભ લઈ શકે. આ મંદિરના ગૃભગૃહમાં એક સાથે 300થી વધારે ભક્તો દર્શનનો લાભ લઈ શકશે.

આ મંદિરમાં ભારતીય સંસ્કૃતિને જાણવણી કરવા માટે નિત્યક્રમ શિબિરનું આયોજન કરવામાં આવશે. ત્યારે મંદિરમાં નિ:શુલ્ક મેડિટેશનનું પણ આયોજન થશે. દર્શનાર્થીઓ માટે 24 કલાકનો ભંડારોની વ્યવસ્થા પણ કરાશે. સાથે સાથે મંદિરમાં નિત્યક્રમ યજ્ઞ અને હવનનું પણ આયોજન કરવામાં આવશે.

દુર્ગા મંદિરમાં વિશાળ ત્રિશૂળ આકારના આશ્રમ સહિત પ્રાર્થના હોલ બનાવવામાં આવશે રાજ્યના તમામ મંદિરમાં વિશાળ પ્રવેશદ્વારનું નિર્માણ કરવામાં આવે છે, પરંતુ આ પહેલું મંદિર હશે, જ્યાં મુખ્ય દ્વારની જગ્યાએ ત્રિશૂળમાંથી પ્રવેશ કરાશે. મંદિર માટે તમામ પથ્થર ઔરંગાબાદથી મગાવામાં આવ્યા છે. આ ત્રિશુળ 355 ફૂટ લાંબુ અને 13 ફૂટ પહોળું રહેશે. મંદિરમાં પ્રાર્થના હોલ પણ બનાવવામાં આવશે જેમાં ભક્તો સહિત સંતો પ્રાર્થના કરી શકશે.રાજ્યભરના 200થી વધારે કારીગરો દ્વારા 24 કલાક કામ કરાવવામાં આવશે.

# કાપડ બજારમાં દલાલોના વ્હારે આવ્યું મસ્કતી કાપડ મહાજન

## છેતરપિંડીથી બચવા 200 એજન્ટનું મહાજનમાં રજિસ્ટ્રેશન કરાયું

ગુજરાત | વંદન




કાપડ બજારમાં અવાર નવાર વેપારી સાથે છેતરપિંડીની ઘટનાઓ બનતી હોય છે. કાપડના વેપારીઓ પાસે છેતરપિંડીની ઘટનાને લઈને મસ્કતી કાપડ મહાજન દ્વારા પણ રેલી કાઢવામાં આવી હતી. આ રેલીના પ્રતિસાદ સાથે કાપડ દલાલ એસોસિએશન મસ્કતી કાપડ મહાજન સાથે બેઠક કરીને 200 કરતા વધારે દલાલો મસ્કતી કાપડ મહાજનમાં રજીસ્ટ્રેશન કરાવી લીધું છે. આવા દલાલો અને એજન્ટ સાથે વેપારીઓ વિશ્વાસ સાથે વેપાર કરવા મહાજન દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસની સ્પેશયલ સેલની રચના કરવામાં આવી છે. હાલમાં કરોડો રૂપિયાની રિકવરી કરીને વેપારીને પરત અપાવ્યા છે. તેમ છતાં વેપારીઓની ઉધારીનો લાભ લઈને કેટલાક લોકો દલાલો મારફત માલ મંગાવીને પાર્ટી ઉઠી જતી હતી. ગત યોજાયેલી રેલી શહેરના કાલુપુરમાં જુદા જુદા કાપડ માર્કેટમાં ફરી હતી. કાપડના વેપારીઓને ઉધારી ઓછી કરવા તેમજ રજીસ્ટર્ડ હોય તેવા વેપારી અને દલાલો સાથે વેપાર કરવા જણાવવામાં આવ્યું હતું. જેને લઈને કાપડ માર્કેટમાં વેપારીઓ અને દલાલોમાં અવેરનેસ આવી છે.

આ દલાલ એસોસિએશનનું કહેવું છે કે, બોગસ લોકોના કારણે તેમના વેપાર ઉપર અને કામકાજ ઉપર ખરાબ અસર પડે છે. જેથી આવા લોકોને માર્કેટમાં સ્થાન ના મળે તો કોઈ વેપારી સાથે છેતરપિંડીના બને કે પ્રમાણિક દલાલો પણ છેતરાય નહીં.

કાપડનો વેપાર વર્ષોથી ઉધારી ઉપર ચાલતો આવ્યો છે, પરંતુ તેમાં હવે ઈમાનદારી અને પ્રામાણિકતાનો અભાવના કારણે વેપારીઓ નકામા હેરાન થઈ રહ્યાં છે. મસ્કતી કાપડ મહાજનની અગામી બેઠકમાં કેટલાક મહત્ત્વના નિર્ણય લેવા જઈ રહ્યાં છે જેના કારણે છેતરપિંડીનો ભોગ બનેલા વેપારીના નાણાં પરત મેળવી શકીએ.

# ગુજરાતભરમાં ઓગસ્ટ માસમાં બારેમાસ ખાંગા થવાની આગાહી

## ત્રણ ઓગસ્ટથી વરસાદ લાવે તેવી સિસ્ટમ મજબૂત બનશે

ગુજરાત | વંદન

હાલ સમગ્ર રાજ્યમાં મેઘ મહેર થઈ રહી છે. જેમાં વધતા-ઓછા પ્રમાણમાં રાજ્યના મોટા ભાગના શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ઓગસ્ટના આખા મહિના દરમિયાન વરસાદ લાવે તેવી જુદી જુદી સિસ્ટમ સક્રિય થવાની છે. જેની અસરને કારણે મહિનામાં રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ જામશે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત ઓગસ્ટમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં ઘણી જગ્યાએ પૂરની દહેશત નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. જ્યારે આખા મહિના દરમિયાન અમદાવાદમાં પણ સમયાંતરે વરસાદી માહોલ રહેવાની વકી છે.

હવામાન નિષ્ણાતના જણાવ્યા અનુસાર, આગામી એકાદ દિવસમાં વાદળનો મોટો સમૂહ મધ્ય પ્રદેશ થઈને ગુજરાત આવી રહ્યો છે. ત્રણ ઓગસ્ટથી વરસાદ લાવે તેવી સિસ્ટમ મજબૂત બનશે. બીજી ઓગસ્ટે બંગાળ ઉપસાગરનું વહન લો પ્રેશર વેલ માર્ક સક્રિય થઈ રહ્યુ છે. તેથી મધ્ય પ્રદેશ ઉપર લો પ્રેશર સક્રિય થશે. અરબ સાગરમાં એક સિસ્ટમ સક્રિય થશે. તેથી ગુજરાતના ભાગોમાં વરસાદ થશે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થશે. વલસાડના ભાગોમાં પૂરની સ્થિતિ નિર્માણ થઈ શકે છે. નવસારીના ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા રહેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા રહેશે. કચ્છના ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા રહેશે. આ મહિનામાં મધ્ય ગુજરાતમાં પણ કોઈ ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા રહેશે.

## કોર્પોરેશન બે કરોડના તિરંગા ખરીદીને નાગરિકોને આપશે

# શહેરમાં તિરંગા બનાવનારાઓને મળશે વધારાની રોજગારી....

ગુજરાત | વંદન



આગામી ૧૫મી ઓગસ્ટના દિને શહેરના તમામ ઘર ઉપર ત્રિરંગો લહેરાવવા માટે મ્યુનિ. સત્તાધીશોએ બે કરોડના ખર્ચે સાડા ત્રણ લાખથી વધુ રાષ્ટ્રધ્વજ ખરીદવાનો નિર્ણય લીધો છે.

મ્યુનિ. સ્ટે.કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણીએ જણાવ્યું હતું કે, તમામ નાગરિકોમાં દેશપ્રેમની ભાવના બળવત્તર બને તેવા ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વાતંત્ર્ય પર્વ દિને હર ઘર તિરંગાનો નારો આપ્યો હતો. જેને ગત વર્ષે અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો.

તેમણે કહ્યું કે, આગામી 15 ઓગસ્ટના રોજ પણ શહેરના તમામ મકાન-ઘર અને દુકાન-ઓફિસ સહિતની જગ્યાઓએ રાષ્ટ્રધ્વજ લહેરાય અને અનોખુ વાતાવરણ સર્જાય તે માટે હર ઘર તિરંગા અભિયાનને આગળ ધપાવવા અને તેના માટે દરેક નાગરિકના ઘરે વિનામૂલ્યે તિરંગો આપવાનો નિર્ણય લેવાયો છે. જેના માટે સાથીપક્ષના કોર્પોરેટર અને ઉપનેતા નિરવ બક્ષી સાથે વાતચીત કરતાં તેમણે પણ આઝાદીના પર્વની ઉલ્લાસભેર ઉજવણીમાં કોંગ્રેસ સાથ સહકાર આપવા તૈયાર છે તેવી ખાતરી આપીને ભાજપની સાથે કોંગ્રેસના તમામ કોર્પોરેટર તરફથી એક એક લાખનુ બજેટ ફાળવવાની જાહેરાત કરી છે તેમ સ્ટે.કમિટી ચેરમેને જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, કોર્પોરેટરોના બજેટમાંથી સાડા ત્રણ લાખથી વધુ રાષ્ટ્રધ્વજની ખરીદી કરવામાં આવશે અને વોર્ડ દીઠ સાત હજારથી વધુ તિરંગાનુ વિતરણ કરવામાં આવશે. આ સિવાય ખૂટતા તિરંગાની વ્યવસ્થા પણ ભાજપના કોર્પોરેટરો કરી આપે તેવું આયોજન કરવામાં આવ્યુ છે. હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવવા માટે દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.

## શબ્દોની સંતાકૂકડી 124

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| | ■ | 5 | 6 | | ■ | |
| 7 | 8 | | | ■ | 9 | |
| ■ | | ■ | 10 | 11 | | ■ |
| 12 | | 13 | ■ | 14 | | 15 |
| | ■ | 16 | | | ■ | |
| 17 | | | ■ | 18 | | |

**ઊભી ચાવી**

(1) ખાનદાન કુટુંબનો માણસ [3]
(2) બલિ, શિકાર [3]
(3) પાકી જવું એ, પરિપક્વ થવું એ [2]
(4) દોજખ, વિષ્ટા, નરકાસુર [3]
(6) મોર કે ફૂલો આવ્યાં હોય તેવું ઝાડ વગેરે [3]
(8) નાનું તળાવ, પાણીનો ઘડો [3]
(9) પશુ ચરાવનારો, ગોવાળ [3]
(11) મોટા માણસોની સભા [4]
(12) ચોખાની એક જાત [3]
(13) સમુદાય, સમૂહ [3]
(15) ડોકરી, ડોસી [3]

**આડી ચાવી**

(1) એક રૂઢિ પ્રયોગ છે કે.......... પીને આવવું [3]
(3) પચી જવું એ, હજમ થઈ જવું એ [3]
(5) હળવી પીડા [3]
(7) ભારે રોકકળ [4]
(9) ચક્રની ગોળ ગતિ [2]
(10) દ્રાક્ષ અથવા કેળાંનો ઝૂમખો [3]
(12) દેવું, ઋણ [3]
(14) સકંજો, સાણસો [3]
(16) કાટલું [3]
(17) સાહીનો ખડિયો [3]
(18) તુલા, ત્રાજવું, છાબડાં [3]

**શબ્દોની સંતાકૂકડી-124નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] |
| ■ | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ |
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] |
| [illegible] | [illegible] | [illegible] | ■ | [illegible] | [illegible] | [illegible] |

## સુડોકુ કોયડો નં. 125

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | 3 | | | | 4 |
| | | 4 | 1 | | | | | |
| 7 | 8 | 3 | 4 | | | | 6 | |
| | | 5 | | | | 8 | | 9 |
| 6 | 4 | | | | | | 5 | 7 |
| 3 | 9 | | | | | 6 | 4 | |
| 4 | | 2 | 6 | 8 | 3 | 9 | | 5 |
| 5 | | 7 | | 1 | | 4 | | 3 |
| | 3 | | 7 | | 4 | 1 | 2 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-125નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 6 | 8 | 3 | 7 | 2 | 9 | 4 |
| 9 | 2 | 4 | 1 | 6 | 5 | 7 | 3 | 8 |
| 7 | 8 | 3 | 4 | 9 | 2 | 5 | 6 | 1 |
| 2 | 7 | 5 | 3 | 4 | 6 | 8 | 1 | 9 |
| 6 | 4 | 1 | 9 | 2 | 8 | 3 | 5 | 7 |
| 3 | 9 | 8 | 5 | 7 | 1 | 6 | 4 | 2 |
| 4 | 1 | 2 | 6 | 8 | 3 | 9 | 7 | 5 |
| 5 | 6 | 7 | 2 | 1 | 9 | 4 | 8 | 3 |
| 8 | 3 | 9 | 7 | 5 | 4 | 1 | 2 | 6 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

અનુસંધાન પેજ 04 પરથી...

## ખુલાસો ...

હું આ સ્વપ્ન તો નથી જોતોને એમ વિચારીશ. ખેર! સંજય, આ પત્ર વાંચીને કદાચ તું ખોટાસાચા વિચારોના ભ્રમમાં તણાઈ જાય. બનવાજોગ છે કે તું સત્યને સમજવામાં નિષ્ફળ જઈશ અને તને માથે આભ તૂટ્યા જેટલું દુઃખ પણ થશે. જે વાત હું તને આજે આ પત્રમાં લખી રહી છું તે વાતને મારે તને અને સુજાતાને તમે મુંબઈથી આપણા ઘેર હતાં ત્યારે જ કરી દેવાની ઈચ્છા હતી, પણ કદાચ તું મને ના સમજી શકે તો?તારા લગ્ન જીવનના પ્રથમ અઠવાડિયે તારે માથે પહાડ તૂટ્યા જેટલું પારાવાર દુઃખ તને લાગત એ બીકે તને રૂબરૂમાં કહેતાં મારી જીભ ન ઊપડી. તમે બંને જ્યાં જ્યારે હનીમૂન માટે માથેરાન ગયાં હતાં તે દરમ્યાન એક સાંજે મારા મનના ખુલાસાને મેં પત્રમાં લખી નાખ્યો. તમે જ્યારે મુંબઈથી અમદાવાદ પાછા ફરવાનાં હતાં તેના બેત્રણ દિવસ પહેલાં મેં આ પત્રને ટપાલમાં નાખી દીધો કે જે તને અમદાવાદ પહોંચતા મળી જાય. ખેર! દીકરા, આમ ફક્ત શબ્દોથી પાનાં ચીતરવાને બદલે હું મૂળ વાત ઉપર આવું છું. આશા છે કે તું તારી માને યોગ્ય રીતે સમજી શકીશ .સંજય, તું જાણે જ છે કે તું ફક્ત પાંચ વર્ષનો હતો ત્યારે જ તારા પિતાનું બે રાતની સામાન્ય તાવ જેવી બીમારીમાં અવસાન થઈ ગયું. તે દિવસથી તને માતા અને પિતાનો પ્રેમ આપવાની બેવડી જવાબદારી મારા માથે આવી પડી.

દીકરા, તારા ખાતર પહાડ જેવાં દુઃખો મેં હસતાં હસતાં સહન કરી તને પાળીપોષીને મોટો કર્યો.

ભૂખતરસ વેઠી, પેટે પાટા બાંધીને રાત દિવસ કાળી મજૂરી કરીને તને મેં કેમિકલ એન્જિનિયર બનાવ્યો. તારી મહેનત, લગન અને ઈશ્વરની કૃપાથી તને અમદાવાદ જેવા શહેરની નામી કંપનીમાં મૅનેજરના હોદ્દાની નોકરી પણ મળી ગઈ. જેમ હરેક માના જીવનની એક ઈચ્છા હોય છે કે પોતાના દીકરાને ભણાવી-ગણાવીને કામધંધે વળગાડી કોઈ સારા ઘરની સુશીલ છોકરી સાથે પરણાવી, પૌત્ર-પૌત્રીને રમાડવાં તેવી જ મારી ઈચ્છા. ઈશ્વરે મારી બધી ઈચ્છાઓ પૂરી કરી તે બદલ હું તેનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. સંજય, તને સુજાતા જેવી સુશીલ, સુંદર, ભણેલ-ગણેલ છોકરી મળી, તમારી બંનેની જોડી જોઈને મારી આંખો ઠરી. સંજય, જે વાત હું તને મોઢે ન કહી શકી તે વાત આજ છાતી ઉપર પથ્થર મૂકીને લખી રહી છું.

ચારેક મહિના પહેલાં તારી સગાઈ થઈ તે પછીના અઠવાડિયે હું નિરાંતે બેઠી બેઠી એક બપોરે 'જન્મભૂમિ પ્રવાસી'નાં પાનાં ફેરવતી હતી. અચાનક મારી નજર એક પાના પર પ્રગટ થયેલ જીવનસાથીની કોલમ ઉપર પડી એક વિદ્વાન, વિધુર અને ખાનદાન ગૃહસ્થને એક યોગ્ય જીવન સાથીની જરૂર છે. મેં તે જાહેરાતને લગભગ છથી સાત વખત વાંચી. એકાદ બે અઠવાડિયાં તે બાબત પર વિચારતી રહી. ભવિષ્યમાં હું આવું કંઈક પગલું ભરુ તો! સમાજ અને ખાસ કરીને મારા કુટુંબ પર તેની શી અસર પડશે? મારો સંજય શું ધારશે!

આખરે મેં મારા ભવિષ્યનો પૂરેપૂરો વિચાર કરીને મને જે યોગ્ય જણાયું તે મુજબ મેં જાહેરાતમાં દર્શાવેલા સરનામે પત્રવ્યવહાર કર્યો. મને મારા પત્રનો જવાબ તે મહાશય દ્વારા બીજે જ અઠવાડિયે મળ્યો. તેમના પત્રથી હું બહુ જ પ્રભાવિત થઈ. મેં તેમના પત્રનો જવાબ તાબડતોબ આપ્યો. આમ અમે એકબીજાને ચાર પત્રો લખ્યા અને ત્યાર બાદ એક સાંજે ઘાટકોપરની પુજા હોટેલમાં મળ્યાં.

અમારી આ મુલાકાત બાદ અમને જણાયું કે અમારા વિચારો, સ્વભાવ એકબીજાને સંપૂર્ણપણે અનુકૂળ છે. બસ ત્યારબાદ અમે એકબીજાને સમય સમયે મળતાં રહ્યાં. આખરે એક સાંજે ઘૂઘવતા દરિયા કિનારે એક અટલ વિચાર પર મક્કમ થઈને નક્કી કર્યું કે સંજય તારા લગ્ન બાદ અમારે કોર્ટથી લગ્ન કરી લેવાં.

સંજય, મેં તે મહાશયને ગયા સોમવારે મારા ભાવિ જીવન સાથી તરીકે સ્વીકારી લીધા. દીકરા, હવે મારું નામ શ્રીમતી આશાદેવી સુશીલકુમાર મહેતા થયું છે. મારા આ પગલાથી તું ખોટી ભ્રમણામાં ના રહીશ કે મેં આ લગ્ન ધન દોલત ખાતર કર્યાં છે.

મારી સાચી ધન દોલત જે કાંઈ સમજે તે દીકરા તું જ છે. જ્યાં સુધી આંગળી પકડીને ચાલતો સંજય હતો ત્યાં સુધી પ્રત્યેક ક્ષણે મારી આંગળી તને આપી હતી, પણ હવે તો તારા લગ્ન થયાં. તને ડગલે ને પગલે જીવનસંગ્રામમાં સાથસહકાર આપી શકે તેવી સુશીલ પત્ની જોઈને મને ખૂબ જ આંનદ થયો.

તું મુંબઈમાં જ્યાં સુધી મારી પાસે હતો, ત્યાં સુધી મને ક્યારે ય એકલતાનો અહેસાસ થયો ન હતો, પરંતુ જ્યારે તને અમદાવાદમાં નોકરી મળી ગઈ અને તું સદા માટે ત્યાં સ્થાયી થઈ ગયો ત્યારથી મને પ્રત્યેક ક્ષણે આ ઘર ખાવા દોડતું હતું.જીવનમાં હું એકલતા અનુભવતી હતી. આ ખાલીપણાને ભરવા મને કોઈકની જરૂરિયાત જણાતી હતી કે જેના ખંભે હું માથું મૂકીને સુખદુઃખમાં મારું મન હળવું કરી શકું.

આખરે જીવનમાં માર્ગે સાથ આપી શકે એવો એક પ્રેમાળ હાથ મને મળી ગયો. હવે કોઈ પણ સંજોગોમાં હું આ હાથને તરછોડવા માગતી નથી.

સંજય, તું અને સુજાતા ક્યારેક મુંબઈ આવશો ત્યારે મકાનમાં, શેરીમાં તેમ જ આપણાં સંગાસંબઘીઓ મારા વિશે તને કંઈક જુદી જ વાતો કરશે. કોઈ નવરું પંચાતિયું મહેણાંટોણાં મારશે. આશા છે તમે તેઓની વાતોને ભીતરમાં ન લેશો. બને તો આંખ આડા કાન કરશો. દીકરા, આપણે ગમે તેવા પ્રમાણિક કે સાચા હોઈએ, પણ દુનિયાને મોઢે કોઈ ગળણું બાંધી ન શકીએ. તો ફાવે તેવું પોતપોતાના વિચારો પ્રમાણે બોલશે. દીકરા, આપણા સમાજમાં એક વિધવા તરીકે જીવવું કેટલું કપરું છે એ તો મારું મન જાણે છે. હું તો જગતનાં મહેણાંટોણાંથી ટેવાઈ ગઈ હતી એટલે મને તેની કોઈ ચિંતા નથી.

સુજાતા આપણા સમાજથી સાવ અપરિચિત છે. લોકો તેને કહેશે કે તારી સાસુની તો શી વાત કરીએ? તેના આ લફરાને તો અમે વર્ષોથી જાણતાં હતાં. વળી કોઈક એમ પણ કહેશે કે મૂઈ આશા, આવું છિનાળું કરવું હતું તો જ્યારે ઉંમર હતી ત્યારે ન કર્યું અને જ્યારે દીકરાની વહુ આવી ત્યારે પોતે કોકના ઘેર જઈને બેઠી.

દીકરા, આ તો દુનિયા છે. આવું તમને કંઈક બનાવીને કહેશે. સંજય, મેં મારી બધી જ જવાબદારી હસતાં હસતાં નિભાવી છે એમ હું માનું છું. જો તને ક્યાંક જીવનમાં મારા તરફથી ઊણપ જણાઈ હોય તો તું તારી માને માફ કરી દેજે.દીકરા, તું એવો અર્થ ના કરીશ કે આ લગ્ન કરી હું તારાથી દૂર જઈ રહી છું. માદીકરાના સંબંધને મૃત્યુ પણ જુદા કરી શકતું નથી. જગતની કોઈ મા ક્યારે ય પોતાના દીકરાની જવાબદારીમાંથી મુક્ત થઈ શકી છે? તો હું તારાથી કેવી રીતે મુક્ત થઈ શકું?

હવે મને નથી લાગતું કે મારે આથી વિશેષ કંઈ ખુલાસો તારી પાસે કરવો જોઈએ. સંજય મને વિશ્વાસ છે કે તું મને બરાબર સમજી શકીશ, કારણ કે તારી રગમાં મારું જ લોહી છે. મને વિશ્વાસ છે કે તું તારા ઘરના દરવાજા મારા માટે બંધ નહીં કરી દે.બસ એ જ,લિ. તારાથી ક્યારે ય દૂર ન જઈ શકેલ તારી મા આશાદેવીની આશિષ.પત્ર વાંચતા આંખમાં આવેલ આંસુને લુછતા સંજયને પલંગમાં પડખાં ફેરવતી સુજાતાએ તેને પૂછ્યું.

"સંજય, કોનો પત્ર છે? આટલા રસથી ક્યારનો વાંચી રહ્યો છે!""મુંબઈથી બાનો પત્ર છે.""બાનો! આટલી વારમાં! હજી ગઈ કાલે તો આપણે મુંબઈથી આવ્યાં અને બાએ આપણને પત્ર પણ લખી નાખ્યો? બા પણ ખરેખર કમાલ છે. શું લખ્યું છે બાએ?""લે વાંચ " સંજયે સુજાતાના હાથમાં પત્ર મૂકી દીધો.

- પ્રીતમ લખલાણી|Opinion સૌજન્યથી

અનુસંધાન પેજ 03 પરથી...

## અનેક રાજકીય

ત્યારબાદ બોરીજ આંગણવાડી ખાતે બાળકો સાથે કેક કટીંગ અને ધોળાકુવા ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોકુળપુરા ખાતે સફાઈ અભિયાન, સેકટર 2/એ ખાતે વૃક્ષારોપણ અને ત્યારબાદ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે કેક કટિંગનો કાર્યક્રમ યોજાયો હતો.

બૃહદ મુંબઇ રાજ્યમાંથી ગુજરાત ૧લી મે ૧૯૬૦ના રોજ અલગ થયુ. પછી તેની રાજધાની ક્યા બનાવવી એ બહુ મોટો રાજકીય અને આર્થિક પ્રશ્ન હતો. એટલે સૌ પ્રથમ અમદાવાદના પોલિટેકનિક ખાતે કામચલાઉ સચિવાલય બનાવવામાં આવ્યું હતું . અમદાવાદ શહેરની વસતીની ગીચતાને ધ્યાને લઇ અમદાવાદથી 24 કિ.મી. ઉત્તરે સાબરમતી નદીના કિનારે ગાંધીનગરની નવા પાટનગર તરીકે 1970માં સ્થપના કરવામાં આવી હતી.

ગાંધીનગરએ સમગ્ર વિશ્વમાં એક હરિયાળા અને રળિયામણા પાટનગર તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી હતી. નવીન તકો અને વિકાસની સાથે પાટનગર પલ્લવિત વૃક્ષોનો શણગાર ત્યજીને નવીન બંગલા, વિલા અને ફ્લેટનું સુસભ્ય વન બની રહ્યુ છે. ગાંધીનગર ગુજરાતનું સાતમું પાટનગર છે, જે અમદાવાદ શહેર કરતાં 8 મીટર ઊંચું અને સાબરમતીના તળથી આશરે 21 મીટર ઊંચાઇ પર છે. અગાઉ ગુજરાતના પાટનગર તરીકે (1) આનર્તપુરા (વડનગર નજીક) (2) ધરાવતી (દ્વારકા), (3) ગિરિનગર (જુનાગઢ), (4) વલ્લભી (ભાવનગર), (5) અણહીલપુર (પાટણ), (6) અમદાવાદ.

# મનુ ભાકર ઓલિમ્પિકમાં મેડલની હેટ્રિક ચૂકી ગઈ

ગુજરાત | વંદન

પેરિસ ઓલિમ્પિકમાં આજે મનુ ભાકર પાસે ગોલ્ડ મેડલ જીતવાની આશા હતી. જો કે ફાઈનલમાં તે સતત ત્રીજુ મેડલ જીતવામાં નિષ્ફળ રહી હતી. મહિલાઓની 25 મીટર પિસ્ટલની ફાઈનલમાં ચોથા સ્થાને રહી હતી. ફાઈનલમાં મેડલ ન જીતવા પર ભારતીય ફેન્સને નિરાશા હાથ લાગી હતી. જો કે ભારતીય દીકરીના અત્યાર સુધીના પ્રદર્શન પર દેશવાસીઓને ગર્વ છે. અગાઉ મનુ ભાકરે વ્યક્તિગત 10 મીટર એર પિસ્ટલમાં કાંસ્ય(Bronze) મેડલ જીત્યો હતો. અને ત્યારબાદ શૂટર શરબજોત સિંહ સાથે મળીને મિશ્ર ટીમ કેટેગરીમાં પણ કાંસ્ય મેડલ જીતી ચૂકી છે. મનુ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની હતી. પેરિસ ઓલિમ્પિકનો સાતમો દિવસ ભારત માટે શાનદાર રહ્યો હતો. મનુ ભાકરે શૂટિંગમાં પોતાનો જાદુ બતાવ્યો હતો. જ્યારે બેડમિન્ટનમાં લક્ષ્ય સેને સેમીફાઈનલમાં પહોંચીને ઈતિહાસ રચ્યો હતો. મેન્સ હોકી ટીમે ઓસ્ટ્રેલિયાને 52 વર્ષ બાદ ઓલિમ્પિક ગેમ્સમાં હરાવ્યું હતું. જોકે, અંકિતા ભકત અને ધીરજ બોમ્માદેવરા તીરંદાજીમાં મેડલ જીતવામાંથી ચૂકી ગયા હતા.

# સૌરાષ્ટ્ર યુનિ દ્વારા હવે સાયબર ક્રાઈમનો અભ્યાસક્રમ ભણાવાશે

ગુજરાત | વંદન



નેશનલ એજ્યુકેશન પોલીસી 2020 અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત થયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતેની નોન કાઉન્સિલ હેઠળની વિવિધ વિદ્યાશાખાઓ અંતર્ગતના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો તેમજ નેક ના સંદર્ભે અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં વેલ્યુ એડેડ કોર્સ દાખલ કરવા હેતુસર 'સાયબર એજ્યુકેશન' વિષય એક હેઠળ પાર્ટ વન અને પાર્ટ ટુ એવા બે અભ્યાસક્રમો માટે તારીખ 1-8ના રોજ સવારે 11 કલાકે યુનિવર્સિટી મુકામે સેનેટ હોલ ખાતે રાજકોટ શહેર પોલીસ હેઠળના સાઈબર પોલીસ સ્ટેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ.

અભ્યાસક્રમ માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડોક્ટર કમલસિંહ ડોડીયા રાજકોટ શહેર પોલીસના કમિશનર બ્રિજેશ કુમાર ઝા , ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ ડોક્ટર પાર્થરાજસિંહ ગોહિલ, કુલસચિવ ડોક્ટર આર. જી.પરમાર, આઈ ક્યું એસીના કોર્ડીનેટર સંજયભાઈ મુખરજી વિવિધ ભવનનોના અધ્યક્ષો એનીપી ટીમના સભ્યો એસીના સભ્યો તથા વિદ્યાર્થીઓના ઉપસ્થિતિમાં એમઓયુ સહી કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પોલીસ કમિશનરે સાઈબર ક્રાઈમ વિષય એક ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પૂરું પાડ્યું અને તેની જરૂરિયાતો શૈક્ષણિક જગતમાં કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તે બાબતનું અધ્યક્ષીય ઉદ્બોધન માન્ય કુલગુરૂ પ્રોફેસર ડો. કમલસિંહ ડોડીયાએ આપ્યું. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારી ભાઈઓ તથા બહેનો અને વિદ્યાર્થીઓની હાજરી દ્વારા પ્રેરક બળ પૂરું પાડવામાં આવ્યું હતું.

# લોકમેળામાં TRP અગ્નિકાંડ-લોકપ્રશ્નોના ઉજાગર માટે સ્ટોલ ફાળવવા માંગણી

## મ્યુ.કોર્પો.ના વિપક્ષી નેતાએ આવેદનપત્ર આપીને રજૂઆત કરી

ગુજરાત | વંદન



સૌરાષ્ટ્રના લોકપ્રિય લોકમેળા માટેનો કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે. દરમિયાનમાં આ લોકમેળામાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ અને લોક પ્રશ્નોના ઉજાગર માટે કોંગ્રેસને સ્ટોલ ફાળવવાની માંગણી સાથે શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ મ્યુ.કોર્પો.ના વિપક્ષી નેતા વશરામ સાગઠીયા સહિતના આગેવાનો દ્વારા આજે કલેકટરને આવેદન પત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

જેમાં આગેવાનોએ જણાવ્યું હતું કે, લોકમેળામાં સરકારી તંત્ર દ્વારા સરકારી યોજનાની વિગતો દર્શાવતા સ્ટોલ ઉભા કરવામાં આવે છે જેમાં સરકારની યોજનાઓને લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે જેમાં સરકારના કામોના વખાણ કરવા તથા તેનો પ્રચાર કરવા માટે આવા સ્ટોલ માહિતી નિયામક તથા સરકારના અન્ય વિભાગના સ્ટોલો રાખવામાં આવે છે તેવા સ્ટોલમાં સરકારની સફળતા બતાવવા માટેનું આયોજન થાય છે.

સામે પક્ષે વિરોધ પક્ષ તરીકે કોંગ્રેસ પક્ષે પણ આ વખતે રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની દુર્ઘટના તથા આની મુશ્કેલીઓને ઉજાગર કરવા માટે તથા પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરવા તથા રાજકોટની જનતાનો અવાજ બનીને સરકારને સાચી સ્થાનિક પરિસ્થિતિને ઉજાગર કરવા વિરોધ પક્ષ તરીકે અમારો હકક અને સવિધાનિક અધિકારોને લોકશાહીમાં સહી સલામત છે તેવું સાબિત કરવા કોંગ્રેસ પક્ષને મેળામાં સ્ટોલ માટે જગ્યા ફાળવવી જરૂરી છ તંત્ર જે સરકારી યોજનાને પ્રદર્શિત કરવા માટે જે ભાવે સ્ટોલ આપવામાં આવે છે તેવા નિયત ભાવોથી કોંગ્રેસને પણ સ્ટોલ ફાળવવા માંગણી ઉઠાવેલ છે.

અનુસંધાન પેજ 12 પરથી...

## કુંભાણી ફેક્ટર :

ત્રાહિત પક્ષ ગણાવી અરજી કરવાનું કારણ પૂછ્યું હતું. અમે કોર્ટને જણાવ્યું કે અરજી કરનાર સુરત લોકસભા બેઠકના મતદારો છે અને એટલે તેઓ અરજી કરી રહ્યા છે. કોર્ટે અમારી દલીલ ગ્રાહ્ય રાખીને અરજીને સ્વીકારી છે અને મુકેશ દલાલને સમન્સ પાઠવ્યો છે."

હાઈકોર્ટના જસ્ટિસ જે.સી. દોશીની બેન્ચએ ભાજપના સાંસદ મુકેશ દલાલને 9 ઑગસ્ટના રોજ ગુજરાત હાઈકોર્ટમાં હાજર રહેવા આદેશ કર્યો છે. મુકેશ દલાલ વતી તેમના વકીલ હવે કોર્ટમાં જવાબ આપશે અને ત્યાર બાદ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

'ઍસોસિયેશન ફૉર ડેમૉક્રેટિક રિફૉર્મ્સ' (એડીઆર)ના સ્થાપક સભ્ય પ્રોફેસર જગદીપ છોકર બીબીસી ગુજરાતી સાથેની વાતચીતમાં કહે છે, "સુરત લોકસભા બેઠકમાં ચૂંટણી થઈ શકે કે નહીં તેનો સમગ્ર મદાર અરજીકર્તા પર છે, જે આ કેસમાં કૉંગ્રેસ પાર્ટી છે."

"સુનાવણી દરમિયાન જો કૉંગ્રેસ પાર્ટી મજબૂત રીતે દલીલ કરે અને બધી વિગતો રજૂ કરે તો કોર્ટ આ મામલે કોઈ નિર્ણય લઈ શકે છે. ચુકાદો આપતા પહેલાં કોર્ટ વિવિધ પાસાંનું અવલોકન કરશે અને જો કોર્ટને લાગે કે પ્રક્રિયામાં ચૂક હતી તો કોર્ટ પુનઃ ચૂંટણી માટેનો હુકમ કરી શકે છે."જ્યારે સુરત કલેક્ટર ડૉ. સૌરભ પારધીએ અગાઉ જણાવ્યું હતું, "ભારતીય ચૂંટણીપંચની જે માર્ગદર્શિકા છે તે પ્રમાણે જો એક જ ઉમેદવાર હોય તો ચૂંટણી યોજવાની જરૂર રહેતી નથી અને તેને બિનહરીફ જાહેર કરી શકાય છે."

## રાજ્ય સરકાર

માઉથ ટુ માઉથ પબ્લિસિટીથી આપોઆપ ઊંચું જશે. ગુજરાતમાં 31 લાખ મહિલાઓને આવરી લેતા 3 લાખ જેટલા સ્વ-સહાય જૂથોનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે નવી ખરીદ નીતિ અંતર્ગત જેમ પોર્ટલ પર ઓનલાઈન ખરીદીમાં પણ મહિલા ઉદ્યોગ સાહસિકોની માલિકીના ઉત્પાદનની ખરીદીને પ્રોત્સાહિત કરવાની જોગવાઈઓ કરી હોવાનું જણાવ્યું હતું.

ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલે ગ્રામીણ વિસ્તારની ગરીબ કુટુંબોની મહિલાઓને સંગઠિત કરીને, તેમને કૌશલ્યયુક્ત તાલીમ આપી આજીવિકા પૂરી પાડવાનો સરકારનો મુખ્ય હેતુ હોવાનું જણાવ્યું હતું. સીએમ પટેલના હસ્તે 28 હજારથી વધુ સ્વ-સહાય જૂથોની 2.80 લાખથી વધુ મહિલાઓને 350 કરોડની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. 500 મહિલાઓને રોજગારલક્ષી પ્રવૃત્તિમાં જોડવા માટે પીડીલાઈટ કંપની સાથે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીએ એમઓયુ સાઈન કર્યા હતા.

## ગુજરાતમાં

કામ કરવાની મંજૂરી આપવા માટેની અનેક અરજીઓ છેલ્લા 7 મહિનામાં જિલ્લા વહીવટી અધિકારીઓને પણ મળી છે.મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી જે કંપનીઓને અપાઇ છે તેમાં મેકકેઈન ફૂડ્સ ઈન્ડિયા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, નિવા ઈન્ડિયા, બીઈઆઈએલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સન ફાર્માસ્યુટિકલ્સ ઈન્ડસ્ટ્રીઝ, યુનિલિવર ઈન્ડિયા એક્સપોર્ટ્સ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, વેલસ્પન ઈન્ડિયા, નેસ્લે ઈન્ડિયા, ટાટા ઓટોકોમ્પ ગોટન ગ્રીન એનર્જી સોલ્યુશન્સ, જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયા, ડીસીએમ શ્રીરામ, ટેન્નેકો ઓટોમોટિવ ઈન્ડિયા, મુન્દ્રા સોલર પીવી, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, વેલસ્પન ઈન્ડિયા, નેસ્લે ઈન્ડિયા, ગ્રીન એનર્જી સોલ્યુશન્સ, જેએસડબલ્યુ એમજી મોટર ઈન્ડિયા, ડીસીએમ શ્રીરામ, ટેન્નેકો ઓટોમોટિવ ઈન્ડિયા, મુન્દ્રા સોલર પી.વી., અને મેરેલી મધરસન ઓટોમોટિવ લાઈટિંગ ઈન્ડિયાનો સમાવેશ થાય છે.કેન્દ્ર સરકારના લેબર ફોર્સ પાર્ટિસિપેશન સર્વે અનુસાર, જાન્યુઆરીથી માર્ચ 2024 દરમિયના ગુજરાતમાં માટે એલએફપીઆર 53.4 ટકા હતો. મહિલાઓમાં, જાન્યુઆરીથી માર્ચ 2024 ના સમયગાળા માટે એલએફપીઆર 26.5 ટકા હતો, જે ગયા વર્ષના સમાન ગાળામાં 24.7 ટકા હતો.

અનુસંધાન પેજ 10 પરથી...

## 2 વર્ષમાં

હવે જોવાનું એ રહે છે કે આ સમયગાળા દરમિયાન અમેરિકામાં શું ઉથલપાથલ થાય છે.

બાબા વેંગાની જેમ પ્રખ્યાત જ્યોતિષી એમી ટ્રિપે તેના ટ્વિટર બાયોમાં પોતાને ઈન્ટરનેટની સૌથી લોકપ્રિય જ્યોતિષી ગણાવી છે. તેણે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી સામાજિક કાર્યમાં માસ્ટર્સ કર્યું છે, અને ISARમાંથી જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો છે. તેણીની સ્ટારહીલ નામની પોતાની વેબસાઈટ છે જેના દ્વારા તે વ્યવસાયિક સેવાઓ પ્રદાન કરે છે, તેનું ટ્વિટર એકાઉન્ટ પણ કંપનીના નામ પર છે.

## વિપક્ષનો વ્યંગ-

રાષ્ટ્રપતિ દ્વારા ઉપયોગમાં લેવાતા સંસદની લોબીમાં તાજેતરનું પાણી લીકેજ, નવી ઈમારતમાં હવામાન સંબંધિત સમસ્યાઓને પ્રકાશિત કરે છે, જેનું નિર્માણ કરવાનું બાકી છે," કોંગ્રેસ નેતાએ સોશિયલ મીડિયામાં લખ્યું. આ મુદ્દા પર લોકસભામાં સ્થગિત દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

કોંગ્રેસ નેતાએ વીડિયો પોસ્ટ કર્યા બાદ સોશિયલ મીડિયા યુઝર્સ આ ઘટના પર વિવિધ કોમેન્ટ કરી રહ્યા છે.સમાજવાદી પાર્ટીના વડા અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, "જૂની સંસદ આ નવી સંસદ કરતાં સારી હતી, જ્યાં જૂના સાંસદો પણ આવીને મળી શકતા હતા. શા માટે જૂની સંસદને ફરી કામ કરવા ન દેવી, ઓછામાં ઓછું - કમસેકમ જ્યાં સુધી અબજો રૂપિયાથી બનેલી સંસદમાં પાણી ટપકવાનો કાર્યક્રમ ચાલે છે ત્યાં સુધી... અખિલેશે વધુમાં કહ્યું કે જનતા પૂછી રહી છે કે ભાજપ સરકાર હેઠળ બનેલી દરેક નવી છતમાંથી પાણી ટપકવું એ તેમની વિચારશીલ રચનાનો એક ભાગ છે કે...

## બે વર્ષ સુધી

ઈવાન ગોર્શકોવિચ વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ) ના રિપોર્ટર છે જેની ગયા વર્ષે માર્ચમાં રશિયા દ્વારા જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ભૂતપૂર્વ યુએસ મરીન પોલ વ્હેલનની જાસૂસીના આરોપમાં 2018માં મોસ્કોમાં ધરપકડ કરવામાં આવી હતી. રશિયન-અમેરિકન પત્રકાર અલસુ કુરમાશેવા પર રશિયન સૈન્ય વિશે ખોટી માહિતી ફેલાવવાનો આરોપ હતો. યુક્રેનમાં રશિયાના યુદ્ધના ટીકાકાર વ્લાદિમીર કારા-મુર્ઝાને 2023માં 25 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જણાવી દઈએ કે વ્લાદિમીર પાસે બ્રિટન અને રશિયાની બેવડી નાગરિકતા છે.

ન્યૂઝ એજન્સી અનુસાર, રશિયા, અમેરિકા અને તેમના સહયોગી દેશો વચ્ચે કેદીઓની આ ઐતિહાસિક અદલાબદલીમાં 16 લોકોને મુક્ત કરવામાં આવ્યા છે. આ લોકોની મુક્તિને સુરક્ષિત કરવામાં બે વર્ષથી વધુ સમય લાગ્યો, જેમાં જર્મની, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે સંકળાયેલી ગુપ્ત વાટાઘાટો અને મુત્સદ્દીગીરીનો સમાવેશ થાય છે.

એજન્સી અનુસાર, આ કેદી સોદો સોવિયત પછીના ઈતિહાસમાં રશિયા અને અમેરિકા વચ્ચેનો સૌથી મોટો આદાનપ્રદાન છે. આ ડીલ તુર્કીની રાજધાની અંકારામાં થઈ હતી. તુર્કીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, બે સગીર સહિત 10 કેદીઓને રશિયા, 13ને જર્મની અને ત્રણને અમેરિકા લઈ જવામાં આવ્યા હતા.

રશિયામાં વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટર ગેર્શકોવિચની માર્ચ 2023માં જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. અમેરિકી સરકારે આ વાતને નકારી કાઢી હતી. બાદમાં તેને ઉચ્ચ સુરક્ષા ધરાવતી રશિયન જેલમાં 16 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. અમેરિકા અને રશિયા ઉપરાંત જર્મની, પોલેન્ડ, સ્લોવેનિયા, નોર્વે અને બેલારુસ પણ આ કરારમાં સામેલ હતા.

## સાવધાનઃ

આ પછી ગાયત્રીએ છોકરાના પિતાના નામે બીજું ફેક એકાઉન્ટ બનાવ્યું. તે આઈડી પરથી રૂતુજાને મેસેજ કર્યો અને કહ્યું કે મારો દીકરો બીમાર છે, જેના કારણે તેનું મોત થયું છે.... જ્યારે ઋતુજાએ આ સાંભળ્યું તો તે ચોંકી ગઈ.આ પછી રુતુજાએ મેસેજ કરીને કહ્યું કે હવે તે પણ પોતાનું જીવન સમાપ્ત કરવા જઈ રહી છે.... આ મેસેજ મોકલ્યા બાદ રૂતુજાએ આત્મહત્યા કરી લીધી હતી.

આ ઘટનાની જાણ પોલીસને થતાં તેઓએ તપાસ હાથ ધરી હતી. જ્યારે પોલીસે રુતુજાનો ફોન ચેક કર્યો તો તેમને છોકરાના નામે બનાવેલા ઈન્સ્ટાગ્રામ આઈડીથી ચેટિંગ જોવા મળ્યું.જ્યારે સાયબર ટીમે તપાસ કરી તો જાણવા મળ્યું કે આઈડી નકલી છે અને તે એક યુવતીએ બનાવ્યું છે, જે રૂતુજાની મિત્ર ગાયત્રી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે જણાવ્યું કે આ મામલે આઈપીસીની કલમ 306 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવનાર યુવતીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ આ સમગ્ર મામલાની તપાસમાં વ્યસ્ત છે.

## ભ્રષ્ટ તંત્રની

એમસીડીથી લઈને અન્ય તપાસ એજન્સીઓએ ઓડિટ કર્યાનો દાવો કર્યો હતો. પરંતુ થોડા દિવસો બાદ ફરી એ જ સ્થિતિ સર્જાતા હવે જૂના રાજેન્દ્ર નગર જેવા અકસ્માતે તંત્રને પ્રશ્નના ઘેરામાં મુકી દીધું છે.

તપાસમાં બહાર આવ્યું છે કે MCD પાસેથી બિલ્ડિંગ માલિક દ્વારા મેળવેલા ક્લિયરન્સ પ્રમાણપત્રમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે ગ્રાઉન્ડ ફ્લોરની નીચેનું પાર્કિંગ અને તેની નીચે બેઝમેન્ટનો ઉપયોગ ફક્ત વાહનોના પાર્કિંગ અને સ્ટોરેજ માટે કરવામાં આવશે. પરંતુ તેના બદલે અહીં લાયબ્રેરી ચલાવવામાં આવી રહી હતી.

દિલ્હી ફાયર સર્વિસે 9 જુલાઈના રોજ જ આ બિલ્ડિંગનું એનઓસી ત્રણ વર્ષ માટે રિન્યુ કર્યું હતું. એટલું જ નહીં, 24 જૂનના રોજ વિદ્યાર્થી કનિષ્ક તિવારીએ દિલ્હી સરકારના પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (PWD)ને કોચિંગ સેન્ટરના ભોંયરામાં પાણી ભરાવાની ફરિયાદ કરી હતી.

આ ફરિયાદમાં તેમણે વિસ્તારમાં પાણી ભરાઈ જવાની સમસ્યાને ઉજાગર કરી હતી. PWD અધિકારીઓ તરફથી કનિષ્ક તિવારીને પણ પુષ્ટિ આપવામાં આવી હતી કે તેની ફરિયાદ MCDને મોકલી દેવામાં આવી છે.

સૂત્રોનું કહેવું છે કે પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે એક વિદ્યાર્થીએ એક મહિના પહેલા દિલ્હી સરકારમાં ફરિયાદ નોંધાવી હતી કે ભોંયરામાં ગેરકાયદેસર રીતે પુસ્તકાલય ચલાવવામાં આવી રહ્યું છે. તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

આ પહેલીવાર નથી કે જ્યારે લાઈબ્રેરીમાં વરસાદી પાણી ભરાયા હોય. જૂના રાજેન્દ્ર નગરમાં આવી ઘણી ઈમારતો છે, જેમાં ભોંયરામાં પુસ્તકાલયો કાર્યરત છે અને તે વરસાદી પાણીથી ભરાઈ જાય છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે બિલ્ડિંગ માલિકોએ 2021માં કોચિંગ સેન્ટરને ભોંયરું ભાડે આપ્યું હતું. ભોંયરામાં ગટરની વ્યવસ્થા ન હતી. હવે પોલીસ MCD અધિકારીઓ પાસેથી ક્લિયરન્સ સર્ટિફિકેટ વિશે પૂછપરછ કરી શકે છે.

સિસ્ટમ પાસેથી કેવી અપેક્ષા ઈચ્છે છે નાગરિકો...

71 વર્ષીય અંશુમાને 206 ફર્સ્ટ ક્લાસ મેચમાં 41.56ની એવરેજથી 12,136 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેમના બેટમાંથી 34 સદી અને 47 અડધી સદી આવી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેમનો સર્વશ્રેષ્ઠ સ્કોર 225 રન હતો. આ સિવાય ગાયકવાડે 55 લિસ્ટ-એ મેચ પણ રમી હતી, જેમાં તેમણે 32.67ની એવરેજથી કુલ 1601 રન બનાવ્યા હતા.ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી અંશુમાને કોચિંગને તેમની કારકિર્દી તરીકે લીધી. તેઓ 1997-99 દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ હતા. ગાયકવાડે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GSFC) માટે પણ કામ કર્યું હતું અને 2000માં આ કંપનીમાંથી નિવૃત્ત થયા હતા. જૂન 2018માં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ગાયકવાડને લાઈફટાઈમ અચીવમેન્ટ અવોર્ડથી સન્માનિત કર્યા હતા. અંશુમાન ગાયકવાડના પિતા દત્તા ગાયકવાડે પણ ટેસ્ટ ક્રિકેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું

### કમલા હેરિસ અને બિડેન અંગે કરેલી આગાહી સાચી પડી...ટ્રમ્પ અંગે કહ્યું....

# 2 વર્ષમાં સુપર પાવર અને દુનિયા પર રાજ કરનાર અમેરિકાનું પતન થશે?


■ બાબાવેંગાની જુનિયર એમી ટ્રિપ નામની જ્યોતિષી આવી ચર્ચામાં ...

ગુજરાત | વંદન

અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે, ચૂંટણીના ઉત્તેજના વચ્ચે ભારતની જેમ ઉમેદવારો કરતાં એક જ્યોતિષની વધુ ચર્ચા થઈ રહી છે. અમેરિકાની એમી ટ્રિપ નામની મહિલા જ્યોતિષ પોતાની સચોટ આગાહીઓને કારણે ઈન્ટરનેટ પર સતત સનસનાટી મચાવી રહી છે.

40 વર્ષની એમી ટ્રિપની સચોટ ભવિષ્યવાણીથી લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે અને સોશિયલ મીડિયા પર તેની ખૂબ પ્રશંસા થઈ રહી છે. બાબા વેંગાની જેમ તેમની આગાહી સાચી પડતા હવે લોકો તેમના ઉપર વિશ્વાસ મૂકી રહ્યાં છે અને મિડિયા દ્વારા પણ તેને પ્રસિધ્ધિ આપવામાં આવી રહી છે.

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત તેમની ભવિષ્યવાણીઓ ઝડપથી વાયરલ થઈ રહી છે. વાસ્તવમાં, તેમણે જો બિડેનની રાષ્ટ્રપતિની ચૂંટણીમાંથી ખસી જવા અંગે કરેલી ભવિષ્યવાણી એકદમ સાચી સાબિત થઈ છે.. 11 જુલાઈના રોજ, એમી ટ્રિપ પર પોસ્ટ કર્યું મકર શક્તિ અને વૃદ્ધાવસ્થા પર શાસન કરે છે અને 29 ° તેનો અંત છે.આટલું જ નહીં, એમીએ બિડેનના રાષ્ટ્રપતિ પદની રેસમાંથી ખસી જવાની વાત કરી હતી તે જ દિવસે એટલે કે 21 જુલાઈએ તેણે પોતાનું નામ પાછું ખેંચવાની જાહેરાત કરી હતી. વર્ષ 2020માં, તેણે કમલા હેરિસ વિશે આગાહી કરી હતી કે તે 2024માં યુએસ




પ્રેસિડેન્ટની રેસમાં હશે, તેની પાછળ તેણે જો બિડેનની વધતી ઉંમરનું કારણ દર્શાવ્યું હતું.હવે જો બિડેને કમલા હેરિસનું નામ આગળ ધપાવ્યું છે, ત્યારે તેમની વધુ એક ભવિષ્યવાણી સાચી પડતી જોવા મળી રહી છે. એવી અપેક્ષા છે કે કમલા હેરિસને ટૂંક સમયમાં ડેમોક્રેટિક પાર્ટીના સત્તાવાર ઉમેદવાર જાહેર કરવામાં આવશે. અમેરિકી ચૂંટણીના પરિણામોની આગાહી કરતી વખતે એમી ટ્રિપે ટ્રમ્પની જીતનો દાવો કર્યો છે. તેણે આ ભવિષ્યવાણી 17 માર્ચ 2022ના રોજ કરી હતી, એટલે કે જો એમીની ભવિષ્યવાણી સાચી પડી તો અમેરિકામાં ફરી એકવાર ડોનાલ્ડ ટ્રમ્પનું શાસન હશે.


જો આપણે રાજકીય આગાહીઓથી આગળ વાત કરીએ તો, એમી ટ્રિપે તેની એક પોસ્ટમાં અમેરિકા વિશે મોટો સંકેત આપ્યો છે. એમીએ લખ્યું છે કે એક સામ્રાજ્ય સરેરાશ 250 વર્ષ સુધી ચાલે છે અને અમેરિકા 248 વર્ષ જૂનું છે.

તેમના પદને લઈને સવાલો ઉઠી રહ્યા છે કે શું આગામી 2 વર્ષમાં અમેરિકન સામ્રાજ્યનું પતન થશે? શું આ 2 વર્ષમાં પોતાને વિશ્વનો BOSS ગણાવતું મહાસત્તા અમેરિકા પોતાનો પ્રભાવ ગુમાવશે? અમેરિકા વિશે પોતાની ભવિષ્યવાણીમાં એમીએ કહ્યું છે કે ઓગસ્ટ મહિનો દેશ માટે મુશ્કેલ બની શકે છે. શિકાગોમાં 19 ઓગસ્ટથી ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શન શરૂ થવા જઈ રહ્યું છે. (અનુસંધાન પેજ નં.6 પર)

# ભેળસેળની પરાકાષ્ટા: સફેદ પથ્થરને પીસીને તેનો પાવડર ઘઉંના લોટમાં મિક્સ કરાય છે!

■ અલીગઢમાં અધિકારીએ પથ્થર મિલાવટી 3 ક્વિન્ટલ લોટ સીલ કર્યો

ગુજરાત | વંદન




નકલી અને મિલાવટી રીતથી તૈયાર થતી ખાનપાનની ચીજોથી સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થાય છે અને ઘણીવાર આ બીમારી જીવલેણ પણ સાબિત થઇ શકે છે. ભારતમાં ખાનપાનની લગભગ તમામ ચીજોમાં મિલાવટ કરવામાં આવે છે. વેપારીઓ વધારે નફો કમાવવા માટે લોટ, ચોખા, તેલ, દાળ, દૂધ, ખાંડ, ફળ, શાકભાજી અને મસાલા લગભગ દરેક ચીજોમાં મિલાવટી કરી રહ્યા છે અથવા નકલી રીતથી તૈયાર કરી રહ્યા છે.

આ પ્રકરણમાં તાજું ઉદાહરણ અલીગઢનું છે, જ્યાં અધિકારીઓએ મિલાવટી 3 ક્વિન્ટલ પેક્ડ લોટ સીલ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, આ ફેક્ટરી લાઇસન્સ વગર ચાલી રહી છે. આ ફેક્ટરીમાં પંચવટી ગોલ્ડ નામના પેકિંગમાં ઘઉંનો લોટ આવે છે. આ લોટમાં સેલખડી (Selkhadi Pathar) પથ્થર મિક્સ કરવામાં આવે છે. સેલખડી જેને ઘીયા પથ્થર (Ghiya Pathar) તરીકે પણ ઓળખવામાં આવે છે તે સફેદ પથ્થર હોય છે, જેને પીસીને લોટમાં મિક્સ કરવામાં આવે છે.


ખાનપાનની ચીજોની ગુણવત્તા પર નજર રાખતી દેશની સૌથી મોટી ઓર્ગેનાઈઝેશન (FSSAI)ના નિયમોનું ઉલ્લંઘન થઇ રહ્યું છે, જેના કારણે લોકોના સ્વાસ્થ્યને જોખમ ઉભુ થઇ રહ્યું છે. અહીં જાણો, લોટમાં કેવી રીતે પથ્થર નાખવાથી ઝેરી બનાવવામાં આવે છે, સ્વાસ્થ્યને શું નુકસાન થઇ શકે છે અને તેની ઓળખ કેવી રીતે કરી શકો છો.

લોટની માત્રા વધારવા માટે નફાખોરો તેમાં સેલખડીનો પાઉડર મિક્સ કરે છે, સેલખડી એક સફેદ અથવા ભૂરા રંગનો પથ્થર છે જે કેલ્શિયમ સલ્ફેટથી બને છે. તેને એલાબાસ્ટર પણ કહેવામાં આવે છે, આ પથ્થરનો ઉપયોગ સજાવટના સામાન અને અન્ય કામોમાં કરવામાં આવે છે. આ સફદે રંગનો હોવાના કારણે વેપારીઓ તેને પીસીને લોટમાં મિક્સ કરી દે છે, જેની ઓળખ કરવી મુશ્કેલ છે.

## વિપક્ષનો વ્યંગ- ‘બહાર પેપર લીકેજ, અંદર પાણી લીકેજ...!! ફ્લોર પર ડોલ મુકવી પડી

■ નવી સંસદના ભવનની છતમાંથી પાણી ટપકતોં વિડિયો કોંગ્રેસ સાંસદે શેર કર્યો

ગુજરાત | વંદન



સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયોમાં સંસદની નવી ઈમારતની અંદર પાણી લીકેજ જોવા મળી રહ્યું છે. વીડિયોમાં જોઈ શકાય છે કે છતમાંથી પાણી લીક થઈ રહ્યું છે અને નીચે પડતા પાણીને ફેલાતા અટકાવવા માટે ફ્લોર પર ડોલ મુકવામાં આવી છે. કરોડોના ખર્ચે બનાવેલી સંસદના છતમાંથી પાણી ટપકતાં સરકાર માટે જોવા જેવુ થયું હતું. કેમ કે આ નવી સંસદના નિર્માણ અને ડિઝાઈનના ખૂબ વખાણ કરાયા હતા. પણ દિલ્હીમાં પડેલા ભારે વરસાદે સંસદની છતને મુકશાન કર્યું હોવાનું મનાય છે.તમિલનાડુની વિરુધુનગર લોકસભા સીટના કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે પોસ્ટ કરેલો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. શેર કરવામાં આવેલા વીડિયોમાં સંસદની નવી ઈમારતની અંદર પાણી લીકેજ જોવા મળી રહ્યું છે. વીડિયોમાં જોઈ શકાય છે કે છતમાંથી પાણી લીક થઈ રહ્યું છે અને નીચે પડતા પાણીને ફેલાતા અટકાવવા માટે ફ્લોર પર ડોલ મુકવામાં આવી છે.’બહાર પેપર લીકેજ, અંદર પાણી લીકેજ...’’બહાર પેપર લીકેજ, અંદર પાણી લીકેજ. (અનુસંધાન પેજ નં.6 પર)

# હમાસના ચીફની હત્યાથી અમારો 7 ઓક્ટો.નો બદલો પૂરો થયો: ઈઝરાયલ

■ ઈઝરાયલ સામે હમાસ ચુપ બેસશે કે હુમલાઓ વધશે..?

ગુજરાત | વંદન



ઈઝરાયેલે 7 ઓક્ટોબરનો બદલો પૂરો કરીને પેલેસ્ટાઈનના આતંકી સંગઠન હમાસના ચીફને મારી નાખ્યો છે. હમાસે ખુદ એક નિવેદન જારી કરીને કહ્યું છે કે હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની ઈરાનની રાજધાની તેહરાનમાં હત્યા કરવામાં આવી છે.

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ એક નિવેદનમાં પુષ્ટિ કરી છે કે હુમલો તેહરાનમાં હાનિયાના ઠેકાણાને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો, જેમાં હમાસના વડા તેમજ એક અંગરક્ષક માર્યા ગયા હતા. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે જણાવ્યું હતું કે બુધવારે વહેલી સવારે આ હુમલો કરવામાં આવ્યો હતો.

આ હુમલામાં માર્યા ગયાના એક દિવસ પહેલા મંગળવારે ઈસ્માઈલ હાનિયા ઈરાનના નવા રાષ્ટ્રપતિના શપથ ગ્રહણ સમારોહમાં સામેલ થયા હતા. આ દરમિયાન હાનિયાએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેની સાથે પણ મુલાકાત કરી હતી.


તાજેતરમાં (એપ્રિલ 2024), ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર હવાઈ હુમલામાં હાનિયાના ત્રણ પુત્રોને મારી નાખ્યા હતા. ઈઝરાયેલની સેના IDFએ જણાવ્યું હતું કે હાનિયાના ત્રણ પુત્રો આમિર, હાઝેમ અને મોહમ્મદ ગાઝામાં આતંકવાદી ગતિવિધિઓ કરવા જઈ રહ્યા હતા, આ દરમિયાન ત્રણેય હવાઈ હુમલામાં આવ્યા હતા

જણાવી દઈએ કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે 7 ઓક્ટોબર 2023થી યુદ્ધ ચાલી રહ્યું છે. ત્યારબાદ હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો, જેમાં 1200 લોકો માર્યા ગયા. હમાસે 250 નાગરિકોને પણ બંધક બનાવ્યા હતા. દાવો કરવામાં આવે છે કે 150 બંધકો હજુ પણ હમાસની કસ્ટડીમાં છે. તે જ સમયે, હમાસનો દાવો છે કે ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં 39 હજારથી વધુ પેલેસ્ટિનિયન નાગરિકોના મોત થયા છે. ઈઝરાયેલનું કહેવું છે કે તેણે આ ઓપરેશનમાં હમાસ અને તેના સહયોગીઓના 14 હજારથી વધુ લડવૈયાઓને માર્યા છે.

# સાવધાન: એક ફેક ઈન્સ્ટા. IDએ ભાવુક યુવતીનો જીવ લઈ લીધો

■ જો જો તમે આવુ કાંઈ કરતાં.. નહીંતર મૂકાશો મુશ્કેલીમાં...

ગુજરાત | વંદન



મહારાષ્ટ્રના સતારામાં એક સનસનીખેજ મામલો સામે આવ્યો છે. અહીં એક છોકરી ઈન્સ્ટાગ્રામ પર એક છોકરાના પ્રેમમાં પડવા લાગી, તેને પોતાની મિત્ર સમજીને. ખરેખર, મિત્રએ છોકરાના નામે નકલી એકાઉન્ટ બનાવ્યું હતું. યુવતીને જોયા વગર કે મળ્યા વિના પણ એટલો પ્રેમ થઈ ગયો કે તે ફેક એકાઉન્ટવાળા વ્યક્તિ સાથે લગ્નની વાત કરવા લાગી. પરંતુ જ્યારે સત્ય બહાર આવ્યું તો યુવતીએ એવુ ભયંકર પગલું ભર્યું. કે સૌ કોઈ ચોંકી ગયા હતા.

મળતી માહિતી મુજબ, 24 વર્ષની રૂતુજા દિલીપ પવાર અને ગાયત્રી રાજેન્દ્ર મોહિતે બંને મિત્રો હતા. ગાયત્રીએ મજાકમાં એક છોકરાના નામે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું અને તે જ એકાઉન્ટમાંથી ઋતુજાને મેસેજ મોકલ્યા. રૂતુજા પણ તેની સાથે વાત કરવા લાગી અને ધીરે ધીરે બંને પ્રેમમાં પડ્યા.રૂતુજાએ તે ફેક એકાઉન્ટને તેનો બોયફ્રેન્ડ માનવા લાગી હતી.

તે ન તો તેને મળી હતી કે ન તો તેને ઓળખતી હતી. ધીરે-ધીરે ઋતુજા એટલો પ્રેમમાં પડી ગયો કે તે તેને લગ્ન માટે પૂછવા લાગી. જ્યારે ગાયત્રીને ખબર પડી કે ઋતુજા ખૂબ જ ભાવુક થવા લાગી છે અને આ બાબતનું રહસ્ય બહાર આવે તો તે યોગ્ય નહીં કહેવાય.

(અનુસંધાન પેજ નં.6 પર)

# લાઇફ અને મેડિકલ ઇન્સ્યોરન્સ પ્રિમિયમ પરનો 18% જીએસટી રદ્દ કરો: મંત્રીએ જ કરી માંગણી

■ મંત્રી નીતિન ગડકરીએ નાણા મંત્રીને પત્ર લખ્યો

ગુજરાત | વંદન

શું જીવન અને તબીબી વીમા પ્રિયમ પર 18 ટકા જીએસટી વધારે છે, શું તેને દૂર કરવાની જરૂર છે...એવા સવાલોના જવાબ એ છે કે તેના પર લેવાતી 18 ટકા જીએસટી એક બોજ છે અને તેને રદ્દ કરવાની જરૂર છે. એવી એક લાગણી ભાજપના નેતા અને કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખ્યો છે.

. સીતારામનને લખેલા પત્રમાં ગડકરીએ જણાવ્યું હતું કે નાગપુર ડિવિઝન લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન એમ્પ્લોઈઝ યુનિયને તેમને આ મુદ્દાઓ પર મેમોરેન્ડમ સુપરત કર્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર 18 ટકા GST લાદવો એ ‘જીવનની અનિશ્ચિતતાઓ પર કર લાદવા જેવું છે.’

ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે યુનિયન માને છે કે લોકો આ જોખમ સામે કવર ખરીદી શકે તે માટે વીમા પ્રિમીયમ પર ટેક્સ લાદવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે એ જ રીતે મેડિકલ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર 18 ટકા GST વ્યવસાયના આ ક્ષેત્રના વિકાસમાં અવરોધરૂપ સાબિત થઈ રહ્યો છે, જે સામાજિક રીતે જરૂરી છે.નીતિન ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે યુનિયને જીવન વીમા દ્વારા બચત માટે સારવાર, તબીબી વીમા પ્રીમિયમ માટે IT કપાતની પુનઃ રજૂઆત તેમજ જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીઓના એકીકરણનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

તેમણે એમ પણ કહ્યું હતું કે જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST ચૂકવવો એ વરિષ્ઠ નાગરિકો માટે એક પડકાર છે. ગડકરીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, “તમને જીવન અને તબીબી વીમા પ્રીમિયમ પર GST પાછી ખેંચવાના સૂચનને પ્રાથમિકતાના આધારે ધ્યાનમાં લેવા વિનંતી કરવામાં આવે છે કારણ કે તે અન્ય સંબંધિત મુદ્દાઓ સાથે નિયમો અનુસાર વરિષ્ઠ નાગરિકો માટે બોજારૂપ બને છે. યોગ્ય ચકાસણી પણ થવી જોઈએ.

આ પહેલીવાર નથી જ્યારે નિર્મલા સીતારમણને આરોગ્ય વીમા પ્રીમિયમ પર લાદવામાં આવેલા GST પર પુનર્વિચાર કરવા વિનંતી કરવામાં આવી હોય. આ વર્ષે જૂનમાં, કન્ફેડરેશન ઑફ જનરલ ઈન્શ્યોરન્સ એજન્ટ્સ એસોસિએશન્સ ઑફ ઈન્ડિયાએ સરકારને વ્યક્તિગત મેડિકલ પોલિસી પર GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવાની અપીલ કરી હતી. નોન-લાઈફ ઈન્સ્યોરન્સ એજન્ટોના સંગઠને જણાવ્યું હતું કે આ લોકોને સામાજિક સુરક્ષાના માપદંડ તરીકે આ પોલિસી ખરીદવા માટે પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે. સંસ્થાએ એમ પણ જણાવ્યું હતું કે છેલ્લા 5 વર્ષમાં આરોગ્ય વીમા પ્રિમીયમ લગભગ બમણું થઈ ગયું છે.

# બે વર્ષ સુધી ગુપ્ત વાટાઘાટો અને મુત્સદ્દીગીરી બાદ હાઈપ્રોફાઈલ કેદીઓની અદલાબદલી થઈ

■ રશિયાની જેલમાંથી વોલ સ્ટ્રીટ જર્નાલના પત્રકાર સહિત અન્યોનો છુટકારો- બિડેને આવકાર્યા

ગુજરાત | વંદન



રશિયાએ ગુરુવારે અમેરિકન પત્રકાર ઈવાન ગેર્શકોવિચ અને ભૂતપૂર્વ યુએસ મરીન પોલ વ્હેલનને કેદીઓના વિનિમય સોદાના ભાગ રૂપે કેટલાક દેશોને સામેલ કર્યા હતા. હવે તેણે ઓવલ ઓફિસમાંથી ઈવાન, પોલ, વ્લાદિમીર કારાના પરિવાર સાથેનો એક ફોટો પણ શેર કર્યો છે અને તેણે કેદીઓની મુક્તિનો શ્રેય તેના સાથીદારોને આપ્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ બિડેને કેદીઓના વિનિમયને લઈને આ વિશ્વમાં મિત્રો હોવા કેમ મહત્વપૂર્ણ છે તેનું એક શક્તિશાળી ઉદાહરણ તરીકે વર્ણવ્યું હતું.હવે માહિતી આવી રહી છે કે રશિયા સાથે કેદીઓની અદલાબદલી બાદ ત્રણ અમેરિકન નાગરિકો ઈવાન ગેર્શકોવિચ, અલસુ કુર્મશેવા અને પોલ વ્હેલન અમેરિકા પહોંચી ગયા છે. જેનું રાષ્ટ્રપતિ બિડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મુક્ત થયેલા લોકોના પરિવારજનો સાથે એક તસવીર શેર કરીને ખુશી વ્યક્ત કરી અને લખ્યું, આજે હું ઓવલ ઓફિસમાં પોલ, ઈવાન, અલસો અને વ્લાદિમીરના પરિવારો સાથે ઉભો હતો. જ્યારે તેણે મુક્ત થયા બાદ પ્રથમ વખત તેના પરિવારના સભ્યો સાથે વાત કરી હતી. આ પરિવારોએ ક્યારેય આશા ગુમાવી ન હતી અને આશા રાખી હતી કે તેઓ તેમના પરિવારો સાથે ફરી જોડાશે.

તે જ સમયે, અમેરિકી રાષ્ટ્રપતિના સુરક્ષા સલાહકાર જય સુલિવાને કહ્યું કે શીત યુદ્ધ પછી પૂર્વ-પશ્ચિમ દેશમાં કેદીઓની આ સૌથી મોટી અદલાબદલી છે અને આ કેદીઓની અદલાબદલીમાં કોઈ પૈસાની આપ-લે કરવામાં આવી નથી. આ કરારને સરળ બનાવવા માટે કોઈ નિયંત્રણો લાદવામાં આવ્યા નથી. (અનુસંધાન પેજ નં.6 પર)

# 4 દેશોએ એડવાઇઝરી બહાર પાડી- લેબેનોનની મુલાકાત લેવાનું ટાળજો...કંઇપણ થઇ શકે..!

■ “બેરૂત એરપોર્ટ બંધ થઈ શકે છે, તમે લાંબા સમય સુધી ફસાયેલા રહી શકો છો.”

ગુજરાત | વંદન

તેહરાનમાં હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયા અને અગાઉ હિઝબુલ્લાહના ટોચના કમાન્ડરની હત્યા બાદ ઈઝરાયલે વિશ્વભરમાં તેના રાજદ્વારી મિશનની સુરક્ષા વધારી દીધી છે. લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે તાજેતરના વધતા તણાવને ધ્યાનમાં રાખીને, ઘણા દેશોએ લેબનોનમાં રહેતા તેમના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. જેમાં તેમના નાગરિકોને વહેલામાં વહેલી તકે પાછા ફરવાનું કહેવામાં આવ્યું છે અને જેઓ ત્યાં જવાની યોજના ધરાવે છે તેમને તેમની મુસાફરી મોકૂફ રાખવા માટે કહેવામાં આવ્યું છે.એડવાઈઝરી જારી કરનારા દેશોમાં ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે. આ સિવાય ભારતે પણ થોડા દિવસો પહેલા પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી હતી. ઑસ્ટ્રેલિયા દ્વારા 31 જુલાઈના રોજ જારી કરવામાં આવેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે, “અમે સતત સલાહ આપીએ છીએ કે અસ્થિર સુરક્ષા પરિસ્થિતિ અને સુરક્ષાની પરિસ્થિતિમાં વધુ બગાડના જોખમને કારણે ઑસ્ટ્રેલિયનો લેબનોનની મુસાફરી ન કરે. લેબનોનમાં રહેલા ઑસ્ટ્રેલિયનોએ તરત જ પોતાને ક્વોરેન્ટાઈન કરવું જોઈએ.” વાણિજ્યિક ફ્લાઇટ્સ ઉપલબ્ધ છે, લેબનોનમાં સુરક્ષાની સ્થિતિ ઓછી અથવા કોઈ સૂચના વિના ઝડપથી બગડી શકે છે.”એડવાઈઝરીમાં વધુમાં જણાવ્યું હતું કે, “કેટલીક એરલાઈન્સે કેટલીક ફ્લાઈટ્સ સ્થગિત કરી છે અથવા રદ કરી છે.

### જીવનમાં કંઈક કરી બતાવવાની તેમની મહત્વાકાંક્ષાઓ વરસાદી પાણીમાં તણાઈ ગઈ...

# ભ્રષ્ટ તંત્રની વેદી પર હોમાઇ ગઇ ત્રણ નિર્દોષ ભાવિ IAS-IPSની જિંદગીઓ...

ગુજરાત | વંદન

દેશની રાજધાની દિલ્હીના જુના રાજેન્દ્રનગર વિસ્તારમાં એક કોચિંગ કલાસીસના ભોંયરામાં વરસાદી પાણી ભરાઇ જતાં યુપીએસસીની કઠીન પરીક્ષાની તૈયારી કરી રહેલા 3 ભાવિ આશાસ્પદ IAS-IPS યુવાનોના મોત થયા છે. અને તેના પગલે દિલ્હીમાં અને ખાસ કરીને ઈમારતના ભોંયરામાં વાહનોના પાર્કિંગ સ્થાને ચાલી રહેલા આવા કોચિંગ કલાસીસની સામે વિરોધ વંટોળ જાગ્યો છે. અને કેટલાકને બંધ કરી દેવામાં આવ્યાં છે.

જ્યાં સુધી આ બનાવ બન્યો નહોતો અને જેમ કે આ બનાવ ધારો કે બન્યો ન હોત એ જ ભોંયરામાં આજે પણ ભાવિ આઈએએસ-આઈપીએસ ભણી રહ્યાં હોત અને બધુ જૈસે થે...ની જેમ ભણવાની સાથે ધીંગામસ્તી ચાલી રહી હોત...પણ એક બનાવ બને છે અને તંત્ર બુલડોઝર લઈને પહોંચી જાય છે....

.શું બુલડોઝર જ સમસ્યાનો એકમાત્ર ઉપાય છે..? આવા ભોંયરા ભાડે આપનારાઓની સામે કડકમાં કડક પગલા કેમ નહીં...ઘટના બની એટલે સૌ કોઇ જાગ્યા...નહીંતર તો લેતીદેતી ચાલી રહી હોત....અને કોચીંગ કલાસીસવાળા ભાવિ સરકારી ઉચ્ચ અધિકારીઓ પાસેથી તગડી કમાણી કરી રહ્યાં હોત....

ગુજરાતમાં મોરબી પુલ કાંડ, વડોદરા હરણી બોટ કાંડ, રાજકોટ અગ્નિકાંડ વગેરેમાં કેટલાય નિર્દોષોના જાન ગાય પણ એમાં જવાબદાર કે આરોપી તરીકે ધરપકડ કરાયેલાઓની સામે બુલડોઝરનો ઉપયોગ થયો નથી. દિલ્હીમાં રાઉ કોચીંગ કલાસીસ ઈમારતની સામે તરત જ ઘરરરર... કરતાં બુલડોઝર પહોંચી ગયા અને ગેરકાયદે દબાણ તોડવાનું કામ શરૂ





ઘટના બન્યા બાદ યાદ આવ્યું-ઓહો...અહીં તો કેટલુ બધુ ગેરકાયદે ચાલે છે..લાવો બુલડોઝર...

થયુ... પણ જો ઘટના ઘટી ન હોત તો ગેરકાયદે દબાણો યથાવત રહ્યાં હોત અને બુલડોઝરો આરામ ફરમાવી રહ્યાં હોત......

રાજધાનીમાં રવિવારે બનેલી ઘટનામં જેઓ મૃત્યુ પામ્યા તેમની ઓળખ થઇ છે. જે નિર્દોષ યુવાઓ તંત્ર-કોચિંગ કલાસીસના સંચાલક વગેરની ગુન્હાહિત બેદરકારીને કારણે મોત થયા તેમાં યુપીની શ્રેયા યાદવ (22 વર્ષ), તેલંગાણાની તાન્યા સોની (21 વર્ષ), અને કેરળના યુવાન નેવિન ડાલ્વિન (29 વર્ષ)નો સમાવેશ થાય છે.

આ મામલે રાજેન્દ્ર નગર પોલીસ સ્ટેશને દોષિત હત્યા, બેદરકારીને કારણે મૃત્યુ, બિલ્ડિંગની જાળવણીમાં બેદરકારી અને ઈરાદાપૂર્વક ઈજા પહોંચાડવાની કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ એફઆઈઆરમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે પાણીના નિકાલ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નહોતી, તેથી ભોંયરામાં પાણી ભરાઈ ગયા હતા.

ભોંયરામાં માત્ર એક જ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ હતો અને લાઈબ્રેરી ગેરકાયદેસર રીતે ચાલી રહી હતી. બાયોમેટ્રિક સિસ્ટમે જરૂરી કામગીરી પૂર્ણ કરી છે. પૂરના કારણે બાયોમેટ્રિક સિસ્ટમ બંધ હતી. જો એક્ઝિટ ફ્રી હોત તો વિદ્યાર્થીઓ ભાગી શક્યા હોત. ભોંયરામાં 3 મિનિટમાં 12 ફૂટ પાણી ભરાઈ ગયું હતું. ડ્રેનેજ વ્યવસ્થાના અભાવે બચાવ કામગીરી દરમિયાન પાણી બહાર કાઢવામાં પાંચ કલાકથી વધુ સમય લાગ્યો હતો.

શું મોડે મોડે રહી રહીને જાગી સઘળી એજન્સીઓ...

હવે મોટો પ્રશ્ન એ થાય છે કે શું મોડેથી જાગેલી એજન્સીઓ જૂના રાજેન્દ્ર નગર જેવા અકસ્માતો અટકાવી શકશે? કે પછી આવા અકસ્માતો ફરી નહિ બને? જો કે, તે કહેવું મુશ્કેલ છે, પરંતુ અત્યાર સુધી એવું જોવા મળ્યું છે કે સરકારી એજન્સીઓ દુર્ઘટના પછી થોડા દિવસો જ સક્રિય રહે છે અને નિયમોનું કડક પાલન કરવાનો દાવો કરે છે.

બાદમાં પરિસ્થિતિ સમાન બની જાય છે અને બેદરકાર તંત્ર લોકોને તેમના ભાગ્ય પર છોડી દે છે. માત્ર દિલ્હીમાં જ નહીં પણ દેશના કોઈપણ રાજ્ય કે શહેર વગેરેમાં આવા અકસ્માતો માત્ર તંત્રને જ ઉઘાડા પાડતા નથી પરંતુ લોકોના જીવ પણ જોખમમાં મૂકે છે.

અહીં વ્યવસ્થાના સંચાલનની જવાબદારી કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર, લેફ્ટનન્ટ ગવર્નર અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના હાથમાં છે. જ્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાય છે ત્યારે વહીવટીતંત્ર તાત્કાલિક પગલાં લેવાનો દાવો કરે છે. કડક નિયમો લાગુ કરવાની ખાતરી આપે છે. કેટલાક લોકો સામે કાર્યવાહી પણ થાય છે પરંતુ સમય જતાં સમગ્ર તંત્ર સુસ્ત બની જાય છે.

જૂન 2023માં પણ મુખર્જી નગર સ્થિત કોચિંગ સેન્ટરમાં આગ લાગી હતી. પોતાનો જીવ બચાવવા વિદ્યાર્થીઓએ બિલ્ડીંગના ત્રીજા માળેથી છલાંગ લગાવી હતી. આ ઘટના બાદ ફાયર બ્રિગેડના એનઓસીથી લઈને બાંધકામ સુધીની તમામ બાબતો તપાસ હેઠળ આવી ગઈ હતી.

(અનુસંધાન પેજ નં.6 પર)

# મનોજની સલાહઃ કલાકારની ફી અંગે જાહેરમાં ફરિયાદ ટાળો સ્ટાર સાથે સીધી વાત કરો



બૉલીવુડમાં સ્ટાર્સની ફીને લઈને ખૂબ ચર્ચા થઈ રહી છે. એ વિશે હવે મનોજ બાજપાઈએ ફિલ્મમેકર્સને સલાહ આપી છે કે જાહેરમાં બોલવાનો કોઈ અર્થ નથી, એના કરતાં ફી બાબત સ્ટાર્સ સાથે જ સીધી ચર્ચા કરવી જોઈએ. મનોજ બાજપાઈએ એમ પણ જણાવ્યું કે ફિલ્મમેકિંગના પૅશનને જોતાં એવી અનેક ફિલ્મોમાં પણ કામ કર્યું છે જ્યારે તેને વૅનિટી વૅનની પણ સગવડ નહોતી મળી. થોડા સમય પહેલાં ફારાહ ખાન કુંદરે જણાવ્યું હતું કે કેટલાક સ્ટાર્સને જ્યાં સુધી ચાર વૅનિટી વૅન ન મળે ત્યાં સુધી તો તેઓ શૂટિંગ પણ શરૂ નથી કરતા.

હવે એ વિશે પ્રોડ્યુસરોને સલાહ આપતાં મનોજ બાજપાઈ કહે છે, ‘જે પ્રોડ્યુસરો ફરિયાદ કરે છે તેઓ હંમેશાં મોટા સ્ટાર્સ સાથે જ ફિલ્મો બનાવે છે. તેઓ ફિલ્મને ભવ્ય બનાવવા માટે બજેટ પણ મોટું રાખે છે. મોટા સ્ટાર પોતાના સ્ટારડમના હિસાબે ફી લે છે. તમારા બજેટ પ્રમાણે તેઓ ફી ઘટાડે એવી અપેક્ષા તમે ન રાખી શકો. જો તમારે એ સ્ટારનો ફિલ્મમાં લાભ લેવો હોય પરંતુ બજેટ ઓછું રાખવું હોય તો તેની સાથે સીધી વાત કરવી જોઈએ. જાહેરમાં ફરિયાદ કરવાથી કાંઈ નહીં મળે. માત્ર ચર્ચા દ્વારા જ યોગ્ય સમાધાન મળી શકશે. કોઈએ મને ફી ઘટાડવા નથી કહ્યું, કારણ કે મારી ફી વાજબી છે. અમે ૩૫-૪૦ દિવસમાં ફિલ્મ પૂરી કરીએ છીએ અને એમાં દરેક જણ સંતુષ્ટ પણ હોય છે.’

# રણબીરની ‘રામાયણ’માં બચ્ચનના જમાઈની થઈ ગ્રાન્ડ એન્ટ્રી!







રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મ ‘રામાયણ’ને લઈને સમયાંતરે અપડેટ્સ આવતા રહે છે. હવે ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. પરંતુ હજુ પણ કાસ્ટિંગ ચાલુ છે ફિલ્મમાં વધુ એક નવી એન્ટ્રી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનનો જમાઈ પણ જોવા મળવાનો છે. તેણે આ ફિલ્મની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

નિતેશ તિવારીની ‘રામાયણ’ને લઈને ઘણી ચર્ચા ચાલી રહી છે. દર્શકો પણ આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે અને તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામના રોલમાં જોવા મળશે, જ્યારે સાઈ પલ્લવી માતા સીતાના રોલમાં જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું છે. આ સાથે ફિલ્મમાં નવા કલાકારો પણ સતત એન્ટ્રી કરી રહ્યા છે. હવે આ ફિલ્મમાં આમિર ખાનના કો-એક્ટર કુણાલ કપૂરની એન્ટ્રી થઈ છે. અહેવાલો અનુસાર, કુણાલ કપૂરે ‘રામાયણ’માં તેની ભૂમિકા માટે રિહર્સલ અને કોસ્ચ્યુમ ટ્રાયલ પણ શરૂ કરી દીધા છે. જોકે, કુણાલના પાત્ર વિશે હજુ વધુ માહિતી નથી. પરંતુ તેણે આ માટે તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું બહાર આવ્યું છે. આ ફિલ્મમાં સાઉથ સ્ટાર યશ પણ જોવા મળશે. તે રાવણના રોલમાં જોવા મળશે. આ સિવાય લારા દત્તા કૈકેયીનું પાત્ર ભજવતી જોવા મળશે. અરુણ ગોવિલ દશરથ બનશે.

કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મ નિર્માતાઓએ તેને બે ભાગમાં બનાવવાનો નિર્ણય કર્યો છે. જોકે, ફિલ્મનો બીજો ભાગ ફ્લોર પર લાવતા પહેલા તેના પહેલા ભાગના પરિણામોની રાહ જોવાઈ રહી છે. શૂટિંગની વાત કરીએ તો, ટીમે રામાયણ માટે 350 દિવસનું શૂટ શેડ્યૂલ તૈયાર કર્યું છે, જેમાં સ્ટાર કાસ્ટના દ્રશ્યો તેમજ તેના સિંગલ સિક્વન્સનો સમાવેશ થાય છે. ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બર 2025 સુધીમાં પૂરું કરવાની યોજના બનાવવામાં આવી છે.

કુણાલ કપૂર સિદ્ધાર્થ આનંદ અને સૈફ અલી ખાનની ‘જ્વેલ થીફઃ ધ રેડ સન ચેપ્ટર’માં પણ જોવા મળશે. તેણે હાલમાં જ તેનું શૂટિંગ પૂરું કર્યું છે. આ સિવાય તેની પાસે ચિરંજીવીની ફિલ્મ ‘વિશ્વંભરા’ અને આમિર ખાન પ્રોડક્શનની ફિલ્મ પણ છે. આ ફિલ્મો સિવાય તે એક એક્શન વેબ સિરીઝમાં પણ કામ કરવા જઈ રહ્યો છે. કુણાલ કપૂર અમિતાભ બચ્ચનનો જમાઈ લાગે છે. કારણ કે તેઓ તેમના ભાઈ અજિતાભ બચ્ચનની પુત્રી નયના બચ્ચનના પતિ છે.

રણબીર કપૂરના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેની પાસે ‘રામાયણ’ સિવાય પણ ઘણા પ્રોજેક્ટ છે. જેમાં ‘એનિમલ પાર્ક’ અને ‘લવ એન્ડ વોર’ જેવી ફિલ્મોના નામ સામેલ છે. છેલ્લી વખત તે સંદીપ રેડ્ડી વાંગાની ‘એનિમલ’માં જોવા મળ્યો હતો. તેની ફિલ્મે બોક્સ ઓફિસ પર રાજ કર્યું અને જબરજસ્ત કમાણી કરી. હવે જોવાનું એ રહે છે કે તેની આવનારી ફિલ્મો કેટલી શાનદાર રહેશે અને કેટલો બિઝનેસ કરશે.

# માતૃત્વ એક શ્રેષ્ઠ અનુભવ : ઐશ્વર્યાએ આરાધ્યાને જન્મ આપ્યાના વર્ષો પહેલા કહી હતી આ વાત......



એક પ્રેમાળ માતા સાબિત થઈ છે. જે દિવસથી તેણે આરાધ્યા બચ્ચનને જન્મ આપ્યો છે ત્યારથી ઐશ્વર્યા રાયે તેનું તમામ ધ્યાન એક સારી માતા બનવા પર કેન્દ્રિત કર્યું છે. એ દિલ હૈ મુશ્કિલ અભિનેત્રી જ્યાં પણ જાય છે ત્યાં તેની પુત્રીને હંમેશા પોતાની નજીક રાખે છે. આરાધ્યા કાન્સમાં હોવાથી લઈને તમામ મોટા તહેવારોમાં હાજરી આપવા સુધી, ઐશ્વર્યા રાય બચ્ચને તેની પુત્રી સાથે શક્ય તેટલો વધુ સમય પસાર કરવાની ખાતરી કરી છે. પરંતુ, ઐશ્વર્યાએ આરાધ્યાને આવકાર્યા તે પહેલા જ તેના મનમાં માતૃત્વ હતું.

જૂની ક્લિપ વેબ પર ફરી આવી છે. એક વાતચીતમાં અભિનેત્રીને તેના જીવનની સૌથી યાદગાર ક્ષણ વિશે પૂછવામાં આવ્યું. તેણીએ પછી કહ્યું કે તે ક્ષણ આવવાની બાકી છે અને તે ત્યારે આવશે જ્યારે તે તેના બાળકને આ દુનિયામાં આવકારશે. આ વીડિયો 1994નો છે અને તેમાં ઐશ્વર્યા કહે છે, “યાદગાર પળ આના હૈ. ઉમ્મ, જબ મુઝે મેરા બચ્ચા મિલેગા.” તે બધી શરમાળ અને હસતી છે.

સોશિયલ મીડિયા પર, ઐશ્વર્યા રાયે ઘણી વખત આરાધ્યા બચ્ચન સાથેના આરાધ્ય ચિત્રો છોડ્યા છે જેમાં તેણી જે બોન્ડ શેર કરે છે તે વિશે બધું જ જણાવે છે. ગયા વર્ષે, નાનાના જન્મદિવસ પર, તેણીએ બાળપણની એક થ્રોબેક તસવીર શેર કરી હતી અને તેણીને દેવદૂત કહીને એક સુંદર નોંધ લખી હતી. તેણીએ ઉમેર્યું હતું કે તે તેના જીવનનો ‘સંપૂર્ણ પ્રેમ’ છે અને તેણે ‘હું તમારા માટે શ્વાસ લઉં છું’ પણ લખ્યું હતું.

સાથે અલગ થવાની અફવાઓને કારણે ચર્ચામાં છે. તેઓએ અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં એકસાથે પોઝ આપ્યો ન હતો અને તેના કારણે બધાની ચર્ચા થઈ હતી. તેમના સંબંધોને લઈને ઘણી બધી અફવાઓ અને અટકળોએ ઈન્ટરનેટ પર ચર્ચા શરૂ કરી. પરંતુ ત્યારબાદ અભિષેક બચ્ચન નંબર પ્લેટ પર ઐશ્વર્યાના ફેવરિટ નંબર સાથે કાર ચલાવતો જોવા મળ્યો હતો. જેનાથી ચાહકોને થોડી રાહત મળી. તેઓએ આરાધ્યા બચ્ચનના વાર્ષિક દિવસની ઉજવણીમાં પણ સાથે હાજરી આપી હતી. ઐશ્વર્યા અને અભિષેકે તેના પર સંપૂર્ણ મૌન જાળવ્યું છે. ન તો અલગ થવાની પુષ્ટિ કરી છે અને ન તો અલગ થવાની અફવાઓ પર કોઈ સ્પષ્ટતા આપી છે.

# જ્યારે રણબીરે કહ્યું: તેમનામાં મેગ્નેટિક ચાર્મ છે, એક અદભુત વક્તા છે....



બૉલિવૂડ સુપરસ્ટાર રણબીર કપૂર છેલ્લા કેટલાક સમયથી ડિરેક્ટર નીતિશ તિવારીની ‘રામાયણ’ પર કામ કરી રહ્યો છે. ભારતની સૌથી મોટી ફિલ્મ કહેવાતી આ ફિલ્મમાં રણબીર પ્રભુ શ્રી રામનું પાત્ર ભજવી રહ્યો છે. આ ફિલ્મમાં તેની સાથે સાઉથની લોકપ્રિય અભિનેત્રી સાઈ પલ્લવી, રવિ દુબે, સની દેઓલ અને લારા દત્તા જેવા કલાકારો કામ કરી રહ્યા છે.

આ દરમિયાન રણબીરે એક ઈન્ટરવ્યુ આપ્યો છે જેમાં તેણે પોતાના અંગત જીવન અને કામ વિશે ખુલીને વાત કરી છે. આ વાતચીતમાં રણબીરે વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત વિશે પણ વાત કરી હતી. તેમણે જણાવ્યું કે પીએમે તેમની સાથે શું વાત કરી હતી.

નિખિલ કામત સાથેના ઈન્ટરવ્યુમાં રણબીરે વડાપ્રધાન મોદી વિશે વાત કરી, તેણે કહ્યું, ‘હું રાજકારણ વિશે વધારે વિચારતો નથી. પરંતુ અમે બધા - દિગ્દર્શકો અને અભિનેતાઓ - 4 કે 5 વર્ષ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા ગયા હતા. તમે તેમને ટેલિવિઝન પર જુઓ છો, તમે જુઓ છો કે તેઓ કેવી રીતે વાત કરે છે - તેઓ એક અદ્ભુત વક્તા છે. મને યાદ છે જ્યારે અમે બેઠા હતા અને તેઓ આવ્યા.

રણબીરે આગળ કહ્યું, ‘તેમનામાં મેગ્નેટિક ચાર્મ છે. તે આવીને બેસી ગયા.તેમણે દરેક વ્યક્તિ સાથે ખૂબ જ અંગત વાત કરી. મારા પિતા તે સમયે સારવાર હેઠળ હતા, તેથી તેમણે મને પૂછ્યું કે સારવાર કેવી રીતે ચાલી રહી છે, શું થઈ રહ્યું છે અને અન્ય બીજી વાતો પણ કરી હતી. ઉપરાંત તેમણે આલિયા સાથે કંઈક અલગ, વિકી કૌશલ સાથે પણ કંઈક બીજી, અને કરણ જોહરને સાથે પણ અન્ય વાતો કરી હતી . આમ તેમણે દરેક કલાકાર સાથે ખૂબ જ વ્યક્તિગત રીતે વાત કરી હતી.

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન સાથે વડાપ્રધાનની સરખામણી કરતા રણબીરે કહ્યું, ‘તમે મહાન લોકોમાં આ પ્રકારની મહેનત જુઓ છો. તેઓ એવા પ્રયાસો કરે છે જેની જરૂર નથી, પરંતુ તેઓ મહેનત કરે છે.એવું વધુમાં યમેર્યું હતું.

જાન્યુઆરી 2019માં વડાપ્રધાન મોદી બોલિવૂડના ઘણા ફિલ્મ નિર્માતાઓ અને કલાકારોને મળ્યા હતા.

# શું કોમેડી ફિલ્મો અપાવશે અક્ષયકુમારને સફળતા..?



કોરોનાકાળ બાદ અક્ષયકુમારની કેટલીય ફિલ્મો થિયેટરમાં રીલીઝ થઈ જેમાં સૂર્યવંશી લોકડાઉન બાદ પહેલી ફિલ્મ હતી જે થિયેટરમાં રીલીઝ થઈ હતી.ત્યારબાદ કેટલીય ફિલ્મો રીલીઝ થઈ પણ કોઇ પણ ફિલ્મને નોધપાત્ર સફળતા મળી નહતી. અક્ષયની એક પછી એક ફ્લોપ-અસફળ ફિલ્મોને કારણે ફિલ્મ નિર્માતાઓ તેમજ વિતરકો પણ પરેશાન થઈ ગયા છે, તેથી હવે નાના-મોટા સહુ કોઇ હવે અક્ષયને હવે સલાહ આપવા લાગ્યા છે કે કઈ ફિલ્મમાં અભિનય કરવો. તાજેતરમાં અક્ષયની બચ્ચન પાંડે ,સમ્રાટ પૃથ્વીરાજ ,રામ સેતુ , સેલ્ફી , મિશન રાણીગંજ , અને બડે મિયાં છોટે મિયાંને નિષ્ફળતા મળી હતી.

તાજેતરમાં બોક્સ ઓફિસના નિષ્ણાતો જણાવે છે કે અક્ષયે હવે કોમેડી ફિલ્મો તરફ વળવું જોઈએ. કદાચ તેની કોમેડી ફિલ્મોને દર્શકોનો સારો પ્રતિસાદ સાંપડે. અક્ષયની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ સરફિરાને સકારાત્મક સમીક્ષાઓ મળી છે,પરંતુ તે સારી એવી કમાણી કરી શકી નથી. અત્યાર સુધી અક્ષય કુમારે બૉલીવુડમાં કેટલાય ઉતાર-ચઢાવ જોયા છે, અને તેની સાથે અક્ષય કુમારે વિવિધ શૈલીની ફિલ્મોમાં પણ કામ કર્યું છે. જો કે, 2025 માં, તે દર્શકોને કોમેડી ફિલ્મો આપીને ફરીથી કમબેક કરશે તેવી આશા રાખવામાં આવે રહી છે.જે માટે અક્ષય વેલકમ ટુ ધ જંગલ, હાઉસફુલ 5 અને હેરા ફેરી 3 માં અભિનય કરશે, આ તમામ ફિલ્મો તેની લોકપ્રિય કોમેડી ફિલ્મોની સિક્વલ છે. આ બધી ફિલ્મો પાસેથી અપેક્ષાઓ પણ ઘણી મોટી છે.પરંતુ શું આ મૂવીઝ તેને બૉલીવુડમાં પાછા આવવા માટે મદદરૂપ થઈ શકશે કે કેમ તે તો આવનાર સમય બતાવશે. આ બાબતે કેટલાક ફિલ્મોના ડિસ્ટ્રીબ્યુટર સાથે વાતચીત કરતાં જણાયું કે તેઓ બધા અક્ષયની કોમેડી ફિલ્મો અંગે પુષ્કળ પોઝીટીવ છે અને તેમને ખાતરી છે કે અક્ષયની કોમેડી ફિલ્મો ચોક્કસપણે થિયેટરમાં હિટ સાબિત થશે.

જ્યારે 15મી ઓગસ્ટે રિલીઝ થઈ રહેલી ખેલ ખેલ મે વિશે પૂછવામાં આવ્યું ત્યારે ડિસ્ટ્રીબ્યુટરે કહ્યું, “સાચું કહું તો ટ્રેલર હજી બહાર આવવાનું બાકી છે. અમે હમણાં જ ફર્સ્ટ-લૂક પોસ્ટર મેળવ્યું છે. સ્વતંત્રતા દિવસ પર અમારી પાસે ત્રણ મોટી ફિલ્મો આવી રહી છે, જેમાં સ્ત્રી 2 ના ચાહકો વધુ પ્રેક્ષકો છે કારણ કે તે એક અલગ પ્રકારની ફિલ્મ છે, એક કોમેડી છે અને ફરી એક સફળ ફિલ્મ છે જ્યારે ખેલ ખેલ મેં અને વેદા વચ્ચે ટક્કર થશે.ફિલ્મો ટ્રેડ એક્સપર્ટ રોહિત જયસ્વાલ પણ માને છે કે હેરા ફેરી 3, હાઉસફુલ 5 અને વેલકમ ટુ ધ જંગલ અક્ષય કુમાર માટે બોક્સ ઓફિસ પર અજાયબી કરશે. “ હવે લોકો સારી કોમેડી માટે ઉત્સુક છે. તેની એક સફળ કોમેડી ફિલ્મ આવતાની સાથે જ મને ખાતરી છે કે તેની બમ્પર ઓપનિંગ થશે અક્ષયની એક વિશાળ ફેન ક્લબ છે જે તેની કોમેડી ફેન ક્લબ છે તેથી, મને વિશ્વાસ છે કે તેની કોમેડી ફિલ્મની રજૂઆત તેના વ્યવસાય અને અંગત જીવન બંને પર સકારાત્મક અસર કરશે, સંભવિતપણે અક્ષય કુમારને ફરી ચર્ચામાં લાવશે.

# ધૂમ 4માં શાહરૂખ વિલનની ભૂમિકામાં મચાવશે ધૂમ...



અભિષેક બચ્ચન અને ઉદય ચોપરાની જોડીએ YRFની ‘ધૂમ’ ફ્રેન્ચાઈઝીમાં હલચલ મચાવી હતી. આ ફ્રેન્ચાઈઝીની દરેક ફિલ્મમાં બોલિવૂડના મોટા સ્ટાર્સ વિલનની ભૂમિકામાં જોવા મળતા હતા. અભિનેતા આમિર ખાન ‘ધૂમ 3’માં નેગેટિવ રોલમાં હતો. જોકે, ‘ધૂમ 3’ પછી ચાહકો ‘ધૂમ 4’ની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. હવે ચાહકોની આ લાંબી રાહ આખરે પૂરી થઈ છે.

ખરેખર, ધૂમ 4ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. રિપોર્ટ્સનું માનીએ તો ‘ધૂમ 4’ માટે શાહરૂખ ખાન અને અક્ષય કુમારનું નામ સામે આવ્યું છે. રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મમાં અક્ષય કુમાર પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે શાહરૂખ ખાન નેગેટિવ રોલમાં જોવા મળશે.

નીતિશ નવીને ધૂમ 4ની કાસ્ટિંગને લઈને એક ટ્વિટ કર્યું છે. આ ટ્વિટમાં નીતિશે જણાવ્યું કે આદિત્ય ચોપરાની ફિલ્મ ‘ધૂમ 4’માં અભિષેક બચ્ચન અને ઉદય ચોપરાના પાત્રો બદલાયા છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાન વિલનની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે અક્ષય કુમાર ફિલ્મમાં પોલીસની ભૂમિકામાં જોવા મળશે. આ યાદીમાં નયનથારા અને કેટરીના કૈફનું નામ પણ સામેલ છે. રિપોર્ટ્સનું માનીએ તો તે અક્ષય કુમારની ગર્લફ્રેન્ડની ભૂમિકામાં જોવા મળશે જ્યારે કેટરીના કૈફ પણ પોલીસ ઓફિસરની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં ઉદય ચોપરાની જગ્યાએ અભિનેતા રાજકુમાર રાવ અલીની ભૂમિકા ભજવશે.

આ સાથે ટ્વીટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ‘ધૂમ 4’ની સ્ક્રિપ્ટ આદિત્ય ચોપરા અને સિદ્ધાર્થ આનંદ દ્વારા સંયુક્ત રીતે લખવામાં આવી છે. આ સમાચાર સામે આવ્યા બાદ ફેન્સની ઉત્તેજના વધી ગઈ છે, જો કે હજુ સુધી આ સમાચાર પર શાહરૂખ ખાન કે YRFએ કોઈ પ્રતિક્રિયા આપી નથી.

# ‘ભૂલભૂલૈયા 3નું ટીઝર ક્યારે આવશે ? ચાહકો જોઈ રહ્યાં છે રાહ



કાર્તિક આર્યન, વિદ્યા બાલન અને માધુરી દીક્ષિત ખૂબ જ અપેક્ષિત સિક્વલમાં સ્ટાર-સ્ટડેડ કાસ્ટનું નેતૃત્વ કરે છે, જે દિવાળી 2024ની રિલીઝ માટે સેટ છે. ભૂલ ભુલૈયા 3 ની અપેક્ષા તાવની પીચ પર પહોંચી રહી છે કારણ કે ચાહકો પ્રિય હોરર-કોમેડી ફ્રેન્ચાઈઝીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અનીસ બઝમી દ્વારા દિગ્દર્શિત અને ભૂષણ કુમાર દ્વારા નિર્મિત, ત્રીજો હપ્તો કાર્તિક આર્યન, વિદ્યા બાલન, માધુરી દીક્ષિત અને તૃપ્તિ ડિમરી દર્શાવતી સ્ટાર-સ્ટડેડ કાસ્ટ સાથે ઉત્સવની ઉજવણીનું વચન આપે છે. આ ફિલ્મ દિવાળી 2024ના વીકએન્ડ દરમિયાન થિયેટરોમાં આવવાની છે.

મુખ્ય ભૂમિકાઓમાં રાજપાલ યાદવ અને સંજય મિશ્રાની પ્રતિભાઓ દ્વારા ફિલ્મના કલાકારોને વધુ પ્રોત્સાહન મળે છે. આ વર્ષે માર્ચમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થયું, ટીમે છેલ્લા ચાર મહિનાથી વિસ્તૃત સ્ટુડિયો સેટ અને વાસ્તવિક સ્થળો પર અથાક મહેનત કરી. 75-દિવસના સઘન શૂટિંગ શેડ્યૂલના અંતને ચિહ્નિત કરીને, પ્રોડક્શન 2 ઓગસ્ટના રોજ પૂર્ણ થવાનું છે.

પ્રોડક્શન હાઉસની નજીકના એક સૂત્રએ પિંકવિલાને જણાવ્યું હતું કે, “આ લગભગ 75 દિવસની સફર છે જે 2 ઓગસ્ટે પૂરી થઈ રહી છે. ભૂલ ભૂલૈયા 3 ની આખી સ્ટાર કાસ્ટ અત્યારે શૂટિંગ કરી રહી છે અને ટીમ સાથે તેમની સફર પૂરી કરવા માટે ઉત્સાહિત છે.જેમ જેમ ફિલ્મનું નિર્માણ પૂર્ણ થાય છે, ધ્યાન તેના માર્કેટિંગ ઝુંબેશ તરફ વળે છે. નિર્માતાઓ દિવાળીના રિલીઝ સુધી એક ‘વિસ્તૃત માર્કેટિંગ ઝુંબેશ’નું આયોજન કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાર્તિક આર્યન, અનીસ બઝમી, ભૂષણ કુમાર અને ટીમ ભૂલ ભુલૈયા 3 માટે એક વિશિષ્ટ ટીઝર કટ પર ખંતપૂર્વક કામ કરી રહ્યા છે .

“દિવાળીના સમયગાળાને ધ્યાનમાં રાખીને એક ટીઝર કામમાં છે અને મેકર્સ ઓગસ્ટના મધ્ય સુધીમાં કટ તૈયાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. એકવાર VFX આઉટપુટ સાથે કટ લૉક થઈ જાય પછી, તેઓ લૉન્ચની તારીખ નક્કી કરશે. તેનો ઉદ્દેશ તેને શક્ય તેટલી વહેલી તકે લાવવાનો અને સામગ્રી માટે હાઈપ બનાવવાનો છે કારણ કે ટીમ દિવાળીના તહેવારોની મોસમ દરમિયાન પ્રેક્ષકોનું મનોરંજન કરવા માટે વિશ્વાસ ધરાવે છે,” સ્ત્રોતે શેર કર્યું.ભૂલ ભુલૈયા 3 એ વર્ષની સૌથી આતુરતાપૂર્વક રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે, તેના બોક્સ ઓફિસ પરફોર્મન્સથી ઘણી અપેક્ષાઓ છે. ફિલ્મનું સંગીત પણ એક મુખ્ય હાઈલાઈટ હોવાની અપેક્ષા છે.

# અભિષેક બચ્ચન-સૈયામી ખેર “ઘૂમર” સાથે 18મીએ દેશના સિનેમાઘરોમાં ધૂમ મચાવવા તૈયાર



ઑગસ્ટ મહિનામાં દેશમાં અસંખ્ય તહેવારો આવતા હોવાથી આ દરમિયાન બોલિવૂડની પણ અનેક ફિલ્મો રીલીઝ થતી હોય છે. આ સમયે ઓગસ્ટમાં અનેક ફિલ્મોની સિક્વલનો સમયગાળો બનવા જઈ રહ્યો છે. 11 ઓગસ્ટે સની દેઓલ અને અમીષા પટેલ અભિનીત ગદર-2 રિલીઝ થશે. આ સિવાય જો OMG-2 ની સેન્સર સમસ્યાઓ સમયસર સમાપ્ત થઈ જશે, તો અક્ષય કુમાર અભિનીત આ ફિલ્મ પણ તે જ શુક્રવારે રિલીઝ થવાની શક્યતાઓ દર્શાવાઈ રહી છે. સ્વતંત્રતા દિવસ તેમજ ઓગસ્ટના મધ્ય-સપ્તાહની રજાનો લાભ લેવા. 25 ઓગસ્ટે, આયુષ્માન ખુરાના અને અનન્યા પાંડે અભિનીત ડ્રીમ ગર્લ-2 પણ સિનેમાઘરોમાં આવશે.

એવા સમયમાં હવે, મધ્યમ કદની ફિલ્મ ઘૂમરના નિર્માતાઓએ પણ ઓગસ્ટમાં તેમનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું છે.પ્રાપ્ત માહિતી મુજબ “ઘૂમર , અભિષેક બચ્ચન, સૈયામી ખેર અને શબાના આઝમી અભિનીત, આ ફિલ્મ 18 ઓગસ્ટે રિલીઝ થશે. તેનું નિર્દેશન આર બાલ્કી દ્વારા કરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે ત્યારબાદ તે ફિલ્મ માટે માર્કેટિંગ પણ કરવામાં આવશે.

ફિલ્મના વિતરણ માટેના કોપીરાઈટ કોણે ખરીદ્યા છે તે અંગે હજી સુધી જાણકારી મળી નથી. પરંતુ ફિલ્મની બાકી બધી વાતોને ધ્યાનમાં લેતા એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મને મોટી સફળતા મળશે.અને નિર્માતાઓને વિશ્વાસ છે કે તેમની ફિલ્મ ઑગસ્ટમાં અન્ય મહત્ત્વપૂર્ણ રિલીઝ વચ્ચે રિલીઝ થવાની હોવા છતાં તેમને મોટી સંખ્યામાં સ્ક્રીન કાઉન્ટ મળશે. કારણ આ ફિલ્મની વાર્તા કંઈક અલગ છે.

“ઘૂમર” એક મહિલા ક્રિકેટરની વાર્તા છે, જે અસંખ્ય ઈજાઓ પછી પણ હાર માનતી નથી, અને પોતાના પર અડગ વિશ્વાસ રાખી સપના પૂર્ણ કરવા તૈયાર છે, પોતાના સપનાનો પીછો કરવા માટે તે અડગ છે અને તે માટે તે પોતાના ડાબા હાથથી રમત રમવાનું શીખે છે. આ ફિલ્મમાં અભિષેક બચ્ચન તેના કોચની ભૂમિકા નિભાવે છે અને જે શારીરિક રીતે અક્ષમ ક્રિકેટરને ચેમ્પિયન બનવા માટે પ્રેરણા આપવાનું કામ કરતાં હોય છે. શબાના આઝમી આ ફિલ્મમાં સૈયામી ખેરની ક્રિકેટથી ગ્રસ્ત દાદીની ભૂમિકા ભજવે છે, આ સિવાય ફિલ્મમાં અંગદ બેદી પણ છે. ઉપરાંત ફિલ્મમાં અમિતાભ બચ્ચન મહેમાન કલાકાર તરીકે એક નાનકડી ભૂમિકામાં જોવા મળશે.

બિગ બી અને આર બાલ્કી એકબીજાના સારા દોસ્ત છે અને તે બંને વચ્ચે ખૂબ પ્રેમ પણ છે. બંને મેગા સ્ટારે એક બીજા સાથે વિવિધ ફિલ્મોમાં કામ કર્યું છે. કી એન્ડ કા (2016), પેડ મેન (2018) અને ચુપ (2022) જેવી ફિલ્મોમાં તે અભિનય કરી શક્યો નથી, પરંતુ માત્ર સ્પેશિયલ અપિયરન્સમાં દેખાયો છે. આ દરમિયાન અભિષેકે આર બાલ્કી સાથે પા (2009)માં કામ કર્યું હતું. ઘુમર થિયેટરમાં રિલીઝ થાય તે પહેલા ઓસ્ટ્રેલિયામાં તેનું પ્રીમિયર થશે. 11 ઓગસ્ટથી શરૂ થનારા ભારતીય ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબોર્ન (IFFM)ની ઓપનિંગ ફિલ્મ તરીકે તેને પસંદ કરવામાં આવી છે.

ગુજરાત
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# મતગણતરીમાં વધેલા મતોનો સત્તાધારી પાર્ટીને અપ્રમાણસર ફાયદો થયો હોવાનો ADRનો દાવો

## 542 લોકસભા સીટોમાં તફાવત લગભગ 5 કરોડ, ગુજરાતમાં 24 બેઠકોના આંકડામાં 15521 મતનો તફાવત

ગુજરાત | વંદન

ભારતમાં ચૂંટણી અને રાજકીય સુધારા માટે કામ કરતી બિન-રાજકીય, બિન-પક્ષપાતી અને બિન-લાભકારી સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા લોકસભા ચૂંટણી-2024ને લઈને એક મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા પ્રકાશિત કરાયેલા અહેવાલમાં બહાર આવ્યું છે કે ઈવીએમ(EVM)માં મતોની સંખ્યા અને મતગણતરી સમયે મતોની સંખ્યા વચ્ચે ભારે વિસંગતતા છે. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતમાં 542 લોકસભા સીટોમાં કુલ તફાવત લગભગ 5 કરોડ છે. ગુજરાતમાં 24 બેઠકોના આંકડામાં તફાવત 15521 મતનો છે.

વોટ ફોર ડેમોક્રેસી જૂથના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ સાત તબક્કાઓ માટે, પ્રારંભિક મતદાનના આંકડાઓથી મતોમાં સંચિત વધારો પાંચ કરોડ અથવા સચોટ આંકડો 4,65,46,885 છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે મતદારોના મતદાનમાં થયેલા વધારાથી સત્તાધારી પાર્ટીને અપ્રમાણસર ફાયદો થયો છે.ચૂંટણી પંચની ઈમાનદારી દાવ પર છે કારણ કે 24 મતવિસ્તારોમાં નોંધાયેલા મતો અને મતોની ગણતરીમાં વિસંગતતા હોવાનું જાણવા મળ્યું છે. કેટલાક મતવિસ્તારમાં મળેલા મતો ગણેલા મતો કરતાં વધુ છે અને કેટલાકમાં ગણતરી કરાયેલા મતો મતદાન કરતાં



વધુ છે, જે -3194 થી +123 સુધીની વિસંગતતા દર્શાવે છે, કુલ આંકડો 15521 છે.

ગણતરી કરાયેલા મતો કરતાં બારડોલીમાં 3194, ભાવનગરમાં 1577, પાટણમાં 1577 અને આણંદમાં 1337 મતો ઓછા નોંધાયા છે. જો કે, આમાંના કોઈપણ મતદારક્ષેત્રમાં આ વિસંગતતા નિર્ણયને પ્રભાવિત કરવા માટે એટલી નોંધપાત્ર નથી. લોકતાંત્રિક અને ચૂંટણી અધિકારો માટે કામ કરતી સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)એ દાવો કર્યો હતો કે કુલ 538 સીટો પર આ ગેરરીતિઓ જોવા મળી હતી. 362 બેઠકો પર થયેલા મતદાન કરતાં 5,54,598 ઓછા મતોની ગણતરી કરવામાં આવી હતી, જ્યારે 176 બેઠકો પર થયેલા મતદાન કરતાં 35,093 વધુ મતોની ગણતરી કરવામાં આવી હતી.

અગાઉ મે મહિનામાં બે તબક્કાની ચૂંટણીઓ પછી કોંગ્રેસે કુલ મતદાનનો ડેટા શેર કરવામાં વિલંબ માટે ચૂંટણી પંચની ટીકા કરી હતી અને તેને "સંપૂર્ણપણે અસ્વીકાર્ય" ગણાવ્યું હતું. ડેટા પ્રકાશિત કરવામાં અસાધારણ વિલંબ થયો હતો, જેના કારણે લોકો ચૂંટણી પંચની પ્રામાણિકતા પર શંકા કરે છે. પ્રથમ તબક્કાના મતદાનના 10 દિવસ પછી અને બીજા તબક્કાના મતદાનના ચાર દિવસ પછી ડેટા ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. જો કે, ચૂંટણી સંસ્થાએ દરેક મતવિસ્તારમાં કુલ મતદારોની સંખ્યા જાહેર કરી ન હતી. ADRના આ દાવાઓ પર ચૂંટણી પંચ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

# 9 ઓગસ્ટથી કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં ન્યાય યાત્રાનો પ્રારંભ



### ગુજરાતમાં સર્જાયેલી દુર્ઘટનાઓના પીડિતોને ન્યાય આપવાનો ઉદ્દેશ્ય-શક્તિસિંહ

ગુજરાત | વંદન

કોંગ્રેસ દ્વારા વધુ એક ન્યાય યાત્રાની શરૂઆત થઈ રહી છે આ વખતે ગુજરાતની પસંદગી કરવામાં આવી છે.ગુજરાતમાં સર્જાયેલી દુર્ઘટનાઓના પીડિતોને ન્યાય આપવાના ઉદ્દેશ્ય સાથે કોંગ્રેસે આ ન્યાય યાત્રાનું આયોજન કરવાની જાહેરાત કરી છે. આ ન્યાય યાત્રા ભારત છોડો આંદોલન જે તારીખે શરુ થયુ એ તારીખ એટલે કે 9 ઓગસ્ટથી શરુ કરવામાં આવશે.

રાજકોટ અગ્નિકાંડ, હરણી બોટકાંડ, મોરબી બ્રિજકાંડ, તક્ષશિલા અગ્નિકાંડ અને ઉના દલિત કાંડના પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા આ ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબીથી આ ન્યાય યાત્રાની શરૂઆત થશે.

મળતી માહિતી અનુસાર ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા બે ભાગમાં ન્યાય યાત્રાનું આયોજન થશે. પ્રથમ ન્યાય યાત્રા ઓગષ્ટ મહિનાના બીજા સપ્તાહમાં મોરબીથી શરૂ કરવા જઈ રહી છે. આ ન્યાય યાત્રાનો રુટ મોરબીથી રાજકોટ, ચોટીલા અને વિરમગામ સુધીનો રહેશે. કોંગ્રેસ આ યાત્રા દરમ્યાન મોરબી, રાજકોટ ગેમઝોનના પીડિતો અને સાથે જ અન્ય લોકો સાથે મુલાકાત કરશે અને તેમના ન્યાય માટે કોંગ્રેસ આ યાત્રાનું આયોજન કરી રહી છે. જ્યારે બીજા તબક્કાની ન્યાય યાત્રાની શરૂઆત સુરતથી કરવામાં આવશે. ત્યારે એવુ સામે આવી રહ્યું છે કે રાહુલ ગાંધી કદાચ આ યાત્રામાં સામેલ ન થાય. મહત્વનું છે કે ગુજરાતમાં મોરબીમાં ઝુલતો પુલ ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં 130 કરતા વધુ લોકોના મોત થયા હતા. તો રાજકોટમાં ગેમઝોનમાં અચાનક આગ લાગી હતી. આ દુર્ઘટનામાં પણ 27 લોકોના મોત થયા હતા. ત્યારબાદ સુરતમાં તક્ષશિલા આગકાંડમાં પણ લોકોના મોત થયા હતા.ગુજરાતમાં 1995 એટલે કે લગભગ 30 વર્ષની ભાજપ સત્તામાં છે, આટલા વર્ષો કોંગ્રેસ રાજ્યમાં ક્યાય દેખાતી જ ન હતી, ત્યારે હવે ધીરે ધીરે કોંગ્રેસ લોકોના મુદ્દાઓ ઉઠાવવા લાગી છે, લોકોને ન્યાય અપાવવા માટે લડી રહી છે. અને જરાતમાં ફરી કમબેક કરી રહી છે. આ વખતે કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં ભાજપની હેટ્રિક ન થવા દીધી અને લગભગ એક દાયકા બાદ ગુજરાતમાં કોંગ્રસના બનાસકાંઠાના ઉમેદવાર ગેનીબેને જીત હાંસલ કરી ભાજપની હેટ્રિક અટકાવી દીધી છે.

## સુરતના ચૂંટણીઅધિકારી, મુકેશ દલાલ અને ટેકેદારો સામે અરજી દાખલ કરાઈ

# કુંભાણી ફેક્ટર : સુરત બેઠકની બિનહરીફ ચૂંટણીનો મુદ્દો રસપ્રદ બન્યો -મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો, સાંસદને નોટિસ

### જો કોર્ટને લાગે કે પ્રક્રિયામાં ચૂક હતી તો કોર્ટ પુનઃ ચૂંટણી માટેનો હુકમ કરી શકે છે-એડીઆર

ગુજરાત | વંદન


સુરત લોકસભા બેઠકના ભાજપ સાંસદ મુકેશ દલાલની બિનહરીફ ચૂંટણીનો મુદ્દો ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યો છે. કોંગ્રેસે મુકેશ દલાલની જીતને પડકારતી અરજી હાઈકોર્ટમાં દાખલ કરી છે, જેમાં હાઈકોર્ટે સંસદસભ્યને નોટીસ આપી છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન થાય તે પહેલાં જ સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ વિજયી જાહેર કરી દેવામાં આવ્યા હતા. તેમની આ જીત પાછળનું સૌથી મોટું કારણ કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફૉર્મ રદ થવાનું હતું.

નિલેશ કુંભાણીના ટેકેદારો તરીકે જે ચાર વ્યક્તિઓએ સહી કરી હતી તેમાંથી ત્રણ લોકોએ સોગંદનામું કર્યું હતું કે તેમણે આ ફૉર્મમાં સહી કરી નથી. જે બાદ ચૂંટણીઅધિકારીએ તેમનું ફૉર્મ રદ કર્યું હતું. એ બાદ અન્ય પક્ષના તથા અપક્ષ ઉમેદવાર ખસી ગયા હતા, જેના કારણે ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ એ જ દિવસે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

કૉંગ્રેસ પાર્ટીએ ગુજરાત હાઈકોર્ટમાં બે અરજી દાખલ કરી છે. એક અરજી કૉંગ્રેસના હોદ્દેદારો કલ્પેશ બારોટ, ફિરોઝ મલેક તથા અશોક પીંપરે દ્વારા કરવામાં આવી છે. જ્યારે બીજી અરજી હિતેશ સોસા દ્વારા કરવામાં આવી છે.

આ અરજીઓમાં કૉંગ્રેસે માગ કરી છે કે મુકેશ દલાલનો વિજય રદ કરવામાં આવે અને સુરત લોકસભા બેઠકની ચૂંટણી માટેનો હુકમ કરવામાં આવે. સાથે-સાથે કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ટેકેદારોનાં ફૉર્મ કયાં કારણોસર રદ કરાયાં હતાં એની પણ તપાસ કરવામાં આવે.






ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ લીગલ સેલના સભ્ય ઍડ્વૉકેટ ઝમીર શેખ કહે છે, "નિલેશ કુંભાણીના ટેકેદારોએ ડેપ્યુટી કલેક્ટર પાસે જઈને સુરત લોકસભા વિસ્તારના મતદાતા હોવાનું અને ટેકેદાર બનવા માટેનું પ્રમાણપત્ર મેળવ્યું હતું."

"ત્યાર બાદ એ જ ટેકેદારો પોતાની સહી ન હોવાનું કહ્યું હતું. રિટર્નિંગ ઑફિસરે પણ સહીની ખરાઈ કર્યા વગર અને ફૉરેન્સિક પુરાવા વગર જાતે જ નક્કી કરી દીધું હતું કે સહીઓ ખોટી છે અને નિલેશ કુંભાણીનું ફૉર્મ રદ કરી નાખ્યું હતું. આ બાબતો સાથે ચૂંટણીઅધિકારી, ભાજપના સાંસદ મુકેશ દલાલ અને ટેકેદારો સામે અરજી દાખલ કરાઈ છે."

અરજી કરનારા કૉંગ્રેસ કાર્યકર કલ્પેશ બારોટ જણાવે છે, "સામ અને દામનો ઉપયોગ કરીને ભાજપએ સુરત બેઠક જીતી છે. કાવતરું કરીને ભાજપે ચૂંટણીમાં લાખો મતદારોને મતદાનથી વંચિત રાખ્યા હતા. જેથી અમે ભાજપના નેતાઓની સામે કાયદાકીય લડત ઉપાડી છે. અમને વિશ્વાસ છે કે ન્યાયતંત્ર અમારા હિતમાં નિર્ણય લઈ ચુકાદો આપશે."

તો આ મામલે રાજકિય વિશ્લેષક નરેશ વરિયા કહે છે, "આખા દેશમાં લગભગ સાતેક રાજ્યમાં ચૂંટણીપરિણામોને મામલે હાઈકોર્ટમાં અરજીઓ દાખલ થઈ છે. હું માનું ત્યાં સુધી આ પહેલો એવો મામલો છે કે બિનહરીફ ચૂંટાયા બાદ ચૂંટણી ન થઈ હોય અને કોઈ વ્યક્તિએ તેને હાઈકોર્ટમાં પડકાર્યો હોય. હાઈકોર્ટ હવે આમાં તથ્યો ચકાસીને બંધારણના નિયમોને આધીન નિર્ણય લઈ શકે છે." ઍડ્વૉકેટ ઝમીર શેખ કહે છે,"અરજીની સુનાવણી દરમિયાન નામદાર જજે અરજી કરનાર વ્યક્તિને

...અનુસંધાન પેજ નં. 6 પર

# રાજ્ય સરકાર 7.50 લાખ બહેનોને લખપતિ બનાવશે

### પોણા ત્રણ લાખથી વધુ બહેનોને 350 કરોડના સહાય લાભનું વિતરણ-સીએમ

ગુજરાત | વંદન

દેશની માતાઓ અને બહેનોને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લખપતિ દીદી સંકલ્પમાં ગુજરાતે 7.50 લાખ બહેનોને લખપતિ દીદી બનાવવાનો નિર્ધાર કર્યો હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા મંદિરમાં 'સખી સંવાદ' કાર્યક્રમમાં જાહેર કર્યું હતું. તેમણે સખી મંડળો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓની ઉચ્ચ ગુણવત્તા જાળવી રાખી લોકોનો વધુ વિશ્વાસ સંપાદિત કરવા પણ અપીલ કરી હતી. તે સાથે સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા તૈયાર થતી ચીજ વસ્તુઓના ઉત્પાદનથી માંડી માર્કેટિંગ સુધીની ચેઈન ઊભી કરવા સરકાર સહયોગ આપશે તેમ પણ જણાવ્યું હતું.



ગાંધીનગરના મહાત્મા મંદિરમાં 'સખી સંવાદ' કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરની સ્વ-સહાય જૂથની બહેનો ઉપસ્થિત રહી હતી. ગ્રામ વિકાસ વિભાગ અને ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપની દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં 28 હજાર સ્વ-સહાય જૂથોની પોણા ત્રણ લાખથી વધુ ગ્રામીણ બહેનોને કુલ મળીને 350 કરોડના સહાય લાભનું વિતરણ કરાયું હતું. સીએમ પટેલે જણાવ્યું હતું કે લોકોને સારી ગુણવત્તાવાળા ઉત્પાદન મળશે તો સખી મંડળની પ્રતિષ્ઠા વધશે અને તેમના ઉત્પાદનોનું વેચાણ

...અનુસંધાન પેજ નં. 6 પર

# દશામી "શ્રી અમરનાથ જળાભિષેક કાવડ પદયાત્રા" નો પ્રારંભ

### શ્રાવણ માસ દરમ્યાન ભારતમાં કાવડ યાત્રાનું અનોખું મહત્વ છે : દિપકભાઈ પટેલ



ગુજરાત | વંદન

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદમાં કાવડ યાત્રા યોજાશે . 4 ઓગસ્ટ, 2024, રવિવારના દિવસે સવારે 8-30 કલાકે "શ્રી અમરનાથ જળાભિષેક કાવડ પદયાત્રા નો શુભારંભ વિશ્વ કલ્યાણ સંસ્થા-અમરનાથ ધામ, ગાંધીનગર તથા શ્રી જાય અંબે કાવડ પદયાત્રા સંઘના સહયોગથી નાગરવેલ હનુમાન મંદિર, અમરાઈવાડી થી કરવામાં આવશે.

આ યાત્રામાં 4000 થી વધુ કાવડિયાઓ શિવ આરાધના મહાપર્વ શ્રાવણ માસના પ્રથમ સોમવારે ગંગાજળ લઈને 55 કી.મી ની પદયાત્રા "બમ બમ ભોલે" તથા "જય અમરનાથ " ના નાદ સાથે કરશે.ગંગાજળ ભરેલા 7000 થી વધુ કળશ સાથે એક સરખા ભગવા વસ્ત્રો ધારણ કરેલ આ શિવભક્તોનો મહાસાગર નિહાળવો તે પણ એક ખાસ લ્હાવો હોય છે. ખુલ્લા પગે શિવજીની આરાધના કરતા કરતા 55 કી.મીની સફર બાદ પવિત્ર અમરનાથ ધામ પહોંચી. અદ્વિતીય દ્વાદશ જ્યોતિલિંગ પર જળાભિષેક થશે અને યાત્રા સંપન્ન થશે.આ યાત્રા નાગરવેલ હનુમાન મંદિર થી શરૂ થશે અને ખોડિયારનગર, નરોડા પાટીયા, ગેલેક્ષી હોટેલ અંડર બ્રિજ, એરપોર્ટ રોડ, ઈન્દિરા બ્રિજ, શંખ મંદિર, કોબા સર્કલ, રાજપુત ભવન,ઘ રોડ, પેથાપૂર સર્કલ, ગ્રામભારતી, અમરાપુર થઈ પવિત્ર અમરનાથ ધામ પહોંચશે.

હરિદ્વારની કાવડયાત્રા સુપ્રસિદ્ધ અને જાણીતી છે. તે જ પ્રકારની અને તે જ રીતે એક ભવ્ય કાવડયાત્રા છેલ્લા 10 વર્ષથી " શ્રી અમરનાથ જળાભિષેક કાવડ પદ યાત્રા પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે અમરનાથ ધામના સહયોગથી જય અંબે કાવડ પદયાત્રા સંઘ દ્વારા યોજવામાં આવે છે. અને તેને પ્રચંડ લોક પ્રતિસાદ પણ મળે છે. આ પદયાત્રામાં 4000 જેટલા શ્રદ્ધાળુઓ ભાગ લઈને એક અનોખો જ ભક્તિમાર્ગ પ્રશસ્ત કરી આ સમગ્ર માર્ગને કેસરિયા રંગથી રંગી જય અમરનાથના નાદથી છલોછલ કરી દે છે. જે નિહાળવું તે પણ એક લ્હાવો છે.

આ અંગે ખાસ વાતચીતમાં "શ્રી અમરનાથ જળાભિષેક કાવડ પદયાત્રા " વિષે વિશ્વ કલ્યાણ સંસ્થા -અમરનાથ ધામના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી દીપકભાઈ પટેલ જણાવે છે કે "શ્રાવણ માસ દરમ્યાન ભારતમાં કાવડ યાત્રાનું અનોખું મહત્વ છે. શ્રાવણ એટલે હીંદુઓનો અતિપવિત્ર માસ કે જ્યાં શિવજીનો મહિમા અપરંપાર છે. દેવોના દેવ નાથોના નાથ ભગવાન શિવજી આરાધનાના અલગ-અલગ માર્ગોમાં એક "કાવડયાત્રા " કે જે શ્રદ્ધાળુઓ દ્વારા કાવડ લઈને ખુલ્લા પગે શિવજીની આરાધના કરતાં કરતાં ગંતવ્ય માર્ગ સુધી પૂર્ણ કરવામાં આવે છે.આ યાત્રાનું પુરાણો મુજબ વિશેષ મહત્વ એટલે છે કે, ભગવાન મહાદેવના પરમભક્ત ભગવાન પરશુરામે કાવડ યાત્રા લઈને ગડમુક્તેશ્વરથી ગંગાજળ ભરીને શિવ મંદિરમાં જળાભિષેક કર્યો હતો ત્યારથી આ કાવડયાત્રાની શરૂઆત થઈ છે. અને આમપણ શાત્રોમાં શ્રાવણ માસમાં ખાસ તો સોમવારે શિવ અભિષેકનું અનેરું મહત્વ છે. તેમાંપણ શ્રાવણ માસમાં 12 જ્યોતિલિંગમાં જળાભિષેક કરવાથી મહાદેવને પ્રસન્ન કરી તેમની કૃપા મેળવી શકાય છે.ત્યારે શિવભ કાવડીયા સાચી શ્રદ્ધા અને આસ્થા સાથે આટલું વજન ખભે મુકી આ કઠીન કાવડયાત્રા કરે છે. તેમના કદમની સાથે તેમને આ પદયાત્રાથી અશ્વમેઘ યજ્ઞ જેટલા ફળના તેઓહકદારબને છે.

# ગુજરાતમાં 6.64 લાખ ઘરો મેળવી રહ્યાં છે સૂર્યઉર્જા...

### રહેણાંક વિસ્તારમાં 2595 મેગાવૉટ સોલાર રૂફટોપ ક્ષમતા સ્થાપિત કરાઈ

ગુજરાત | વંદન

દેશમાં સૌથી વધુ ગુજરાતમાં 6.64 લાખ ઘરો પર સોલાર રૂફટોપ લગાવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલી માહિતી મુજબ, જૂન 2024 સુધી દેશના રહેણાક વિસ્તારમાં કુલ 9.76 ઘરો પર સોલાર રૂફટોપ લાગાવાયાં છે. જેમાંથી 68% ઘરો માત્ર ગુજરાતમાં છે. દેશના 35 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં કુલ 3.11 લાખ ઘરો પર સોલાર પેનલ છે. ગુજરાતમાં તેનાથી બમણાં કરતાં પણ વધુ ઘરો પર સોલાર પેનલ છે. રાજ્યના રહેણાંક વિસ્તારમાં 2595



મેગાવૉટ સોલાર રૂફટોપ ક્ષમતા સ્થાપિત કરવામાં આવી છે. જ્યારે દેશના રહેણાંક વિસ્તારમાં સ્થાપિત સોલાર રૂફટોપની ક્ષમતા 4077 મેગાવૉટ છે.

રહેણાંક વિસ્તાર સહિત દેશમાં કુલ સોલાર ઉર્જાની ક્ષમતા 85 હજાર મેગાવૉટ છે. સૌથી વધુ રાજસ્થાનમાં 22 હજાર અને ગુજરાતમાં 14 હજારથી વધુ મેગાવટ સોલાર ઉર્જા ઉત્પાદનની ક્ષમતા છે. 9 રાજ્યમાં 10 હજારથી ઓછા ઘર પર સોલાર પેનલ છે.

# ગુજરાતમાં હવે મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની તક મળશે

### નાઈટ શિફ્ટમાં મહિલાઓને કામ કરવા દેવાની મંજૂરી માટે 79 અરજીઓ મળી

ગુજરાત | વંદન

છેલ્લા અનેક દાયકાઓથી ગુજરાતે ખાસ કરીને સૂર્યાસ્ત પછી મહિલાઓ માટે સલામત હોવાની ખ્યાતિ મેળવી છે. જેના પગલે ગુજરાતની વધુને વધુ કોર્પોરેટ કંપનીઓ મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી મેળવવા માટે અરજી કરી રહી છે. આ વર્ષે જુલાઈ સુધીમાં રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગને નાઈટ શિફ્ટમાં મહિલાઓને કામ કરવા દેવાની મંજૂરી કંપનીઓ તરફથી 79 અરજીઓ મળી છે.



અરજી કરનારી 27 કંપનીઓને મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરી શકે તેવી મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે 46 અરજીઓને વિવિધ નિયમોનું પાલન કરવા માટે પરત મોકલવામાં આવી હતી. મહિલા કર્મચારીઓને ઘરેથી લઈ જવા અને મુકી જવાની વ્યવસ્થા અને શિફ્ટના ટાઈમમાં વિસંગતતાના કારણે છ અરજીઓને નકારી કાઢવામાં આવી હતી તેમ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.


શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ વર્માએ જણાવ્યું હતું કે વિભાગ વર્ક ફોર્સમાં મહિલાઓની વધુ ભાગીદારીને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેથી નાઈટ શિફ્ટ માટેની અરજીઓમાં વધારો થયો છે. જોકે મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવી જરૂરી છે, તેથી ડોરસ્ટેપ સુધી વાહન વ્યવસ્થા, સીસીટીવી ઈન્સ્ટોલેશન, તબીબી સુવિધાઓ, સલામત શિફ્ટ ટ્રાન્ઝિશન સમય વગેરે માટે અરજીઓની વિગતવાર તપાસ કરવામાં આવે છે.

ગુજરાત સરકારે 2023 માં ફેક્ટરીઓ એક્ટના નિયમોમાં ફેરફાર કર્યો હતો, જેમાં વિવિધ શરતોનું પાલન કરવામાં આવે તો મહિલાઓને નાઈટ શિફ્ટમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. સરકારના સૂત્રોએ જણાવ્યું હતું કે મહિલાઓને નાઈટ શિફ્ટમાં (મધ્યરાત્રિથી સવારે 7 વાગ્યા

...અનુસંધાન પેજ નં. 6 પર

# નમો સરસ્વતી-નમો લક્ષ્મી યોજનામાં બેદરકારી બદલ 35 શાળાઓને નોટિસ






### વિદ્યાર્થીઓને લાભ અપાવતી યોજનાની કામગીરી ન કરવાનો આરોપ

ગુજરાત | વંદન

વિદ્યાર્થીઓને આર્થિક લાભ મળે તેના માટે સરકાર દ્વારા નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજના જાહેર કરવામાં આવેલી છે. પરંતુ કેટલીક શાળાઓમાં આ યોજના અંગે પણ બેદરકારી સામે આવી છે.અમદાવાદની 35 શાળાઓને શિક્ષણાધિકારીએ નોટિસ ફટકારી છે.

નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજનામાં બેદરકારી મુદ્દે પણ નોટિસ ફટકારી છે. વિદ્યાર્થીઓને લાભ અપાવતી યોજનાની કામગીરી ન થતા નોટિસ ફટકારી છે. શાળાઓને નોટિસ આપીને ખુલાસો માગવામાં આવ્યો છે. યોજના વિદ્યાર્થીઓ સુધી તે માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.બીજી તરફ વડોદરાના સાવલીમાં સરસ્વતી સહાય યોજના અંતર્ગત વિતરણ કરવામાં આવતી સાયકલો ધૂળ ખાતી જોવા મળી હતી. આશરે 900 સાયકલો પર 2023નું વર્ષ લખેલું છે. મળતી માહિતી અનુસાર છેલ્લા બે વર્ષથી આ યોજના હેઠળ સમગ્ર સાવલી તાલુકાની ધોરણ નવમાં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ વિતરણ કરવામાં આવ્યું નથી



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009